
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક
રવિશંકર
રાવળ


તંત્રી
બચુભાઈ રાવત



નિશાપતિ અને નિશાચર

લીનોકટ · રસિકલાલ પરીખ

ક્રમ અંક ૩૬૫મો · વર્ષ એકત્રીસમું · અંક પાંચમો · માહે મે · સને ઓગણીસસો ચોપન



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના



અવાજ નહિ, તે ઉંઘે છે!


ગઈ કાલે આ બાળક ત્રાસદાયક ખાંસીથી પીડાતું હતું. આજે ગ્લાયકોડિન ટર્પ વસાકા આપવાથી તેને સંપૂર્ણ રાહત મળી ને હવે તે ઘસઘસાટ ઉંઘે છે.

Alembic

ગ્લાયકોડિન ટર્પ વસાકા

એલેમ્બિક કેમિકલ વર્કસ કું., લિ., વડોદરા, ૩.

EVEREST GTV. 53. 3G



ભરત-ભક્તિ

કલાકાર: લેડી તનુમતિ ચીનુભાઇ

સમયનું સોનું

·ગાન·

હવે એ હાથ રહે ના હેમ.
મળ્યું સમયનું સોનું પરથમ વાવર્યું ફાવ્યું તેમ: હવે૦

બહુ દિન બેસી સિવડાવ્યા બસ કૈં નવરંગી વાઘા,
સાવ રેશમી ભાતભાતના, મહીં રૂપેરી ધાગા,
જેહ મળે તે દીણુ જોવાં વણલીધેલો નેમ: મળ્યું૦

ભરબપોરે ભોજન-ઘેને, નિંદની એ રાતોમાં,
ઘણુંખરું એ એમ ગયું ને કશું કૈં તો વાતોમાં,
પડ્યું પ્રમાદે ક્યાંય થયું તે જાણ્યો યે નાહિ વ્હેમ: મળ્યું૦

કદી કોઇને કાજે નહિ મેં ટટકો યે એ કાપ્યું,
અન્ય શું દેતાં થાય અમૂલખ મૂલ્ય નહીં મેં માપ્યું,
રતી સરીખું અવ રહ્યું એનો ઘાટ ઘડાશે કેમ? મળ્યું૦

પ્રિયકાન્ત મણિયાર

ઇશને

·વસંત·

તું કારમી કવિતણી કરતો કસોટી!
આપી મનુજ સહુને વ્યવહાર કેરો
તું અશ્વ એક પથ જીવનને જવાને!

છે સ્વપ્નસૃષ્ટિ-હય એક કને કવિની
તો યે બીજો દીધ દઇ વ્યવહારનો, ને
એ બેઉની ઉપર તો પગ એકએક
રાખી,
એને જવું જીવનની વસમી જ વાટે!

અમૃત શુકલ

શ્રદ્ધાત્રયી

·પૃથ્વી·

મહેન્દ્રધનુ શો ખીલ્યો વિવિધવર્ણ સંસાર આ!
ખીલેલ પ્રકૃતિ અહીં જનવનોની સંમિશ્રિત!
સમાય સઘળું અહીં; બૃહદ પાત્ર આધાર આ!
પ્રસન્ન વ્યવહાર જોઇ કવિચિત્ત હું હર્ષિત!

અને અવર આ તટસ્થ રહી ના શકે આકળા,
અહીં વિષમતા શકે ન વ્યવહારની માનવી.
મથંત મરજીવિયા રચી જવા જહીં ક્યાં નવી.
મને ઘણું ય માન એ અણુઆહિતા પે મહાદરા.

ત્રીજી અલગ આ જમાન વર્ગ, જોગીઓની જૂની
જરીક સુધરે પ્રથા, પણ ન માનતું રે મન,
જુએ સપનમાં પ્રથાનું પલટાયલું દર્શન,
અશેષ અવતારવા અમરતા, ધિકાવે ધૂણી.

ત્રણે ય લહું સત્ય, એ ત્રણ વિશે ય શ્રદ્ધા મમ,
અનંત ઉર ઊર્ધ્વ આ નિજ રીતે, ન કો આગમ.

ઉશનસ

નાગર

(ઉપજાતિ)

છું હું મહા 'નાગર' તો ય જાણું
ના હું કશો અર્થ 'ભિધાન કેરો.
લાગે મને ખૂબ વિચારતાં કે
આગ્રો મહીં અક્ષર એક નક્કી.

જો 'ના' ન હોતે, 'ગર' કહેત સૌયે,
ને ઝેરથી શું કમ કૈં અમે યે?

'ગ' હોત ના, તો સહુ 'નાર' કહેત,
સ્વભાવ સ્ત્રીથી કમ ક્યાં અમારો?

જો ના 'ર' હોતે, રહી 'નાગ' જાતે,
વાણી મહીં ડંખ અમે ભરી હૈ
ફૂલી જતા ગૌરવથી નકામા.

માટે કહું અક્ષર એક તો છે
આગ્રો નકી 'નાગર' શબ્દ માંહી.

પ્રબોધ જોષી

એક ઉત્તર

· પરંપરિત હરિગીત ·

બેઠા હતા મ્હેમાન એ કૈં કાળથી,
રે બાર વાગ્યા તો ય તે જાતા નહીં.
પૂછ્યું તમે ત્યાં: 'કોણ આવ્યું? કેટલા વાગ્યે અહીં?':
મેં બેઉ પ્રશ્નનો અચાનક એક ઉત્તર દૈ દીધો
કંટાળીને બે અક્ષરે અણજાણતાં: **'લ-પ'**–આ ત્યહીં.*

ગીતા પરીખ

* ચીકણા થઈને બેઠેલા મહેમાન પરત્વે પૂછેલા પ્રશ્નના આ ઉત્તરમાં અક્ષરોના ઉચ્ચારનો નહિ પણ આકારનો શ્લેષ છે. 'લ'ની આકૃતિ 'સવાનવ' જેવી અને 'પ'ની આકૃતિ 'પાંચડા' જેવી હોવાથી, એ એક જ શબ્દમાં બંને પ્રશ્નોના ઉત્તર આપી દીધા: (૧) લપ (૨) સવા નવ ને પાંચે.

કવિતા (અનિયતકાલિક પ્રકાશનશ્રેણી)નો છઠ્ઠો મણકો તૈયાર થાય છે. આવતા માસ(જૂન)ની શરૂઆત લગભગ બહાર પડવા સંભવ છે.

POISONOUS AND NON-POISONOUS SNAKES OF INDIA




FIG. 1.—Belly of *Typhlops* FIG. 2.—Belly of *Hipistes hydrinus* FIG. 3.—Belly of Russell's viper
FIG. 4.—Back of *Bungarus* sp. (kraits) FIG. 5.—Head of *Vipera lebetina* FIG. 6.—Head of *Ancistrodon*
FIG. 7.—Head of *Ancistrodon himalayanus* FIG. 8.—Head of *Naja tripudians* (common cobra) FIG. 9.—Chin shields of *Bungarus caeruleus*
FIG. 10.—Head (dorsal and lateral view) of family *Colubridæ*

સાપ-સવિષ કે નિર્વિષ

દર વર્ષે પૃથ્વી પર એક લાખથી યે વધુ માણસો સર્પદંશથી મરણ પામે છે. આમાં, દેશી રાજ્યો બાદ કરતાં એકલા અવિભક્ત હિંદમાં જ દર વર્ષે ૨૦-૨૫ હજાર માણસોનાં સર્પદંશથી થએલાં મરણો નોંધાયાં છે. એટલે રોજના સરેરાશ સો માણસો સાપ કરડવાથી મરે છે. આમ પૃથ્વી પરનું ચોથા ભાગનું મરણપ્રમાણ દેશીરાજ્યો સિવાયના હિંદમાં જ થાય છે. ¶ ભારતમાં નાગ, કાળોતરો, કે મણિયાર ચીતળ, ફુરસા ને કંઇક પ્રમાણમાં રંગબેરંગી પાતળા સર્પો જ એવા ઝેરી છે કે જેમનાથી મરણ નીપજે. અત્યંત ભયંકર દેખાતી ચામણ, અજગર, મીઠા પાણીના સાપ, ફેડિયો યા વરુસર્પ વગેરે લઇ, ફૂફાડા મારતા ને સામા ધસી આવતા સર્પો હોવા છતાં તેમના માથામાં ઝેરની થેલી ને મોમાં તે ટોચવાની દાઢ હોતાં નથી. ¶ સાપના શરીર ઉપર ભીંગડાંનું આચ્છાદન હોય છે. એ બે જાતનાં હોય છે: (૧) વિભક્ત અને (૨) એક પર એક ચડેલાં. માથા પરનાં ભીંગડાંને ઢાલ કે કવચ (Shield) અને શરીર પરનાંને ભીંગડાં (Scales) કહે છે. સાપનાં શરીર ઉપરનાં ભીંગડા અને પેટનાં ચક્કરની યોજના તે ઝેરી છે કે બિનઝેરી તે ઓળખવા માટે બહુ જ મદદરૂપ થઈ પડે છે. ભીંગડાંની આ રચના પરથી કર્નલ વૉલે તૈયાર કરેલો સવિષ અને નિર્વિષ સર્પ ઓળખવાનો એક કોઠો પૃષ્ઠ ૨૦૬ ઉપર આપ્યો છે, એ ઉપરાંત અહીં આપેલાં ચિત્રો પણ મદદરૂપ થઇ શકશે. આકૃતિ ૧ અને ૨ માં અનુક્રમે પીઠ પરનાં ભીંગડાં અને પેટાળમાં દેખાતા આડા પટા જેને છેડે એ જ ભીંગડાની હારો દેખાડી છે. આંધળી ચાકણ જેવા નિર્વિષ સાપની એ નિશાની છે. આકૃતિ ૩માં પેટાળમાં કેવળ આડા પટ્ટાઓ જ દેખાય છે. આવા પેટાળ વાળા સાપ સવિષ કે નિર્વિષ હોઈ શકે. એવા દાખલામાં સાપના માથાની રચના જોવી. આકૃતિ ૪ મુજબ પીઠ પરનાં ભીંગડાંમાં વચલી હાર આવી મોટી હોય અને આકૃતિ ૯ મુજબ મોંની નીચેની બાજુએ ચોથું ભીંગડું સૌથી મોટું હોય તો એ મણિયાર કે કાળોતરો સાપ હોઈ અચૂક ઝેરી હોય છે. આકૃતિ ૫માંનાં જેવાં નાનાં ભીંગડાંવાળા માથાવાળો સાપ ઝેરી હોય છે. આકૃતિ ૬ અને ૭માં હિમાલયમાં જ થતા જરાયુજ એટલે કે કણા રૂપે જ ઉત્પન્ન થતા સાપના મોનું આલેખન છે. આકૃતિ ૭ મુજબ મોંને બાજુએથી જોતાં જો આવો ખાડો (Pit) જોવા મળે તો એ ચીતળના વર્ગનો ઝેરી સાપ સમજવો અથવા આકૃતિ ૮ મુજબ ત્રીજું ભીંગડું નાક અને આંખને અડકતું હોય તો એ નાગ-જાતનો ઝેરી સાપ છે. આકૃતિ ૧૦. આવા માથાવાળો સાપ નિર્વિષ કે સવિષ હોઇ શકે. એના નિર્ણય માટે તેના મોં પર આકૃતિ ૬ અને ૭ની નિશાનીઓ જોવી. જો આકૃતિ ૭-૮ ને ૯ જેવી નિશાનીઓ ન હોય તો એ બિનઝેરી સાપ માનવો. પરંતુ ભીંગડાંની આ પરીક્ષા તો ફક્ત સાપ જ્યારે હાથ ચડયો હોય ત્યારે જ થઈ શકે. એથી યે તેના ઝેરી-બિનઝેરીપણાના નિર્ણયમાં મુશ્કેલી નડે. ત્યારે આટલી બાબતો ધ્યાનમાં રાખવી. ઝેરી સાપનું કરડેલું કદી પણ બેભાન થતું નથી. તદ્દન બેભાન થઈ જવાનું કારણ કેવળ ભય જ છે. ઝેરી સાપ કરડયા પછી દસ જ મિનિટમાં તેની અસર શરૂ થઇ જાય છે. જો કોઇ પણ માણસ ખૂબ ધમપછાડા કરે, કે સનેપાત જેવાં ચિહ્નો જણાય તો તે પણ ઝેરને લીધે નહિ, પરંતુ ડરને લીધે જ થવા પામે છે એ જાણવું. એ વિષે 'ચરક' કહે છે કે, "વિષની શંકાને લીધે પણ ઝેરની લહેરો, તાવ, ઊલટી, મૂર્છા, દાહ, ગ્લાનિ, મોહ, ઝાડા વગેરે થાય છે. આને 'શંકાવિષ' કહે છે." આ ઉપરાંત, (૧) સામાન્ય રીતે ઝેરી સાપ કરડયો છે કે નહીં તે નક્કી કરવા માટે તે વ્યક્તિને તુરત જ લીમડો ચવડાવવામાં આવે છે. તે જ પ્રમાણે મરચાં ને મીઠું પણ અપાય છે. એ ત્રણેય વસ્તુઓના સ્વાભાવિક સ્વાદ ન લાગતાં તેની વિરુદ્ધ સ્વાદ લાગે તેને સાપનું ઝેર ચડયું છે એમ સમજવું; (૨) કાળી માટી ખાવા આપવી. જો તે તીખી લાગે તો સાપનો દંશ જાણવો અને ગળી લાગે તો ઝેરી ઉંદર કરડયો જાણવો; (૩) કરમદીનાં મૂળ પાણીમાં ઘસી થોડાં પાઇ જોવાં. જો ઝેરી દંશ હશે તો ઊલટી નહિ થાય અને નહિ તો ઊલટી થશે; (૪) નાગરવેલનું એક પાન દંશ પર દાબી રાખવું. જો ઝેરી સાપનો દંશ હશે તો તે પાન ઉપર દંશ જેટલું જ અગ્નિથી શેકયા જેવું ચાઠું કે ડાઘ પડશે. દંશ બિનઝેરી સર્પનો હોય તો એવો ડાઘ નહીં પડે. એ ડાઘ ઝેરને લીધે જ પડે છે.

આના મારી ગ્રિપમન બાળ-ફોટોગ્રાફીનાં સાધક જગત્ખ્યાત કલાકાર

લેખક : લેફ્‌. કર્નલ બલવન્ત ભટ્ટ

સૈકાજૂની પરવશતા પછી સ્વતંત્ર ભારતને અનેક ક્ષેત્રોમાં જગતના બીજા દેશો સાથે સંપર્ક સાધીને, નવુંનવું જોવા-શીખવાની અને પરદેશીઓ સાથે સમાનતાની ભૂમિકાએ ઊભા રહી સંસ્કાર-વિનિમય સાધવાની ઉત્કંઠા જાગી. પરિણામે પ્રત્યેક ક્ષેત્રમાં જાગૃતિ, ઉત્સાહ અને પ્રવૃત્તિઓની હલચલ મચી. આવી જ એક પ્રવૃત્તિ હેઠળ દિલ્હીની કૅમેરા સોસાએટીએ ભારતના પાટનગરમાં પ્રથમ આન્તરરાષ્ટ્રીય ફોટોકલા પ્રદર્શન ૧૯૫૩ના સપ્ટેમ્બર માસમાં યોજેલું. જેનો આછો પરિચય 'કુમાર'ના વાચકોને 'આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફી' નામક લેખમાં આ લેખકે આપેલો. (જુઓ કુમાર અંક ૩૫૮.) એમાં દુનિયાના ચુનંદા ફોટોકલાકારોની કૃતિઓ જોવાનો લોકોને લાભ મળ્યો અને કેટલાક અગ્રગણ્ય ફોટોગ્રાફરો સાથે પત્ર-પરિચય સધાયો. તે પ્રદર્શનમાં બાળકના સુંદર અને વિશિષ્ટ કલાદૃષ્ટિથી લીધેલા ફોટો ચિત્ર 'ભાવતું ભોજન' માટે શ્રીમતી આના મારી ગ્રિપમનને 'સિલ્વર પ્લૅક' આપવામાં આવેલો. એમની કલા પ્રત્યેનાં માન ને આકર્ષણથી પ્રેરાઈ એમને ભારત આવવાનું આમંત્રણ આપવામાં આવ્યું. એની સાથોસાથ એમનાં જ ચિત્રોનું 'એક-વ્યક્તિ-પ્રદર્શન' યોજવાનો પણ પ્રસ્તાવ મુકાયો. કલાઉપાસક શ્રીમતી આના મારીએ આ બંને પ્રસ્તાવોને, એની પાછળનાં ખર્ચ અગવડો કે સમયના વ્યયના વિચાર ન કરતાં, સહર્ષ વધાવી લીધા. એક પરદેશી અને એકલીઅટૂલી, ભાંગ્યું-તૂટ્યું અંગ્રેજી બોલનાર સ્ત્રી માટે ભાષાનો પ્રશ્ન અહીં સૌથી વિકટ હતો; પરંતુ શ્રીમતી ગ્રિપમને આ બધી મુશ્કેલીઓનો સાચા ખેલાડીની અદાથી માત્ર કલાની સાધના અર્થે જ આનંદથી સામનો કર્યો.



શ્રીમતી આના મારી ગ્રિપમન તથા પુત્ર ઈન્ગ્રેમાર

૧૯૪૯માં ફોટોગ્રાફીની આલમમાં અચાનક એક તારો ઝળક્યો. એ વર્ષે બૅંગલોરમાં ભરાએલા આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફી પ્રદર્શનમાં શ્રીમતી ગ્રિપમનને પહેલું ઇનામ આપી હિંદે એમની પ્રથમ કિંમત આંકી. તે પ્રદર્શનમાં જ એમણે પહેલી વાર પોતાના ફોટોગ્રાફ મોકલેલા. બસ, તે દિવસથી એમની ખ્યાતિ ઉત્તરોત્તર વધતી ચાલી. દેશદેશનાં પ્રદર્શનોમાં બાળકોની હૂબહૂ તસ્વીરો માટે ઉપરાઉપરી એમના પર ઇનામોની ઝડી વર્ષી. આજ સુધીમાં તેમણે ૪૦ ઉપરાંત સોના-ચાંદીના પ્લૅક જીત્યા છે.

આના મારી નિરભિમાન, સરળ, હસમુખી અને બાળક જેવી તરલ છતાં ખૂબ જ વિચારશીલ, લાગણીપ્રધાન, સહૃદયી ને વ્યવહારુ સ્ત્રી છે. એના નમ્ર અને મીઠા સ્વભાવથી એની કલા ઓર દીપી નીકળે છે. તે કહે છે: 'મારામાં બીજી ગમે તેટલી ઊણપો ભલે હોય, પણ હું પ્રામાણિક છું. અને સાચું જ કહું છું કે મને કોઈનાં સૌન્દર્ય કે સમૃદ્ધિની જરા યે અદેખાઈ આવતી નથી, પરંતુ કોઈ સુંદર ફોટો-કૃતિ જોઉં છું ત્યારે એના સર્જકની શક્તિની મને જરૂર ઈર્ષા થાય છે. થાય છે કે હું પણ એવાં સુંદર ચિત્રો લઇ શકતી હોત તો?' પરંતુ આમાં તો માત્ર એમનો નિરભિમાની સ્વભાવ જ વ્યક્ત થાય છે. એમનાં ચિત્રો કે એમનું પ્રદર્શન જોવાનો જે કોઇને લાભ મળ્યો હશે તે તો સમજી શકશે કે એમનાં એ પરાણે વહાલાં લાગી જાય એવાં 'હાઈ કી'-(high key) ટેકનિકથી લેવાએલાં ભુલકાંઓ, એમની મૌલિક અને આગવી કલાના એકએકથી ચડિયાતા સજીવ નમૂના મનને કટલું પ્રફુલ્લિત કરી મૂકે છે!

શ્રીમતી ગ્રિપમન સ્વીડનનાં મશહૂર અને અગ્રગણ્ય ફોટોગ્રાફર છે. ગોટબર્ગ Gothenburg શહેરમાં એમનો સ્ટુડિયો છે. એમના હાથ નીચે પાંચ મદદનીશ કામ કરે છે. એ પ્રત્યેકને તે ૬૦૦ સ્વીડિશ ક્રાઉન (એક સ્વીડિશ ક્રાઉન આપણા એક રૂપિયા બરાબર થાય છે) માસિક પગાર આપે છે. દર મહિને સરેરાશ ૨૦૦૦ સ્ત્રીપુરુષો અને બાળકો પોતાની તસ્વીર લેવડાવવા તેમના સ્ટુડિયો પર પડાપડી કરે

છે. કોક કોક શનિવારની સાંજે તો ૧૦૦ જેટલી વ્યક્તિઓની છબિઓ એ લે છે. આજે એની ચોખ્ખી વાર્ષિક આવક રૂ. ૩૦,૦૦૦ નાં આસપાસ છે. સામાન્યરીતે તે ૧૮×૨૪ સેન્ટીમીટરના પોર્ટ્રેટની એક નકલના ૪૫ રૂપિયા લે છે. ગૉટબર્ગથી ૩૦ માઈલ પર આવેલા આલિંગ્સાસ (Alingsas) ગામડામાં પોતાની માલિકીના બંગલામાં તે પુત્ર ઈન્ગેમાર સાથે રહે છે અને સ્વીડનની કડકડતી ઠંડી તેમજ બરફ જામી ગએલા રસ્તાઓ ઉપર રોજની ૬૦ માઈલની મજલ પોતાની મોટરમાં કાપી, ગૉટબર્ગનો સ્ટૂડિયો ચલાવે છે. સામાન્યતઃ સવારના દસથી સાંજના છ સુધીની કામગીરી તો હોય જ. પણ કેટલીક વાર ઘરાકોના વધુ ધસારો અને કામના વધુ દબાણના પ્રસંગોએ રાતના બાર અને બબ્બે વાગ્યા સુધી તેઓ સ્ટૂડિયોમા જ વ્યસ્ત રહે છે. આ બધી કીર્તિ અને સમૃદ્ધિ પાછળ એમની અનોખી પ્રતિભા, અથાગ પરિશ્રમ અને સાચી કલા-ઉપાસના રહેલાં છે. પચીસ પચીસ વર્ષની તપશ્ચર્યાને અંતે એમને આ સિદ્ધિ વરી છે.

શ્રીમતી ગ્રિપમનના પિતા ઍન્ડરસન ફૉકનબર્ગ Falkenbugમાં લોટ દળવાની નાની શી ઘંટી ચલાવી પોતાના કુટુંબનો નિર્વાહ કરતા. ઍન્ડરસનનાં ચાર બાળકોમાં બીજી પુત્રીનું નામ આના. પિતાને ધંધામાં ખાસ રસ ન હતો. તેમનું હૃદય કવિનું હતું અને ઘણોખરો સમય તેઓ કાવ્યવાચનમાં ગાળતા. આનામાં કલાનો રસ ક્યાંથી જન્મ્યો તે કહેવું મુશ્કેલ છે, પરંતુ કદાચ પિતાનો વારસો હોય.

૧૯ વર્ષની ઉંમરે આનાએ મૅટ્રિક જેટલો અભ્યાસ પૂરો કર્યો. આગળ અભ્યાસ માટે ખર્ચ કરવાની પિતાએ અશક્તિ દર્શાવી. કોઈ ઉદ્યોગ શીખવાના વિચાર મનમાં ઘોળાતા, પણ શું કરવું તેની સૂઝ ન પડે. કોઈ માર્ગદર્શક નહિ. એ અરસામાં આનાએ વૉરહોમ(Warholm)ના એક ફોટોગ્રાફરની જાહેરાત વાંચી ફોટોગ્રાફી શીખવાનો નિર્ણય કર્યો. વૉરહોમમાં ઍપ્રેન્ટાઈસ (શિખાઉ) તરીકેના એક વર્ષમાં આનાએ ફોટોગ્રાફીનું ભાંગ્યુંતૂટ્યું જ્ઞાન મેળવ્યું. વધારે સમય શીખવા માટે આર્થિક જોગવાઈ નહિ હોવાથી પિતાએ જલ્દી નોકરી શોધી લેવાનો આગ્રહ કર્યો. એવામાં આનીઆલ (Anial) નામના બીજા ગામમાં એક ફોટોગ્રાફરના મદદનીશની તેમને નોકરી મળી. રહેવા-ખાવાની જોગવાઈ સાથે માસિક રૂ. ૨૫ નો પગાર મળતો. આ સાલ હતી ૧૯૩૦ની. છ મહિના બાદ ફૉકોપિંગ (Falkoping)-માં એથી જરા સારી નોકરી મળતાં તેમણે આનીઆલ છોડ્યું. લગભગ બે વર્ષ બાદ પોતાના જ ગામ ફૉકનબર્ગના એક સ્ટૂડિયોમાં મદદનીશની જગા એમણે લીધી. આમ ચાર વર્ષ જુદાંજુદાં ગામોમાં અભ્યાસ અને નોકરી અર્થે ગાળીને ૧૯૩૩માં તે પોતાને ગામ પાછાં ફર્યાં. તે સમયે તેમની ઉંમર ત્રેવીસ વર્ષની હતી. એક વર્ષ પછી તે જ ગામમાં એમણે પોતાનો સ્વતંત્ર સ્ટૂડિયો સ્થાપ્યો. અહીં જ તેમની કલા વિકસી અને તેમની ઉન્નતિ થતી ચાલી.

૧૯૩૩ના ઑક્ટોબરમાં એક મિત્રને ઘેર સાંજના ખાણા પર આના મારીને એમના પતિ ગસ્તાસન(Gustafson)ની ઓળખાણ થઈ. પહેલી જ મુલાકાતે તેઓ એકબીજાના પ્રેમમાં પડ્યાં. ગસ્તાસન પણ એક ફોટોગ્રાફર હતા અને કોડાક કંપનીની ગૉટબર્ગ શાખામાં કામ કરતા હતા. ફરી તેઓ ૧૯૩૪ના ફેબ્રુઆરી અને એપ્રિલમાં એક-બે વાર મળ્યાં અને લગ્ન કરવાનું ઠરાવ્યું. અને એ જ સાલના મે માસમાં આના મારીએ ગસ્તાસન સાથે લગ્ન કર્યું. લગ્ન બાદ બે વર્ષમાં જ સ્ટૂડિયોની ખ્યાતિ એટલી બધી વધી કે ફૉકનબર્ગનું મર્યાદિત ક્ષેત્ર છોડી તેમણે ૧૯૩૬માં ગૉટબર્ગના વિશાળ ક્ષેત્રમાં પોતાનો સ્ટૂડિયો જમાવ્યો. એક વર્ષ પછી 'ઈન્ગેમાર'નો જન્મ થયો. આમ આનાનું ગૃહજીવન હરિયાળું બન્યું. પરંતુ આત્મભોગ વિના તપ ક્યાંથી? અને તપ વિના સિદ્ધિ ક્યાંથી? જીવનમાં વ્યાપી ગએલી ચરમ સિદ્ધિની તમન્નાને સંસારી જીવનની દીવાલોમાં કલાનો વિકાસ રૂંધાતો લાગ્યો અને દારુણ મનોમંથન પછી પ્રેમાળ પતિના પત્નીત્વનું એમણે વિસર્જન કર્યું. માતૃત્વનો ભાર એકલે હાથે ઉઠાવી લેવાનું અને આજીવન સહન કરવાનું ઠરાવી, માત્ર એક વર્ષના ઈન્ગેમારને લઈને આના પતિથી છૂટી પડી. પિતા અને પતિનું નામ તજી એણે 'ગ્રિપમન'નું નામ ધારણ કર્યું કે જે આજે ફોટોગ્રાફીની આલમમાં મોખરે છે.

લગ્નવિચ્છેદને આજ પંદર પંદર વર્ષ વીતી ગયાં છતાં ગસ્તાસન અને આના બે મિત્રો છે. અનેકવાર તેઓ મળે છે ને એકબીજાને મદદ કરે છે. ગસ્તાસન ગ્રિપમનના પ્રકાશન-મૅનેજર તરીકે પ્રેમસેવા આપે છે અને પ્રદર્શનોની બધી ગોઠવણ તેના જ હસ્તક હોય છે. આનાને તેની ચોકસાઈ અને સૌન્દર્યના ખયાલો માટે ઘણું માન છે. ગસ્તાસનના અંતરને પૂછીએ તો તે જરૂર કહેશે કે આના સાથે ફરી લગ્ન કરવા તે હજુ યે પહેલાં જેટલો જ ઉત્સુક છે.

માનવીના ફોટોગ્રાફને અંગ્રેજીમાં 'પોર્ટ્રેટ' કહે છે. ડિક્ષનેરી પ્રમાણે તેનો અર્થ થાય છે 'માનવીની ખાસ કરીને તેના ચહેરાની કલામય પ્રતિકૃતિ'; પરંતુ એટલાથી જ આધુનિક પોર્ટ્રેટ-કલાનો ભાગ્યે જ ખયાલ આવે. નજીકથી લેવાએલો ચહેરો, માથું અને ખભા, અથવા તો આખા શરીરની તસ્વીરનો પણ આજકાલ પોર્ટ્રેટમાં સમાવેશ થાય છે. જેમાંથી સૌન્દર્ય સ્રવતું હોય, માણસાઈ નીતરતી હોય, ઇર્ષાની આગ ઝરતી હોય અગર પવિત્રતાની સુવાસ ફેલાતી હોય કે વ્યક્તિનું વ્યક્તિત્વ ઊપસી આવતું હોય એવા ફોટોગ્રાફને સાચું પોર્ટ્રેટ કહેવાય. આ પ્રકારનાં તલસ્પર્શી અને ભાવવાહી પોર્ટ્રેટ લેવા માટે ફોટોગ્રાફરે પોતાના વિષય સાથે તન્મય બનવું પડે છે. તે વખતે સારી દુનિયા એ લક્ષ્યમાં સમાઈ જવી જોઈએ. ફોટોગ્રાફરે મનોવિજ્ઞાનશાસ્ત્રી પણ બનવું પડે છે. શ્રીમતી ગ્રિપમન આ ધોરણે પોર્ટ્રેટ લેતાં હોવાથી તેમનાં સર્જનોમાં મૌલિકતા અને હૂબહૂપણું ઉપર તરી આવે છે.

બાળ-ફોટોગ્રાફી વિશારદ શ્રી ગ્રિપમન પોતાના અનુભવો જણાવતાં કહે છે કે બાળકની ફોટોગ્રાફી કરનારમાં બાળપ્રેમ ખૂબ જ આવશ્યક છે. પોતે બાળકની જેમ તેની સાથે રમે છે, વાતો કરે છે ને બાળકની આંખ સામે બાળજગત ઊભું કરે છે. બાળક ભૂલી જાય છે કે પોતે સ્ટૂડિયોમાં છબિ લેવડાવવા આવેલ છે. બાળકોને આનંદી વાતાવરણ ગમે છે અને ઘૂવડ જેવાં ડાહ્યાંડમરાં મોટેરાંઓથી તેઓ ડરે છે. માટે ફોટોગ્રાફરે આનંદી રહેવું એટલું જ બસ નથી પરંતુ તેણે બાળકો સાથે અંતરનો સંબંધ બાંધવો જોઈએ. એક વાર ફોટોગ્રાફ લેતાં પહેલાં પોતાની અનોખી ટેવ મુજબ શ્રી ગ્રિપમન ચારપાંચ વર્ષના એક બાળક સાથે એવાં તો વાતોએ વળગ્યાં કે પેલું બાળક પોતે સ્ટૂડિયોમાં છે તે ભૂલી સહસા બોલી ઊઠ્યુ 'તમે મોટાં થઈને શું કરશો!' આ બતાવી આપે છે કે જ્યારે ફોટો પડાવનાર વ્યક્તિના સ્વપણાનું વિસ્મરણ કરાવી શકાય છે ત્યારે જ એના કુદરતી ભાવો બહાર આવે છે અને વ્યક્તિત્વથી નીતરતાં ચિત્રો ઝડપી શકાય છે. એ માટેની અખૂટ ધીરજ શ્રી ગ્રિપમનમાં છે અને એ જ એમનાં ભાવવાહી ચિત્રોની ચાવી છે. બાળકોના ન કલ્પી શકાય એવા અને એટલા વિવિધ ભાવો એમણે ઝડપ્યા છે. રડતાં, બગાસું ખાતાં, મિજાજ કરતાં, મોંના રમૂજી ચાળા કરતાં અને ટીખળી હાસ્ય વેરતાં કેટલાં યે બાળકોને ચિત્રો દ્વારા એમણે મનોહર અને અમર બનાવ્યાં છે. શ્રીમતી ગ્રિપમનનું કલાનું સાચું હાર્દ શબ્દોથી સમજાવી શકાય એમ નથી. એ માટે તો એમનાં ચિત્રો પ્રત્યક્ષ જોવાં જોઈએ.

(અનુસંધાન પૃ. ૧૯૪મે)

વાયવ્ય સરહદ પરના લુટારુ અફ્રિદીઓ વચ્ચેના લશ્કરી જીવનની એક રોમાંચક કથા

ફાતિહા

શ્રી પ્રેમચંદજીની હિંદી વાર્તા પરથી અનુવાદક: **કિસનસિંહ ચાવડા**

સરકારી અનાથાલયમાંથી નીકળીને હું સીધો જ લશ્કરમાં જોડાયો. મારું શરીર સુદૃઢ ને નીરોગી હતું. ઊંચાઇ પૂરા સાડા છ ફૂટ હતી. હું લશ્કરમાં દાખલ થયો ત્યારથી મારા કિસ્મતે પણ પલટો લીધો. મારે હાથે કેટલાંક કામો એવાં થયાં જેથી પ્રતિષ્ઠાની સાથે મારી બઢતી પણ થઈ. પલટનના મેજર સરદાર હિંમતસિંહનો તો મેં એક વખત જાન બચાવેલો, એટલે એમની તો મારા ઉપર ખૂબ કૃપા હતી.

મને મારાં માબાપની ખબર નથી. એમની સ્મૃતિ પણ નથી. જ્યારે જ્યારે હું એ પ્રશ્ન ઉપર વિચાર કરવા બેસુ છું ત્યારે માત્ર કેટલાંક ઝાંખાં દશ્યો દેખાય છે: મોટામોટા પહાડોની વચ્ચે વસતું કોઈ એક કુટુંબ અને એક સ્ત્રીનું મુખ. એ મુખ કદાચ મારી જનેતાનું હશે. પેશાવરના પહાડોની વચ્ચે મારું પાલનપોષણ થયું છે. હિમાલયનાં હવાપાણીથી મારું બદન બંધાયું છે અને સરહદ ઉપર રહેતા અફ્રિદી, ગિલજાઈ અને મહસૂદી વગેરે પહાડી જાતિના લોકો જેવો જ હું બરડ ને કસાએલો છું. મારા અને એમના જીવનમાં એક માત્ર સંસ્કારનું જ અંતર છે. પરંતુ મારી આકૃતિ તો સરહદી પુરુષને મળતી જ આવે છે. ક્યારેક મારા મનમાં એવી પ્રબળ ઇચ્છા જાગતી કે હું સ્વચ્છંદી બનીને પહાડોમાં ચાલ્યો જાઉં; પણ આજીવિકાનો પ્રશ્ન મને દબાવી દેતો. એ સૂકા દેશમાં ખાવાનાં સાંસાં. ત્યાંના લોકો એક રોટલાને કાજે માણસની હત્યા કરી નાખે; એક કપડાને માટે મુડદાની લાશને ચીરી ફાડી નાખે; એક બંદૂકને વાસ્તે આખી સરકારી ફોજ પર છાપો મારે. ઉપરાંત એ જંગલી જાતિનો એકેએક માણસ મને પિછાનતો હતો ને મારા લોહીનો તરસ્યો હતો. હું જો એમને હાથ પડું તો મારું નામનિશાન આ દુનિયામાંથી ભૂંસી નાખે. કોણ જાણે કેટલાયે અફ્રિદીઓ અને ગિલજાઇઓને મેં ઝબ્બે કર્યા હતા; કેટલાયને પકડીપકડીને સરકારી કેદખાના ભેગા ક્યાં હતા.

એક દિવસ હું સરદાર હિંમતસિંહના ઘર તરફ જતો હતો. બપોરના બેએક વાગ્યા હશે. આજકાલ લશ્કરી કામગીરી બંધ હતી અને અમે નિરાંતે રોજટપ્પાંમાં દિવસો ગુજારતા હતા. બેસીબેસીને કંટાળ્યો હતો એટલે જરા મન મોકળું કરવા સરદાર સાહેબના ઘર તરફનો રસ્તો લીધો. પરંતુ રસ્તામાં જ એક દુર્ઘટના બની ગઈ.



'તુરિયા, હવે બાજી બદલાઈ ગઈ છે; તારો જાન હવે મારી મુઠ્ઠીમાં છે.'

બે હિંદુસ્તાની જુવાનોને ફાડી ખાય એવો એક બુઢ્ઢો અફ્રિદી એક લશ્કરી જુવાનની સાથે બાથંબાથ આવ્યો હતો. હજી હું પહોંચું તે પહેલાં તો જોતજોતાંમાં એણે પોતાની કમ્મરેથી પાણીદાર છરો કાઢી પેલા જુવાનના કાળજામાં હુલાવી દીધો! એ જુવાનની પાસે એક કારતૂસી બંદૂક હતી એની આ બધી મારામારી હતી. આંખના પલકારામાં તો પેલો જુવાન રહેંસાઈ ગયો ને બુઢ્ઢો બંદૂક લઈ નાઠો. હું એની પૂંઠે પડ્યો. આખરે સરહદ પર પહોંચતાં અમારી વચ્ચે વીસેક હાથનું છેટું રહ્યું. એણે પાછા ફરીને જોયું તો હું એકલો જ એની પૂંઠે પડ્યો હતો. તરત એણે બંદૂક મારી સામે તાકી. સમયસૂચકતા વાપરીને હું એ જ ક્ષણે જમીન પર સૂઈ ગયો અને ગોળી પાછળના એક પથ્થરમાં જઈ ચોંટી! એને લાગ્યું કે હું ગોળીનો શિકાર બની ગયો. ધીમેધીમે સાવચેતીથી એ મારી પાસે આવ્યો. હું તો શ્વાસ દાબીને પડી જ રહ્યો. જોયું કે એ બરાબર મારી પાસે આવી પહોંચ્યો છે કે તરત વાઘની પેઠે છલંગ મારીને મેં એની ગરદન પકડી લીધી ને એને જમીન પર પછાડ્યો. એના એ જ તેજસ્વી છરો એની કમ્મરેથી ખેંચી એના જ પેટમાં રમતો કરી દીધો. અફ્રિદીની જીવનલીલા સમાપ્ત થઈ ગઈ.

એટલામાં મારી પલટનના કેટલાક માણસો આવી પહોંચ્યા. ચારે તરફથી લોકો મારી વાહવાહ કરવા લાગ્યા. હજી સુધી મારું મગજ ઠેકાણે ન હતું. હવે હું ભાનમાં આવ્યો. કોણ જાણે કેમ પણ પેલા બુઢ્ઢાને જોઇને મને ગભરા-

મણ છૂટી. આજ સુધી કેટલા ય અક્રિદીઓને ઘરલોક પરલોક પહોંચાડયા હતા, પણ આવો ગભરાટ મને ક્યારે ય થયો ન હતો. હું નીચે બેસી ગયો અને પેલા બુઢ્ઢા તરફ તાકીતાકીને જોવા લાગ્યો. પલટનના જુવાનો મને ઘાયલ જાણીને સવાલ પર સવાલ પૂછવા લાગ્યા. ધીરેધીરે હું ઊઠયો ને ચુપચાપ શહેર તરફ ચાલવા માંડયું. સિપાઈઓ મારી પાછળ જ પેલા બુઢ્ઢાની લાશ ઘસડતા આવ્યા. શહેરીઓએ મને શાબાશીથી વધાવી લીધો. હું તો છાનોમાનો સરદાર હિંમતસિંહના ઘરમાં પહોંચી ગયો. મને જોઇને એમણે કહ્યું. 'કેમ, પેલાને પૂરો કર્યો ?'

'જી હા, પણ કોણ જાણે કેમ જરા કાયર થઈ ગયો છું.'

સરદાર આશ્ચર્યથી પોકારી ઊઠયા : 'આસદખાં અને કાયર!' મેં કહ્યું. 'સરદાર સાહેબ, ખબર નથી પડતી. પણ મારું દિલ ગભરાય છે.' સરદાર સાહેબ ઊઠીને મારી પાસે આવ્યા અને વાત્સલ્યથી પીઠ પર હાથ ફેરવીને કહ્યું, 'અસદ, તમે ખૂબ દોડવાથી થાકી ગયા છો; બીજું કંઇ નથી. ચાલો છજામાં બેસીએ. સાંજનો ઠંડો પવન તાઝગી આપશે.'

અમે બંને છજામાં જઈ ખુરશીઓ પર બેઠા. શહેરના ચોતરા પર પેલી લાશ મૂકી હતી અને એની ચારે બાજુ માણસોની ઠઠ જામી હતી. છજામાં મને બેઠેલો જોઈને લોકો મારા તરફ આંગળી ચીંધવા લાગ્યા. સરદાર સાહેબે આ જોઇને કહ્યું, 'જુઓ, લોકો કેટલા માનથી તમને જુએ છે. તમારી દિલેરીને અહીંનું બાળક પણ પૂજે છે અને તમે કહો છો કે હું કાયર થઇ ગયો છું!' મેં હસીને કહ્યું, 'જ્યારથી મેં આ બુઢ્ઢાને માર્યો છે ત્યારથી મારું દિલ મને ધિક્કારે છે.'

સરદાર સાહેબે પણ હસી કહ્યું, 'કારણ કે તમે પોતાનાથી નિર્બળને માર્યો છે!' મેં અંતરની આગ દાબીને કહ્યું, 'કદાચ એવું પણ હોય.'

આ જ વખતે એક અક્રિદી રમણી ધીરેધીરે આવીને સરદાર સાહેબના મકાનની સામે ઊભી રહી. એને જોતાંવેંત જ એકાએક સરદાર સાહેબ લેવાઈ ગયા. એમની ભયભીત દૃષ્ટિ ત્યાંથી ખસીને મારા ઉપર ઠરી. હું આશ્ચર્યથી એમની સામે જોઈ રહ્યો. એ રમણીના જેવું સુદૃઢ અને પ્રમાણસર શરીર તો મરદોનું પણ નથી હોતું. એણે ખાખી રંગનો જાડો ડ્રેસ અને નીલા રંગનું મોટું કુડતું પહેર્યું હતું. બલુચી સ્ત્રીઓની જેમ માથે રૂમાલ વીંટયો હતો. એનો રંગ ચંપાઈ હતો ને યૌવન જોર કરીકરીને બહાર નીકળી પડતું હતું. ભયભીત કરી દે એટલી કરડાકીભરી એની આંખો હતી. રમણીની આંખો સરદાર સાહેબ તરફથી ખસીને મારા ઉપર ઠરી અને મારો ભય વધ્યો. પાછું એણે સરદાર સાહેબ સામે જોયું અને જમીન પર થૂંકી. પછી મારા તરફ તાકતીતાકતી ચાલી ગઇ.

એને જતી જોઈને સરદારના જીવમાં જીવ આવ્યો. મારા માથા પરથી પણ જાણે બોજો હટી ગયો હોય એમ લાગ્યું.

મેં સરદાર સાહેબને પૂછ્યું, 'તમે એને ઓળખો છો ?'

લાંબો શ્વાસ લઈ તેમણે કહ્યું, 'હા; ઘણી સારી રીતે. એક સમય એવો હતો જ્યારે એ મારે ખાતર જાન આપતી હતી. પોતાના જીવને જોખમે એણે મારો જીવ બચાવ્યો હતો. પણ હવે તો મારું મોં પણ એને નથી ગમતું. એણે જ મારી સ્ત્રીની હત્યા કરી છે. હું જ્યારેજ્યારે એને જોઉં છું ત્યારેત્યારે મારા હોશકોશ ઊડી જાય છે અને એ જ ભયાનક દૃશ્ય મારી નજર આગળ ખડું થાય છે.'

મેં વિહ્વળતાથી પૂછ્યું, 'એણે મારી તરફ પણ ભયાનક નજરે જોયું હતું! કોણ જાણે કેમ, મારાં પણ રૂવાં ઊભાં થઈ ગયાં!'

સરદારે ગંભીરતાથી કહ્યું, 'અસદખાં, તમે પણ ખબરદાર રહેજો. કદાચ આ બુઢ્ઢા અક્રિદીની એ કંઈ સગી હોય. મૂળે જ ભયંકર સ્ત્રી છે.'

આ સાંભળીને મારી નસેનસ કંપી ઊઠી. મેં વાતનો વિષય ફેરવીને કહ્યું, 'તમે એને પોલીસને હવાલે કેમ નથી કરતા? તરત ફાંસીએ જશે.'

'ભાઈ, એણે એક વાર મારા પ્રાણ બચાવ્યા હતા; ને કદાચ હજી યે મને એ ચાહે છે. એની કથા બહુ લાંબી છે. ક્યારેક નિરાંતે કહીશ.'

સરદારના આ શબ્દો સાંભળીને મને કુતૂહલ થયું. મેં એમને એ વૃત્તાંત સંભળાવવા આગ્રહ કર્યો. પહેલાં તો એમણે વાતને ટાળવા માંડી, પણ મારો આગ્રહ અટલ રહ્યો એટલે લાચારીથી બોલ્યા, "સાંભળો :

પાંચ વર્ષ પહેલાં, આજે દેખાઉં છું એવો વૃદ્ધ હું ન હતો. મારામાં એટલી તાકાત હતી કે બે જુવાનોને પકડીને હું સામાસામા અફાળતો. યુરોપમાં જર્મનોની સામે હાથોહાથ લડયો છું. જર્મન યુદ્ધ પછી મને અહીં કાળી પલટનના મેજર બનાવીને મોકલી દીધો. હું અહીં પહેલવહેલો આવ્યો ત્યારે આફતોનો પાર ન હતો. પણ એ સૌને દાબી દઈ મેં વિજય મેળવ્યો. સૌથી પહેલાં મેં આવીને અહીંની પશ્તુ ભાષા શીખી લીધી તે પછી બીજી પણ ભાષાઓ શીખ્યો. પછી આ પ્રદેશનો આખો અંતર્ભાગ ઘૂમી વળ્યો. એ વખતે મારે હાથે એવાંએવાં કામો થઈ ગયાં કે સરકારમાં મારું નામ અને પ્રતિષ્ઠા જામી ગયાં. કેટલાં યે દેશી માણસો અને સ્ત્રીઓના પ્રાણ મેં બચાવ્યા છે.

એક રાત્રે હું મારી છાવણીમાં આડે પડખે પડયો હતો. અક્રિદીઓ સાથે લડાઈ ચાલુ જ હતી. આખા દહાડાના થાકયાપાકયા સૈનિક ગાફિલ પડયા હતા. પડયાંપડયાં મને ઊંઘ આવી ગઇ. અચાનક કોઈ અવાજથી આંખ ઊઘડી ગઈ. જોઉં છું તો મારાથી બમણો એક અક્રિદી મારી છાતીમાં છરો હુલાવી દેવાની અણી પર છે. હું પૂરેપૂરો એના પંજામાં હતો. બચાવની એક પણ બારી ન હતી. પણ મેં જરા પણ હિંમત ખોયા વિના કામ લીધું. મેં પેલા અક્રિદીને પશ્તુ ભાષામાં કહ્યું. 'મને મારશો મા. હું સરકારી લશ્કરમાં અમલદાર છું. મને પકડીને બાન તરીકે લઈ જાઓ. સરકાર તમને રૂપિયા આપીને મને છોડવશે.'

મારી વાત એના મનમાં ઠસી ગઇ. એક મજબૂત રસી વડે એણે મારા હાથપગ બાંધી લીધા ને ગાંસડીની પેઠે ખભે નાખીને ચાલ્યો. બહાર તો મારામારીનો બજાર તેજ હતો. એણે વિચિત્ર પ્રકારે જોરથી બૂમ પાડીને કંઈક કહ્યું અને મને ખાંધ પર આસાનીથી ઊચકી જંગલ ભાગી નાઠો. એની પાછળ એના સાથીઓ લૂટનો માલ લઈને નાઠા.

મળસ્કે અમે પર્વતોથી ઘેરાએલા એક તળાવ પાસે આવી પહોંચ્યા. લુટારાના સરદાર પેલા બુઢ્ઢાએ મને બેદરકારીથી એક પથ્થર પર ફેંકી દીધો. મારી કમ્મરમાં એવી તો જોરથી ચોટ વાગી કે મારું હાડકું તૂટી ગયું હોય એમ મને લાગ્યું. મને પટકીને સરદારે કહ્યું, 'કેમ કેટલાક રૂપિયા અપાવીશ?' મેં વેદનાથી રિબાતાં કહ્યું. 'પાંચ સો રૂપિયા.'

ગુસ્સાથી એણે કહ્યું, 'બે હજારથી એક પૈસો પણ ઓછો મળ્યો તો તારો જીવ સલામત નથી.'

મેં કહ્યું, 'કાળા માણસને માટે આટલા દામ સરકાર નહિ આપે!'


સરદારે તરત જ પોતાનો હાથ છરા પર નાખ્યો, 'તું તો કહેતો હતો ને કે સરકાર ઇનામ આપશે?'

હું ગભરાઈને બોલ્યો, 'ઠીક, બે હજાર અપાવીશ.'

બુઢ્ઢો અટકી ગયો ને જોરથી હસી પડ્યો. હાસ્ય પણ કેટલું બિહામણું હોય છે એ મેં આજ ખરેખરું જાણ્યું.

ટોળાનાં બીજાં માણસોએ લૂટનો સામાન સરદારની આગળ રજૂ કરવા માંડયો. સૌએ લૂટની વહેંચણી કરી લીધી.

થોડા આરામ પછી પાછું ચાલવાનું શરૂ થયું. આ વખતે મારા પગનાં બંધન છોડી નાખ્યાં અને મને સાથે ચાલવાનો હુકમ મળ્યો. અને મારી આંખો પર પાટા બાંધી દીધા. (અનુસંધાન પૃ. ૨૦૩)



જ્યાંના સૌંદર્યે લાખા ફુલાણીને ઘેલો કર્યો અને લખપત ગામ વસાવ્યું ત્યાંનું રમણીય તળાવ. દૂર લીલી વનરાઈ વચ્ચે ગામ ડોકિયાં કરતું દેખાય છે.

કચ્છના રણપ્રદેશનું ઐતિહાસિક સૌંદર્યધામ ઢેઢડી-લખપત

લેખક અને તસ્વીરકાર: **રામસિંહજી રાઠોડ**

ફુલાણી લાખો પ્રકૃતિપ્રેમી હતો. પર્યટનનો એ પૂરો શોખીન હતો. સિંધુનો જ્યાં સમુદ્રસંગમ થતો એ કોરીકાંઠે એ એક વખત સહેલગાહે નીકળ્યો. સૃષ્ટિસૌંદર્ય નિહાળતાં બેર અને રામવાડા થઈ એ રાબડી આવ્યો. ત્યાં વરસતા વરસાદમાં યુવાન ઓરતોને નાનકડા એક છોકરાને નવડાવતી જોઈ લાખો બોલી ઊઠ્યો:


રાંપ્રલ વસંધે મીંએ   આંઉ ઈનીં ડીંયે
નિંઢડો થઈને નિપજાં.

આવી વેળા હું પણ વરસતા વરસાદમાં આ રીતે રમતો નાનો બાળ હોઉં તો! હમનખુડીમાં જ્યાં ધીદ્રધની રેલમછેલ હતી એ પ્રદેશમાં લાખાએ સમૃદ્ધ પશુધન અને સૌષ્ઠવભર્યા શરીરવાળા જતોનો પરિચય સાધ્યો. એ કાંઠે આગળ વધતાં તે કૈયારી થઈ નારાણસર કોટેશ્વર ગયો અને ત્યાંથી બૈ ગામ આવ્યો. બૈમાં લાખાએ કૂવા પર પાણી ભરતી એક અતિ લાવણ્યવતી ઢેડીને જોઈ. તેનું શરીરસૌષ્ઠવ જોઈ લાખો પ્રસન્ન થયો. લાખાએ એ ગામે મેલાણ કર્યું. રાત્રે લાખાએ ભાવથી ગામના તમામ ઢેડો(મેઘવાળો)ને ભજન કરવા બોલાવ્યા. તેમને ભોજન આપી ભજન શરૂ કરાવ્યાં. તંબૂરાના તાલમાં ગંજીરાંની રમઝટ જામી અને વાતાવરણમાં ભજનનો બુલંદ અવાજ ગુંજી રહ્યો. ત્યારે ત્યાં રાખવામાં આવેલી દીવીઓમાં તેલ પૂરવાનું કામ લાખાએ પેલી ઢેડી યુવતીને સોંપ્યું. એ સ્વરૂપવતી સ્ત્રીનું મોં સ્પષ્ટપણે જોવા લાખાએ તેને એ કામ જાણીને સોંપ્યું છે એમ લાખાના સાથીઓને લાગ્યું. તેઓ બધા લાખાના હાવભાવ શંકાશીલ નજરે નિહાળવા લાગ્યા. લાખો એ કળી ગયો. પરોઢિયે ભજનો પૂરાં થયાં ત્યારે લાખાએ એ ઢેડી બાઇને બોલાવી, 'બેન, તું તો અમારા દેશની શોભા છો' એમ સંબોધી તેને બે ગામ કાપડાંનાં આપવાં જાહેર કર્યાં. લાખાનો શુદ્ધ મનોભાવ જોઈ તેના સાથીઓનો સંદેહ દૂર થયો. લાખાની ગુણપૂજકતાની સાક્ષી સમાં બૈયાવો અને ઢેઢડી ગામ આજે પણ આ રસભરી વાતની સ્મૃતિ આપે છે અને લાખાના ઉચ્ચારેલા શબ્દોની યાદ દેવડાવે છે:


ભલ ઘોડાં ગુણિયલ ત્રીયાં, વઠે કચ્છ વણાં,
ઈનીંત્રીંથોકાં   અઘ્રાયો   ત્રેને   હિંયા.

કચ્છની ભૂમિ ઉપર જ્યારે વરસાદ થઈ જાય છે ત્યારે તેના સૃષ્ટિસૌંદર્યનો તથા કચ્છના ઉત્તમ ઘોડા અને સારુણી સ્ત્રીઓનો કુદરતમાં ઉઠાવ જોતાં મનને ક્યારે ય તૃપ્તિ થવાની નથી.

હાલની લખપતની એ ધરતીમાં જ્યારે કોરીનાળમાં સિંધુ નદીનું મીઠું પાણી આવતું ત્યારે એ પાણી જ્યાં ફરતું ત્યાં અઢળક પાક નીપજતો અને તેને દરિયાકિનારે દેશદેશનાં વહાણો નાંગરતાં. સિંધુ ખસી અને સાથે એ આબાદી પણ લેતી ગઈ. પાણી વિનાની એ કસવતી ધરતીમાં થોડું પશુધન માંડ ટકી રહ્યું. આજે તો હવે તેની ધરતીના ઊંડાણમાં નજર નાખતાં તેના ભૂસ્તરનું ખનિજ માત્ર આશાભર્યું લાગે; પણ એવી સમૃદ્ધિથી પણ લખપતની આબાદી ફરી જામે એવો તાગ હજુ લાધ્યો નથી. જોકે કુદરતની કળા સદા અકળ લેખાઈ છે એ હિસાબે ગુનેરીમાં પૂજાતી ગેડ માતા (ગેડ=તોતિંગ પથ્થર Boulder) જેવી વસુંધરા પોતાનું પેટ ખોલીને કાંઈકાંઈ સમૃદ્ધિ ઠાલવી પણ દે.



જમાદાર ફતેહમહમદે સ્થાપેલું પશ્ચિમ કચ્છના એક શક્તિશાળી થાણા લખપતના તેણે ચણાવેલા ગઢનું દૂરથી દૃશ્ય



← કચ્છનો ઝુંઝારો ઝારો ડુંગર ને તેની પાસેની યુદ્ધભૂમિ.



→ કચ્છના 'રુસ્તમ'ને નામે પંકાએલો ફતેહમહમદ જમાદાર

લખપત પાસે હાલ જ્યાં રણ છે ત્યાં પ્રથમ દરિયો હતો. સિંધના દરિયાખેડુઓનો કચ્છ સાથેનો જળમાર્ગે સંબંધ અહીંથી થતો. તેની સાક્ષી પૂરતા દરિયાના ચેર લખપતની સૂકી ભોમકામાં હજી ઊભા છે. પછી પણ રણ સુકાય ત્યારે સિંધ સાથેનો કચ્છનો જમીન માર્ગે સંબંધ આ તરફથી જ ચાલુ રહ્યો. કચ્છ ઉપરની સિંધી ચડાઈઓ આ માર્ગે જ થઈ હતી. ત્યારે કચ્છની કિલ્લેબંધી કરી પડેલો ઝુંઝારો ઝારો ડુંગર એવાં ભેત્રણ ધીંગાણાની વાતો તાજી કરે છે.

સિંધમાં જ્યારે મિર્ઝા ઈશાખાનની હકૂમત હતી ત્યારે કચ્છમાં ખેંગારજી પહેલાની શૂરવીરતાની બોલબાલા હતી. ઈશાને સાલે અને બાકી નામના બે પુત્રો હતા. સિંધમાં જ્યારે સાલેને સિંધની સત્તા મળી ત્યારે બાકી કચવાઈને ખેંગારજીને આશરે આવ્યો. ખેંગારજીએ પોતાના ભાઈ સાહેબજીને બાકીની મદદ કરવા મોકલ્યો. આ ખબર સાલેને પડતાં તે કચ્છ પર સામી ચડાઈ લાવ્યો. તેનો સામનો કરવા સાહેબજી ઝારા પાસે પડાવ નાખી રહ્યા. કચ્છી લશ્કરે સિંધી સૈન્ય સામે ચડી ઝારા ઉપર તેને શિકસ્ત આપી. પરિણામે સાલે અને બાકી વચ્ચે સુલેહ થઈ અને બાકીને અર્ધું સિંધ મળ્યું. આ અહેસાનના બદલામાં બાકીએ રાયમા બજારથી કચ્છની હદ લગીનો સિંધનો પ્રદેશ ખેંગારજીને સુપરત કર્યો.

પાવાગઢની સીમાએથી પાછા વળતા ખેંગારજીના મિયાણા સૈનિકોએ શાહજાદા સલીમનાં ગામોમાં લૂંટ ચલાવી છે એવી હકીકત મેળવી અકબર બાદશાહના સૂબાએ મુઘલ સૈન્ય સાથે કચ્છ પર ચડાઈ કરી. કચ્છી લશ્કરે ફરી ઝારા પર તેની પ્રતીક્ષા કરી અને મુઘલ ફોજ પણ અહીં હારી.

તોજો નાં ખેંગાર ખુઝી પાતો વાંભણે,
તોજી હેન તરાર ઝારે મુઘલ જેરેઆ.

'બ્રાહ્મણે સમજીને જ તારું નામ ખેંગાર પાડેલું છે. ડાકિની જેવી તારી તરવારે ઝારા ઉપર મુઘલનો વિનાશ બોલાવી દીધો.' અકબરશાહને આ વાતનો ખટકો થયો.

મહારાજ ગોડજી જ્યારે કચ્છાધિપતિ હતા, ત્યારે પૂંજો શેઠ ઈર્ષાથી સિંધના ગુલામશાહ કલ્હોરાની કચ્છ પર ચડાઈ લાવ્યો. તેનો સામનો કરવા કચ્છી લશ્કરે નરા અને જુમારા નજીક ઝારા પર પડાવ નાખ્યો. વીંઝાણના લાખાજી અને દીવાન દેવકરણે કચ્છી લશ્કરની સરદારી લીધી. સિંધી લશ્કર આવી પહોંચ્યું કે તરત તેમના પર હલ્લો થવો જોઇએ તે ન થયો. રણ ઉકરી અકળાએલા સિંધી લશ્કરને તાજા થવાનો સમય મળી જતાં તેમણે સવારના પહોરમાં ઝારા પર ચડાઈ કરી. ત્યારે ઝાકળના અંધારામાં પારાવાર કાપાકાપી થઇ.

ઝારાના યુદ્ધમાં ચડેલા શૂરાઓએ જ્યારે રુક્કની વિકરાળ તરવારોની ઝડીઓ વરસાવવા માંડી ત્યારે ઝારો પણ ધ્રણેણી ઊઠ્યો. અને એ ડુંગરના દિલમાં બીક કેવી? એ ઝુંઝારો ઝારો અડગ રહ્યો. પણ ત્યાં જે પાયમાલી ચાલી તે જોઇને પૂંજાનું હૃદય પલટયું. ગુલામશાહને સમજાવી પૂંજાએ તેને પોતાનો પુત્ર ઓળમાં આપ્યો અને કચ્છ તથા સિંધ વચ્ચે સમજાવટ કરાવી. પણ આ ઝારા માર્યાનું પાતક તો કાયમ રહ્યું.





સુંદર નકશીકામવાળી પીર ઘોશમહમદની દરગાહ · બાજુમાં રામવાડાનું રામમંદિર


લખપતની ભૂમિએ ખેલદિલીથી ઘણા રંગ જોયા, તેમાં ફરી જમાદાર ફતેહમાહમદે થોડી ચમક આણી. રાયધણજીની બેફામ અવસ્થા હતી ત્યારે કચ્છમાં બારભાયાનો કારભાર ચાલતો હતો. એ કાળે જ્યારે મેઘજી શેઠનું વર્ચસ્વ ખતમ થયું ત્યારે જમાદાર જંતરમાં આવ્યો.


ફતેહમામદ જત પુંઆર હતો. તેનું સુદૃઢ શરીર અને વાચાળપણું જોઈ ડોસલ વેણે તેને વીસ પાળાની જમાદારી આપી. બાર ભાઈઓમાંથી બે જણાએ ઘટીને રાયધણજીને હવાલાતમાંથી મુક્ત કર્યા. એથી ડોસલ વેણ મુંદ્રા ચાલ્યો ગયો, ત્યારે ફતેમામદે આગળ આવી મેઘજી શેઠના માણસોને પોતાના પક્ષમાં લીધા અને ડોસલ વેણની મદદથી રાયધણજીને ફરી કેદ કર્યા. એટલે વેણે તેને બસો ઘોડાની જમાદારી અપાવી. પછી તો દિવસાનુદિવસ જમાદારનું જોર વધતું ગયું. તેણે બધા પક્ષોના કુસંપ ટાળી ભાયાતોને કામમાં લીધા અને દેશમાં સુલેહ સ્થાપી. વાગડમાંથી લુટારુઓને ભગાડ્યા અને માંડવીના વેપારીઓને ચાંચિયાઓથી રક્ષણ આપ્યું. તેણે રાયધણપુરના નવાબને શિકસ્ત આપી. હાલાર, ઓખા અને બરડામાં તે ચડાઈઓ લઈ ગયો. જામ-ભાણવડમાં થાણું નાખ્યું અને પ્રોળમાં કિલ્લેદાર બેસાડ્યો. કચ્છનો વેપાર અને દરિયાઈ હકૂમત વધારવા તેણે તુણાંનું બંદર વિકસાવ્યું ને કચ્છની સરહદ સાચવવા વાગડમાં બાદરગઢ અને ફતેહગઢના કિલ્લા કરાવ્યા. એ જ નજરે કચ્છને પશ્ચિમ છેડે તેણે લખપતનો ગઢ ચણાવ્યો ને ત્યાંના બંદરને વસાર્યું. તે શક્તિશાળી હતો એટલે તેના જંતરમાં તેના વિરોધીઓ પણ ઘણા હતા. પરિણામે તેણે ઘણી ચડનીપેટની જોઈ. એ બધાં વચ્ચેથી ટકો વગાડની એ લોકલાડીલા 'ફતિયા'ની કીર્તિભરી કારકિર્દીનો ઈ. ૧૮૭૦માં તેની અટસઠ વર્ષની પાકટ વયે અંત આવ્યો.

લખપતના કિલ્લાની રાંગની રચના અને ત્યાં આવેલા પીર ઘોશના કૂબાનું શિલ્પ-સ્થાપત્ય જોતાં પૂર્ણ કળાએ ખીલેલું લખપત તે વખતે 'લખપત લખેં હિકડો' હશે એવું તો લાગે.

હર્યે પેરેં પિયારા લગો આંજા ગુલાબીદા નાં,
એરેયાઅચતુંપરેયા મ વિંન તોકે શ્રીનાથજી સોં;
વલા અસાં કે મુખતાં વતાઈંદાવો
પીરઘોશ ઓલેપ્રીતમરીત્રિતાંમુખતાંવતાઈંદાવો.

હવે તો બુત્રાવાની અણી ઉપર આવેલા દીપક જેમ લોપાતા લખપતમાં પીર ઘોશની આવી કારાયલ કાફીના પડઘા માત્ર સંભળાય છે. ત્યારે બળતા મનને ઠારવા ટળવળતી નજર અહીંથી ૧૩૦ માઈલ દૂર આવેલા પાકિસ્તાનના પાટનગર કરાંચી લગીના સાગરકંઠારે ફરી વળે છે અને પશ્ચિમ તરફ ઝોક ખાતા ખસતા જતા સિંધુના વહનમાર્ગની અનિશ્ચિતતા મનને વિચારવમળમાં અટવાવી દે છે.







ઉપર: લખપતગઢનો દરવાજો, વચ્ચે: લખપતપીરની દરગાહ, નીચે: એના નકશીભર્યો અગ્રભાગ

ટૂંકી વાર્તા

પ્રબોધ જોષી

અમે લગભગ બધા જ પ્રયોગો કરી ચૂક્યા છીએ. સ્કૉલરશિપ મળે તેવી રીતે પાસ થયા છીએ. લોકો ધુત્કારે તેવી રીતે નપાસ થયા છીએ. ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરી છે ને વગર ટિકિટે સફર કરી છે. લોકોને પૈસા ઉછીના આપીને સંભાર્યા નથી, તો પૈસા ઉછીના લઈને પણ સંભાર્યા નથી. મેવામીઠાઇ ખાધાં છે, કડવાં કારેલાં પી આરોગ્યાં છે. લોકો તાળી પાડે તેવા અભિનંદનીય નાટ્યપ્રયોગો કર્યા છે, તો લોકો જોડા મારવા શોધતા ફરે તેવા નિષ્ફળ પ્રયોગો પણ કર્યા છે. પ્રીતનાં ગીતો ગાયાં છે અને વિરહના નિઃશ્વાસો પણ નાખ્યા છે. આમ, અમે લગભગ બધા જ પ્રયોગ કરી ચૂક્યા છીએ—બધા જ; સિવાય કે એક, અને તે ટૂંકી વાર્તા લખવાનો.

અમે નાટક લખ્યાં છે, કવિતાઓ લખી છે, નિબંધ લખ્યા છે, વિવેચનો અને અગ્રલેખ લખ્યા છે, ચર્ચાપત્રો અને જાહેરખબરો લખી છે, ઉદ્‌ઘાટન-વૃત્તાંતો અને મૃત્યુનોંધો લખી છે, પત્રો તો અનેક લખ્યા છે,–પણ ટૂંકી વાર્તા નથી લખી. અમારા આ લેખોમાં વાર્તા હોય છે, પણ એ લેખ વાર્તા નથી હોતા, લેખ હોય છે. ગુજરાતી લખનારા બહુ ઓછા એવા હશે જેમણે વાર્તા નહિ લખી હોય; અને તે ઓછામાં અમે આવી જઈએ છીએ.

અમે વાર્તા નથી લખતા એટલે કેટલાક એમ માને છે કે અમને વાર્તા લખતાં જ નથી આવડતી. અમે પણ શરૂઆતમાં એમ માનતા હતા કે નવલમાં સૉલિડ પ્લૉટ હોવો જોઈએ અને નવલિકામાં કૉમ્પૅક્ટ પ્લૉટ હોવો જોઇએ. પણ હવે આજની ટૂંકી વાર્તાઓ વાંચવા માંડ્યા પછી લાગે છે કે એમાં કશું જ હોવું ન જોઇએ. ટૂંકી વાર્તા લખવા માટે તમારી પાસે માત્ર ત્રણચાર વસ્તુ જ હોવી જોઇએ: એક શાહી; બીજી તેને જેમાં પૂરી શકો તે ફાઉન્ટન પેન; ત્રીજી તેનાથી જેના ઉપર લખી શકો તે કાગળ; અને ચોથું કોઈ સામયિક પત્રનું સરનામું. (જેમાં 'કુમાર'ન હોવું જોઇએ; નહિતર આજે અમારી ઉપર થોકબંધ આવતાં બુકપોસ્ટોમાં અનેકગણો વધારો થઈ જશે. –તંત્રી) આ અમારી માન્યતા છે. અમે જેમ દર વખતે ખોટા હોઈએ છીએ, તેમ આમાં પણ કદાચ ખોટા હોઈશું; એટલે અમારા આ વિધાનથી નવલિકા ઉપર જીવન નિભાવતા નવલિકાકારે આંખો કાઢવાની જરૂર નથી.

ટૂંકી વાર્તા—એટલે જેને નવલિકા કહેવાય છે, તેમાં શું હોવું જોઈએ એ પ્રશ્ન અમે ઘણાને પૂછ્યો છે. પણ કોઈ જ તેનો યોગ્ય જવાબ આપી શક્યું નથી. (આ પણ ટૂંકી વાર્તાનો એક પ્લૉટ છે કે નહિ?) અલબત્ત, એક કવિ-કમ-વાર્તાકારે અમને ટૂંકી વાર્તાની વ્યાખ્યા એમ આપી છે કે 'તે નાનું પણ સાપનું બચ્ચું હોવું જોઇએ.' આ વ્યાખ્યા અમને મંજૂર છે.

ટૂંકી વાર્તાની એક ખૂબી અમે એ માનીએ છીએ કે તેનું ફૉર્મ એ હોવું જોઇએ કે તેમાં તમે એક શબ્દ પણ નવો ઉમેરી ન શકો, ન એકે કાઢી શકો. બીજી તેની ખૂબી એ છે કે ટૂંકી વાર્તા લખનારે એ જાણી લેવું જોઇએ કે ક્યાં અટકવું અને શું ન કહી દેવું! આ બે ખૂબીઓવાળી વાર્તાઓ તમે વાંચી હશે તો તે તમને જરૂર ગમી હશે. અમે પોતે તો વાર્તામાં એમ પણ માનીએ છીએ કે તેમાં 'ટર્નિંગ પૉઇન્ટ' હોવું જોઇએ,–અંતમાં અણધારી ઉથલપાથલ જોઇએ. નહિ કલ્પેલો અંત એ જ ટૂંકી વાર્તા. ટૂંકી વાર્તા એ રીતે માણસ જેવી છે. તેણે ક્યાં અટકવું અને શું ન કહેવું તે સમજવું જોઈએ; તેનો અંત ક્યાં, ક્યારે, કેવી રીતે આવશે તેની કોઈને ખબર નથી; પણ પાછો હું દાખલા આપવા બેસી ગયો, નહિ?

ટૂંકી વાર્તામાં 'સાઈઝ' પણ આપવામાં આવે છે. (અમે માનીએ છીએ કે ટૂંકી વાર્તાને સાઈઝ આપવાની જરૂર છે.) 'સાઇઝ'ના બે અર્થ છે: એક, સાઈઝ એટલે માપ; અને બીજો, સાઈઝ એટલે કાંજી. કહે છે કે ટૂંકી વાર્તા ત્રણ હજાર શબ્દથી લાંબી ન હોવી જોઇએ. (આવું વાંચીએ છીએ ત્યારે એમ લાગે છે કે જાણે એમ વાંચતા હોઇએ કે પરણનાર સ્ત્રીની ઉંમર ૪૫થી વધારે ન હોવી જોઈએ.) ત્રણ હજાર શબ્દો તો બહુ કહેવાય. કહે છે કે ટૂંકી વાર્તામાં 'પ્રસંગ' હોવો જોઇએ અને તે 'જીવતો અને અગર વધતો' હોવો જોઈએ. સાહિત્યકારોનું આ જ દુઃખ છે ને? શૈલી વિચારે, ફૉર્મ વિચારે, વ્યાકરણ વિચારે, પણ ઇફેક્ટ કદી ન વિચારે. અમે એમ માનીએ છીએ કે દરેક વસ્તુની અસર શી થવી જોઈએ તેનો તેણે વિચાર કરવો જ જોઇએ. યાને તેનો સાર હોવો જોઈએ. સાર એટલે પ્રેસી નહિ–મારલ.

અમે ટૂંકી વાર્તા નથી લખતા તેમાં બીજાને લાભ છે. અમે જો લખીએ તો તે ત્રણ જ શબ્દથી વધુ હોય નહિ, એમાં સૉલિડ ટ્વિસ્ટ હોય અને ત્રીજી વાત એ કે તેમાં ભયંકર સાર હોય. મશ્કરી માનો છો ને? તમે તો કમાલ છો, ભાઈ! મારી દરેક વસ્તુને તમે મશ્કરી કેમ માનો છો? પણ સાહેબ, અમે તમને અહીં એક-દો-તીન નહિ, છ-સાત ટૂંકી વાર્તા આપવાના છીએ. છ ટૂંકી વાર્તા ઉપર તો હું એક સામયિક કાઢી શકું. તેરચૌદ ઉપર તો હું સંગ્રહ બહાર પાડી શકું. બંદા ઘણી ટૂંકી વાર્તાઓ તમને એકીસાથે અહીં વંચાવવાના છે. (મૂઓ હું!) ને તમને તો નવાઇ જ લાગવાની કારણ કે અમે વાર્તા લખીએ છેટ વેરી ફૅક્ટ ઈઝ આ સરપ્રાઇઝ! ઓકે? તો વાંચવા માંડો:

પહેલી વાર્તા

દિનેશ એક યુવાન હતો. રૂપાં એક યુવતી હતી. દિનેશ અને રૂપાં વચ્ચે સ્નેહ જાગ્યો. (કેવી રીતે, એ પૂછતા નહિ. તમે બીજા લેખકોને પૂછ્યું નથી.) રૂપાંનો બાપ ખૂબ કડક. એટલો કડક કે રૂપાંથી બહાર ન જવાય. દિનેશનો બાપ રૂપાંના બાપ કરતાં યે વિશેષ કડક. (કડકો શબ્દ વાપરું તો યે ચાલે.) તાકાત છે દિનેશની કે રૂપાંને મળે ત્યારે તેની સામે જુએ! દિનેશ અને રૂપાં વચ્ચે સ્નેહ વધતો ગયો. પણ બંને મળી શકતાં નહિ. દિનેશે એક કામ કર્યું. તેનો મિત્ર ગોવિંદ એ કુટુંબથી પરિચિત. ગોવિંદ દિનેશના કાગળ રૂપાંને આપી આવે. રૂપાંની બહેનપણી ક્ષમા દિનેશના કુટુંબથી પરિચિત. તે તેના પત્રો દિનેશને પહોંચાડે. આમ ત્રણ વર્ષ ચાલ્યું. (ત્યાં સુધી બંનેનાં માબાપ ઊંઘતાં હતાં? એ ન પૂછો.)

એક દિ બપોરે બાર ને વીસની લોકલમાં ચાર જણ વડોદરે ગયાં. દિનેશ અને રૂપાં, અને સાથે તેમનાં મિત્રો ગોવિંદભાઇ અને ક્ષમા હતાં. વડોદરા ઊતર્યા બાદ બે લગ્ન થયાં. હા, બેનાં લગ્ન નહિ, રોકડાં બે લગ્ન: દિનેશ ક્ષમા સાથે પરણી ગયો; ગોવિંદ રૂપાં સાથે! (સાર: પ્રેમમાં મિત્રોનો ભરોસો નહિ.)

બીજી વાર્તા

એ મારી ક્લાસનાં વીણેલાં રત્નો હતાં. બાળપોથીથી અંગ્રેજી ચોથા ધોરણ સુધી અમે સાથે. નરેન્દ્ર, સુરેન્દ્ર, વીરેન્દ્ર અને જિતેન્દ્ર તેમનાં નામ. નરેન્દ્ર ભણવામાં સાવ 'ઢ'. રોજ મારામારી કરવાની તેને ટેવ. દિવસમાં

ન જાણને માર નાહે ત્યાં સુધી તેના રસસમાથી ક્લાસમાં આવવાનું મન ન થાય. ધમાલ વિનાનું જીવન નકામું એમ તે માનતો. ભગવાને તેનું સર્જન મારામારી માટે જ જાણે કર્યું ન હોય? માસ્તરો કહેતા કે તે જતે દિવસે નિશાળ ઉપર નામોશી લાવશે.

સુરેન્દ્ર ભણવામાં એક્કો. આઠે વર્ષ તે પહેલો રહેલો. યાદદાસ્ત અને બુદ્ધિમાં તો જાણે આહાહા! પણ તેને રમત ઉપર ખૂબ ખીજ. બીજું તો રહ્યું, પણ સાતતાળી કે 'કાગડા કાગડા, કઢી પીવા આવ' પણ ન રમે. એ તો કહે કે રમે એ રખડી પડે; વિદ્યાની કિંમત છે. એ તો ભાઈ સ્કૉલર. માસ્તરો કહેતા કે એ જતે દિવસે પ્રોફેસર કે મિનિસ્ટર થશે.

ત્રીજો વીરેન્દ્ર. શાંતિપ્રિય ને એકાંતપ્રિય છોકરો. દયાની મૂર્તિ. બીજા કોઈ તોફાન કરે તો તેનો જીવ બળે. ક્લાસમાં માસ્તર કોઈને મારવાના હોય તો તે પોતે તેનો માર ખાઈ લે. માણસ તો શું, પણ જીવજંતુ કે વનસ્પતિને પણ દુઃખ ન પહોંચાડે. સૌમ્યતાની મૂર્તિ. માસ્તરો કહેતા કે ગાંધીજીના આદર્શોને આ માણસ જતે દિવસે મૂર્ત સ્વરૂપ આપશે.

ચોથો જિતેન્દ્ર. ભણવામાં તે કે થર્ડ ક્લાસ. લાગવગથી ક્લાસ ચડ્યા કરે. મારામારીથી દૂર ભાગે. પણ ચોરીમાં અને જુઠ્ઠું બોલવામાં ચૅમ્પિયન. નિશાળમાંથી ચાક સુધ્ધાં ચોરી જાય. રમતગમતમાં રડવા માંડે. બીજા માટે કોઈ જાતની લાગણી જ નહિ. બસ, બોલ બોલ બહુ કરે. માસ્તરો કહેતા કે આ માણસને કોઈ પૂછવાનું નથી.

એ વાતને તો આજે સોળ વર્ષ થઈ ગયાં. હમણાં હું મારે ગામ ગયો ત્યારે જૂનાં સંસ્મરણો તાજાં કરવાનું મને મન થયું. એ બધાની ખબર પૂછી. તો નરેન્દ્ર શાંતિ-સમિતિના પ્રમુખ છે ને ભૂદાનનું કામ કરે છે. સુરેન્દ્રે, કહે છે કે, મૅટ્રિકમાં સાત વર્ષ કાઢ્યાં પછી છોડી દીધું. પણ હમણાં તે ક્રિકેટ અને ટેનિસમાં ચૅમ્પિયન છે. કંઈ કરતો નથી, રમ્યા કરે છે. વીરેન્દ્ર છ ખૂન કરી નાસી ગયા પછી સાતમા ખૂન માટે પકડાતાં દેશનિકાલની સજા ભોગવી રહ્યો છે. જિતેન્દ્ર વિષે ખબર પૂછી તો બધા હસ્યા. એના વિષે ખાસ માહિતી ના મળી. પણ કહે છે કે ગયા સોમવારે તે સત્તાવાર મુલાકાતે આવ્યો ત્યારે કૉર્પોરેશને, મોટા નેતાના માનમાં મેળાવડો કરવો જોઈએ એ હિસાબે કર્યો હતો.

(સાર: 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' એ કહેવત ખોટી; અને માસ્તરોમાં જજમેન્ટની સેન્સ નથી હોતી.)

ત્રીજી વાર્તા

આશા અને શ્રદ્ધા બે અનાથ બહેનો હતી. આશા ગ્રૅજ્યુએટ હતી. (અનાથ બાળા કૉલેજમાં કેવી રીતે ગઈ એ ભગવાન જાણે.) ઇતર કાર્યમાં પણ પ્રવીણ હતી. શ્રદ્ધા રેઢિયાળ હતી. મૅટ્રિકથી છોડી દીધેલું. આશાને ક્લાર્ક તરીકે એક પેઢીમાં નોકરી મળી. તે કમાય અને શ્રદ્ધા તેના પૈસે ફૅશનો કરે. આશાએ ધ્યાન આપી કામ શીખવા માંડ્યું. તેને સારી જગ્યા મળી. તેણે શેઠને ભલામણ કરીને શ્રદ્ધાને ટાઇપિસ્ટ તરીકે પેઢીમાં નોકરી અપાવી. શેઠ નાની ઉમરના ને દયાળુ હતા. આશાએ કામમાં ચીવટ રાખી બધું શીખવા માંડ્યું. શ્રદ્ધા કામમાં બેદરકાર હતી. ઑફિસમાં યે ચહેરાનો મૅકઅપ કર્યા કરે. ફૅશનમાંથી ઊંચી જ ન આવે.

બે વર્ષ વીતી ગયાં. આશાને શેઠે પેઢીની જનરલ મૅનેજર બનાવી દીધી. શ્રદ્ધા ટાઇપિસ્ટમાંથી આગળ તો ન વધી. પણ ગયા ગુરુવારે શેઠ તેને પરણી ગયા; તે શેઠાણી થઈ!

(સાર: પુરુષો મૂર્ખા હશે. આંધળા નથી હોતા.)

ચોથી વાર્તા

પ્રકાશ લાલચુ માણસ હતો. એને આંખે લાડવો ખાવો હતો. એ બિચારો નક્કી નહોતો કરી શક્યો કે આખરી પસંદગી કોના ઉપર ઉતારવી. રેખા રૂપાળી હતી. પણ તેનામાં ગુણ નહોતા. અને રૂપ તો આજ છે ને કાલ નથી એ કહેવત એ નહિ નહિ તો યે હજાર વખત વાંચી ગયો હતો. રમા ગુણવાન હતી, પણ રૂપાળી નહોતી. અને 'પુરુષમાં ગુણ જોવાય ને સ્ત્રીમાં સૌંદર્ય' એ કથન તે વર્ષોથી ગોખતો આવ્યો હતો. તે જ્યાં સુધી નિર્ણય કરી ન શકે ત્યાં સુધી બન્ને સાથે સારાસારી રાખવાનો તેણે નિર્ણય લીધો હતો.

એના બે મિત્રો હતા: રમેશ અને સુરેશ. બન્ને બૅંકમાં કામ કરતા. પણ જુદી જુદી બૅંકમાં. રમેશની બૅંકમાં રેખાના બાપનું ખાતું. સુરેશની બૅંકમાં રમાના બાપનું ખાતું. તેણે બન્નેની મિલકત મંગાવી. બીજે દિવસે સવારે રમેશે કહ્યું કે રેખાના બાપના ખાતામાં રૂ. ૬,૮૩,૩૮૬–૮–૩ છે. એ જ સાંજે સુરેશે કહ્યું કે રમાના બાપના ખાતામાં કંઈ ત્રણ પાઈ, આઠ આના, અને છ, એંશી, ત્રણસો, વ્યાશી હજાર અને છ લાખ બોલે છે.

બન્નેને જુદાજુદા વખતે તે મળતો. જુદીજુદી જગ્યાએ લખતો અને જુદાંજુદાં સુવાક્યો ગોખીને જુદીજુદી રીતે સંભળાવતો.

એ દિવસે મંગળવાર હતો. તેણે રેખાને ટેલિફોન જોડીને કહી દીધું કે 'રેખા, હું તને ગુરુવાર મળીશ. રમા નાલાયક છે. લોકોને તે ખોટું કહેતી ફરે છે. એના ગુણને મારે શું પછાડવા છે? છે સાવ ધડૂકવર્ણી.' પછી તરત જ ટેલિફોન મૂકી રમાને જોડ્યો અને કહ્યું 'રમા, હું તને બુધવારે મળીશ,— એટલે કે કાલે. રેખા નાલાયક છે. ખોટું માની બેઠી છે. ગોરાં તો ગધેડાં ય હોય છે. હા… હા… હા…'

એણે એક જ ભૂલ કરી હતી. રમાનો નંબર જોડી તે રેખાને જોડ્યો છે એમ માન્યું હતું અને રેખાને ટેલિફોન જોડી તે રમાને જોડ્યો છે એમ માની બેઠો હતો!

(સાર: ૧. અતિ લોભ તે પાપનું મૂળ. ૨. ટેલિફોન નંબર ડાયરીમાં લખી રાખો અને તે જોઈને જ જોડો. ૩. ટેલિફોન જોડી સામેથી વાત કરનારનું નામ પહેલાં પૂછો.)

પાંચમી વાર્તા

અરુણ આંગ્લ પ્રકારનો યુવાન હતો. આંગ્લ સર્વ વિષયનો તે ગજબનો શોખીન હતો. ઈલા તેના માબાપની એકની એક પુત્રી હતી. અરુણ આમ સીધો પણ આમ જરા ચસ્કેલ હતો. અતિશય વાચન માણસને ભેજામાં જરા દર્દી જમાવી આપે છે તેનો એ જીવંત નમૂનો હતો. એપ્રિલ માસના દિવસો ચાલતા હતા. અરુણે ઈલા સાથે ગામને પાદર મુલાકાત ગોઠવી હતી. ખેતરની હરિયાળી જમીનમાં તેઓ મળવાનાં હતાં. (શહેરને પાદર ખેતર અને જમીન કેવાં એ ના પૂછો. મારા શેઠ!) અરુણે વાંચેલું કે જમીન એટલે હરિયાળી. પણ બિચારાને ખબર નહોતી કે ઉનાળાના તાપમાં ત્યાં સૂકા ઘાસ સિવાય કોઈ જ વસ્તુ નજરે ચડે તેમ નહોતી. સાંજના સાત વાગી ગયા હતા. અરુણ ઈલાને પોતાનાં રૂઢિચુસ્ત માબાપથી છાનોમાનો મળવા આવ્યો હતો. ઈલા તેનાં કડક અને કકળાટિયાં ફોઈ, ગુસ્સેબાજ અને ગરમ બાપ અને લઢકણી લલના જેવી માથી છાની અહીં મળવા આવી હતી. અરુણ ઉપરાઉપરી સિગારેટો ફૂંકી કોઈની યે ગણના કર્યા વિના વાતો કર્યે જતો હતો. ત્યાંથી પસાર થનાર માણસો જોશે તો શું કહેશે, કે પસાર થતો ટાઈમ ઘેર પ્રશ્નો પુછાવશે તેની ચિંતા તેને નહોતી—આઈ મીન, તેમને નહોતી. પ્રેમમાં ચિંતા કેવી! ત્યાં સિગારેટનાં ઠૂંઠાંથી ઘાસ સળગ્યું. ચારે બાજુ ઘાસ હતું. બચવાનો કોઈ આરો નહોતો. ન તો ટેલિફોન હતો કે બંબો બોલાવે. ન તો કોઈ માણસ દેખાતું હતું; પાદરે કોણ હોય! જો થઈ છે! ઘેર કહ્યા વિના આવ્યાં અને આગમાં ફસાયાં. મરવાની બીક નહોતી. મરી જાય તો તો જાણે રોમિયો-જુલિએટ જેમ અરુણ-ઈલાનાં નામની નવલો

અને ફિલ્મો આવે. બીક બન્નેનાં કુટુંબીઓ જાણી જાય તેની હતી.

ત્યાં માવઠું થયું. એકદમ સખત વરસાદ પડ્યો. સાડાસાતે બધાં પલળી ગયાં. સળગેલું ઘાસ પણ અને અરૂણ ને ઈલા પણ. ઉનાળાના મધ્યાહ્ને પ્રથમ વાર વરસાદ પડ્યો. અરૂણ-ઈલા છેલ્લી વાર છાનાંમાનાં મળ્યાં.

[સાર: પ્રેમ આંધળો છે એમ એકલો શેક્સપિયર લખી ગયો છે; પણ ભગવાન બધું જ જુએ છે. એમ તો સંતો ને સાધુઓ, પીરો-ફકીરો, પ્રીસ્ટો, પ્રીચરો અને દસ્તૂરો બધા કહી ગયા છે. બાઈ ધ બાઇ, આ વાર્તાનું છેલ્લું વાક્ય જોયું? એમાં કસબ છે.'પણ ફરી મળ્યાં જ નહિ? કે ખુલ્લંખુલ્લાં મળવા માંડયાં' એ દ્વિધા વાંચક ઉપર છોડી દેવાઇ છે.]

છઠ્ઠી વાર્તા

એક ગામ હતું. તેમાં બે મિત્રો રહે. રસિક ધંધો કરે અને જયંત નોકરી કરે. બેત્રણ વર્ષ પછી તેઓ મળ્યા. રસિકે કહ્યું, 'ધંધો સારો. એમાં કમાવાની તક, સ્વતંત્રતા.....' જયંતે કહ્યું,'નોકરી સારી. એમાં નિરાંત, બેઠી આવક, ઑફિસમાં [illegible] ત્યાં સુધી જ ઉપાધિ, નફા ખોટની ચિંતા નહિ...' પછી તો ખાસ્સા ત્રણ કલાક લગી ચર્ચા ચાલી. બન્ને પોતપોતાના પક્ષની દલીલો મૂકતા જ ગયા, મૂકતા જ ગયા, મૂકતા જ ગયા, મૂક્તા જ ગયા, મૂકતા જ ગયા... (આ એકનો એક શબ્દ ચાલે છે તેમ એકની એક દલીલ ચાલતી હતી.)

બીજે દિવસે જયંતે નોકરીમાંથી રાજીનામું આપી નાનોશો ધંધો શરૂ કર્યો; રસિકે દુકાન બંધ કરી નાનીશી નોકરી લઈ લીધી.

(સાર: ચર્ચા ન કરો. ચર્ચા અસર કરનારી ચેપી ચીજ છે.)

સાતમી વાર્તા

ફાઉન્ટન પાસે ફૂટપાથ ઉપર એક સારાં કપડાંમાં સજ્જ માણસને વાઈ આવી. કો'કે કહ્યું, 'બૂટ સૂંઘાડો.' એકે કહ્યું, 'ના ડુંગળી જ જોઇએ.' ત્યાં ડુંગળી લાવવી ક્યાંથી? એવામાં ત્યાંથી એક ચણાની દાળ વેચનારો નીકળ્યો. એના ખૂમચામાં થોડી ડુંગળી હતી. કોઇએ માંગી. ભૈયાએ ના પાડી દીધી. જે મરાઠાએ ડુંગળીનું કહ્યું હતું તે લડ્યો; પણ ભૈયાએ તો કહ્યું કે 'જોઈતી હોય તો વેચાતી લ્યો. આઠ આના લઈશ. મારી ઘરાકી બગડેને?'

વાઈવાળાની વાઈ ગંભીર સ્વરૂપ પકડી રહી હતી. નસીબે એક દયાળુ માણસે આઠ આના આપ્યા. ડુંગળી આપી ભૈયો જતો રહ્યો.

ડુંગળી સૂંઘાડી મરાઠો જતો રહ્યો. વાઈવાળો ઊભો થયો. લોક વિખરાઈ ગયું. વાઈવાળો આગળ ચાલીને મરાઠાને મળ્યો, એ બંને ભેગા થઈ ભૈયાને મળ્યા. મરીન લાઈનના બસસ્ટૅન્ડ પાસે ફરી પેલાને વાઈ આવી!

એ ત્રણે ભાગીદાર હતા. આ એમનો ધંધો હતો. ત્રણે ગુજરાતી હતા. ત્રણે ભણેલા હતા પણ અવેતન રંગભૂમિમાં કલાકાર ગણાતા હોઈ તેમાં રસ લેવાથી આ દશા થઈ હતી.

(સાર: ભણેલા હો અને ઍક્ટિંગ આવડતી હોય તો આ દેશમાં ધંધાની ખોટ નથી.)

આઠમી વાર્તા

એને યાદ આવ્યું કે પોતાને ટેલિફોન કરવાનો છે. એ ઝડપથી બાજુના રેસ્ટોરાંમાં ગયો. તેણે કાઉન્ટર ઉપર ટેલિફોન માટે વિનંતી કરી. કાઉન્ટરવાળાએ બે આના લઈ ધર્માદાની પેટીમાં નાખી કહ્યું 'પેલા ભાઈ કરે છે, પછી કરો.' એણે જોયું તો તેના પહેલાં એક માણસ હમણાં જ બે આના આપી ટેલિફોન પાસે ગયો હતો. તે તેની પાસે જઇને ઊભો. પહેલાએ નંબર જોડ્યો. 'હેલાવ' કહ્યું અને ઊભા રહ્યાં. એક મિનિટ, બે મિનિટ, ત્રણ મિનિટ, પાંચ મિનિટ, છ મિનિટ, સાડા છ મિનિટ, પોણા સાત મિનિટ, છ મિનિટ ને ૫૦ સેકંડ, છ મિનિટ ને ૫૫ સેકંડ, છ મિનિટ ને ૫૮ સેકંડ, છ મિનિટ ને ૫૯ સેકંડ. પેલો કંઈ બોલે પણ નહિ અને ટેલિફોન મૂકે પણ નહિ. એટલે તેણે પેલાને કહ્યું, 'મિસ્ટર, ટેલિફોન કરો છો કે મશ્કરી? ક્યારનો ટેલિફોન જોડીને બાધા જેવા ઊભા રહ્યા છો!...' પેલાએ ઈન્સ્ટ્રુમેન્ટ ઉપર હાથ દબાવી કહ્યું, 'છી...છ. શુ-રા! શુ...રા! મેં મારી પત્નીને જોડ્યો છે.'

(આ વાર્તાનો સાર એ લગ્નજીવનનો સાર છે.)

નવમી વાર્તા

એક ઠેકાણે આગ લાગી. છાપાવાળા, ગામવાળા ને પડોશી દિલગીર થયા,–નુકશાનના અંદાજે. જેનું મકાન બળ્યું તે વૃદ્ધ ખુશ થયો.

એણે વીમો ઉતરાવ્યો હતો. ક્લેઈમ માંગ્યો. સર્વે થયું. આગ અકસ્માતના કારણે થઇ એમ સાબિત થયું. તેણે પૈસા માગ્યા. કંપનીનો કાગળ આવ્યો: 'અમારી વીમા ચૂકવવાની પૉલિસી મુજબ તમને પૈસા નહિ મળે, પણ હતું તેવું મકાન બંધાવી આપીશું, અંદરની વસ્તુઓ હતી તેવી જ લાવી આપીશું.'

ગામવાળા, છાપાવાળા ને પડોશીઓ રાજી થયા. પણ વૃદ્ધ નારાજ થયો; ચિંતામાં પડ્યો; ચિંતનમાં પડ્યો. બીજે દિવસે વીમા કંપનીની ઑફિસે જઇ આ નીતિને કારણે પોતાની વૃદ્ધ પત્નીનો વીમો તેણે કૅન્સલ કરાવ્યો.

(સાર: અનુભવે માણસ ભવિષ્યના બનાવો જોવા માંડે છે.)

દસમી વાર્તા

છગનલાલને મરી ગયે વર્ષો થયાં. તેમની વિધવા પત્ની મોંઘીને રાંડ્યે એટલાં જ વર્ષ થયાં. (નૅચરલી! નૅચરલી!!) પણ છગનલાલ મિલ્કત સારી મૂકી ગયા અને સંતાન એકે ના મૂકી ગયા એટલે ડોશી દયાળુ બની ગઇ. રોજ દર્શન કરવાનો નિયમ. એલિસબ્રિજના સંન્યાસ આશ્રમમાં કથા સાંભળી ડોશી રોજ ચાલતી આવે. (ચાલવાની ટેવ એટલે મોત મોડું.) પાછી આવતાં માણેકચોકમાંથી નીકળે. આવતાં આઠ સહેજે વાગી જાય. રોજ આવતાં જુએ કે એક માણસ જેનાં કપડાં મેલાં-ફાટેલાં, દાઢી વધેલી, એવો ઊભો રહે. લાગે ખાનદાન કુટુંબનો, પણ લોફર જેવો. (આ કઈ જાતનું વાક્ય? અરે ભાઇ આ તો શૈલી છે.) ડોશીને રોજ દયા આવે. ડોશીને એમ થયું કે મોંઘવારીમાં, મંદીમાં કે બેકારીમાં કોઈ ખાનદાન કુટુંબ તૂટી ગયું હશે, તેનો આ પાયો છે. રોજ મદદ કરવા જીવ લલચાય. પણ ડોશીને દમનો રોગ. બોલતાં બોલતાં હાંફી જાય. [illegible] દિવસે પાછાં આવતાં તેની પાસે ગયાં. થયું, લાંબું નહિ કહું. કથામાં તાજું જ સાંભળેલું કે 'બેચાર દિવસ જિંદગી ખરાબ પણ જાય.' માજીએ રૂપિયાની નોટ કાઢી તેના હાથમાં મૂકી એ કહેવા માંડ્યુ ત્યાં દમ ચઢ્યો. 'બે...ચા...ર...!' એટલું જ ડોશી બોલી શક્યાં. ખાંસતાં ખાંસતાં ડોશી જતાં રહ્યાં.

બીજે દિવસે સાંજે માજી કથામાંથી પાછાં આવતાં હતાં ત્યાં એ માણસે એમને ઊભાં રાખી એમના હાથમાં ૭૨ રૂપિયા મૂક્યા! ડોશી કંઈ સમજ્યાં નહિ. પેલાએ કહ્યું 'બેથી ચારનો ઓપન ટુ ક્લોઝ આંકડો લાગ્યોને, તેના!' ડોશી તો યે ન સમજ્યાં બિચારાં કે એ ફીચરનો બકી હતો.

(સાર: ભાગ્યશાળીને ભૂત રળે. સુરતની ડોશીઓ આ વાંચી ફીચર ન રમે એટલી ખાસ વિનંતી અમારા એક સુરતી મિત્રે કહાવી છે.)

બોલો સાહેબ! અમારામાં નવલિકાનો કસબ છે કે નહિ? છે? પણ ભાઇઓ અને બહેનો, ગ્રાહકો અને પાડોશીનું લાવી વાંચનારાં અને લાયબ્રેરીમાં વાંચનારાં, આપ કહો તેથી ન ચાલે. અમે કંઈ આપના અભિપ્રાય માટે નથી લખતા (આઈ મીન નથી લખવાનું હોતું), અમારે તો વિવેચકો માટે લખવાનું હોય છે. ના ભાઈ ના, આજે ટૂંકી વાર્તાનું જે ક્ષેત્ર છે એમાં અમારા ક્લાસ નહિ.

વૃદ્ધાવસ્થા

જીવનને અંતકાળ ભણી લઈ જતી એ અચલ ને ક્રમિક ગતિ વિષેનો

'કાયાની કરામત'નો ૪૪મો હપતો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



માનવીના જીવનચક્રમાં વૃદ્ધિ પછી ધીમેધીમે લય(involution)ની સ્થિતિ આવે છે. એમાં શિશુ, બાલ્ય, યુવા, પ્રૌઢ અને વૃદ્ધ આટલી અવસ્થાઓ છે. દરેક અવસ્થાનાં લાક્ષણિક શારીરિક કદ અને કામગીરીઓ છે. માનવી જાણે કે જન્મથી જીવનગિરિ ચડવા માંડે છે. ત્રીસ વર્ષની વયે તે ટોચે પહોંચી જાય છે ને ત્યાર બાદ ૪૫-૫૦ વર્ષના આયુ સુધી ટોચના બીજા છેડા ઉપર જઈ ઝડપભેર નીચે ઊતરવા માંડે છે. જન્મેલામાંથી પચાસ વર્ષની વય પામતાં સુધીમાં ચોથા ભાગના, પાંસઠ થતાંમાં અરધા ભાગના, પોણોસો થતાંથતાંમાં તો પોણા ભાગના અને બાકીના પંચ્યાશી-નેવુંની ઉંમરે મૃત્યુ પામે છે.

ત્યારે જીવનમાં સર્વશ્રેષ્ઠ વર્ષો ક્યાં? ઉંમર સાથે યોગ્યતાનો સંબંધ હોવાનું કોઈ નકારશે નહિ. વ્યક્તિનું સક્રિય જીવન વીસની આસપાસ શરૂ થાય છે, એટલે વીસથી પચ્ચીસની ઉંમર મહત્ત્વની છે. આ બાદ નવું શીખવાની યોગ્યતા અને શારીરિક શક્તિ ઘટતાં જાય છે. પચ્ચીસથી દસ-પંદર વર્ષનો ગાળો વ્યક્તિત્વના પરિવર્તનનો છે. આમાં વિચારો બદલાઇ સામાજિક, સાંસ્કૃતિક કે ધાર્મિક વલણ પકડાતું જાય છે, વ્યાવહારિક બુદ્ધિમાં કુશળતા પ્રાપ્ત થાય છે. સર વિલિયમ ઑસલર કહે છે કે 'ત્રીસે માનવી વિવેકી, ચાલીસે બુદ્ધિસમૃદ્ધ અને પચાસે આધ્યાત્મિક ડહાપણવાળો બને છે.' સર્વોપરી શારીરિક અને માનસિક શક્તિયુક્ત ત્રીસથી ચાલીસની વય એ જીવનનાં સર્વશ્રેષ્ઠ વરસો હોવાનો તજ્જ્ઞોનો અભિપ્રાય છે.

'સાઠી બુદ્ધિ નાઠી'નું સૂત્ર સાઠ વરસની ઉંમર બાદ જીવન નિરુપયોગી અને નિષ્ક્રિય થતું હોવાનું જણાવે છે. પણ તન અને મનથી સંપૂર્ણ નીરોગી માનવીની બુદ્ધિ સાઠ વર્ષ પછી પણ તેજસ્વી રહી સંગીન કાર્યો ક્યાં નથી કરતી હોતી? રાજદ્વારી ક્ષેત્રે દાક્ષિણ્યભર્યું નેતૃત્વ દાખવનારાઓની ઉંમર પાસઠથી ઓછી જવલ્લે જ જોવામાં આવે છે. ચોરાણુ વર્ષનું આયુ ભોગવનાર બર્નાર્ડ શૉના અભિપ્રાય પ્રમાણે સાઠ વર્ષની વય પહેલાં ગંભીર કામ કરવાની યોગ્યતા પ્રાપ્ત જ થતી નથી! ગાંધીજીનું કથન છે કે 'ખરી રીતે શરીરના વિકાસમાં જે વીસમા વર્ષનું સ્થાન છે તે જ સાઠમા વર્ષમાં બુદ્ધિના વિકાસનું હોવું જોઇએ.' (હરિજનબંધુ, ૧૩-૧૧-૧૯૪૯) જર્મન તત્ત્વજ્ઞ કૅન્ટે શ્રેષ્ઠ માનસસર્જન ૭૪ વર્ષની વયે કરેલું. અને જગત્ખ્યાત 'ફાઉસ્ટ' નાટક ગટેએ ૮૦મે વર્ષે લખેલું. ટેનિસને પણ ૮૦ વર્ષની ઉંમરે પ્રતિભાપૂર્ણ કાવ્યનું સર્જન કર્યું હતું. ૮૭ વર્ષની જૈફ ઉંમરે માઇકલ ઍન્જેલોએ 'લેપાન્ટોનું યુદ્ધ' નામનું સૌને પ્રેરણા આપતું ઉત્તમ ચિત્ર દોર્યું હતું.

ઉંમરની ગણતરી સૂર્યની ગતિથી વરસના હિસાબે ગણવામાં આવે છે. આપણે કાળના વહેણમાં ખેંચાતા જતા હોવા છતાં યે એની ગતિ તો અંદરની ક્રિયાઓથી નિપજતા 'શારીરિક સમય'ની છે. ડૉ. ઍલેક્સિસ કૅરેલ કહે છે 'શારીરિક સમય વ્યક્તિ વ્યક્તિએ ભિન્ન છે. દીર્ઘાયુષીમાં તે ધીમો છે જ્યારે અલ્પાયુષીમાં ઝડપી. વળી એક જ વ્યક્તિમાં જીવનના જુદા જુદા ગાળા મુજબ એ ઝડપી કે મંદ રહે છે. નાનપણમાં એ ઘણો ઝડપી, યુવાનીમાં થોડો ઝડપી અને પ્રૌઢ ને વૃદ્ધાવસ્થામાં ઘણો મંદ રહે છે. જ્યારે આપણી શારીરિક ક્રિયાઓ મંદ પડવા માંડે છે ત્યારે આપણું મન વિકાસની ટોચે પહોંચે છે!'

શરીરના કોષોના પોષણના માધ્યમમાં થએલા ફેરફારો અને આ ફેરફારોની કોષો ઉપર અસરના આધારે 'શારીરિક સમય' અવલંબે છે. કોષોમાં વ્યય-દ્રવ્યો એકઠાં થવાં માંડે એટલે કોષસમૂહમાં સમય વીત્યાની એંધાણીઓ દેખા દે છે. બીજી રીતે કહેતાં શરીરના ફેરફારો અને અંગોની કામગીરી અનુસાર શારીરિક સમય દેખા દે છે. કાળની ગણતરીમાં બાલ્યાવસ્થા ઘણી ટૂંકી ને વૃદ્ધાવસ્થા ઘણી લાંબી લાગે છે, જ્યારે શારીરિક સમયના માપમાં બાલ્યાવસ્થા લાંબી અને વૃદ્ધાવસ્થા ટૂંકી છે. જો માધ્યમનું ધોરણ એકધારું રહે તો કોષ-સમૂહો એક જ દશામાં અનંત કાળ પર્યંત જળવાઇ રહે છે. ખરેખર તે અમર છે. ડૉ. ઍલેક્સિસ કૅરેલે છેક ઈ. સ. ૧૯૧૨ની સાલથી જુદો રાખેલો મરઘીના ગર્ભનો ટુકડો આજ પર્યંત વૃદ્ધિ પામતો જળવાઈ રહ્યો છે.

આપણા શરીરમાં લોહી અને લસી પોષણ-માધ્યમો છે. આમાં કોષોનાં વ્યયદ્રવ્યો સતત ભળતાં રહે છે. ફેફસાં, કિડનીઓ, કલેજું વગેરે આ દોષો દૂર કરી પોષણના માધ્યમની શુદ્ધિ જાળવી રાખે છે; છતાં યે પેશીઓમાં વ્યયદ્રવ્યો જામવાથી લાંબા ગાળે બગાડો થવા પામે છે. એમાંથી ઘણું પાણી નીકળી જાય છે. એ જામેલા પદાર્થો અ-સ્થિતિસ્થાપક હોવાથી અંગો કઠણ બને છે. ધમનીઓ કઠણ બનવાથી રુધિરાભિસરણ મંદ બને છે. ગ્રંથિઓની રચનામાં ભારે રૂપાંતર થાય છે. એમના સ્રાવો ઘટે છે, આચ્છાદક પેશીઓમાં બગાડો થાય છે. આમ થવાથી શરીરના કેટલાંક અંગો જલ્દી 'ઘરડાં' થવા માંડે છે. ધમનીઓ, હૃદય, મગજ, કિડની કે બીજા અવયવો 'વૃદ્ધ' થાય છે. શરીરમાં બધાં અંગો એકીસાથે વૃદ્ધત્વ પામે તો જીવનને ફટકો નથી લાગતો, પણ ઘસારે પડેલાં હૃદય ને લોહીની નળીઓ આખા શરીર માટે ભયરૂપ છે. નીરોગી શરીરમાં વૃદ્ધત્વ ધીમેધીમે પ્રવેશે છે. ઝડપી વૃદ્ધત્વ એ શરીરના કોઈ અંગનો ઘસારો કે એના પરની ઝેરી અસરો દર્શાવે છે.

ત્યારે દેહ વિષે વૃદ્ધત્વ શરૂ થાય છે ક્યારથી? વૃદ્ધત્વ (ageing) એટલે જીવનની છેલ્લી દશા ભણી લઇ જતી અદૃશ્ય, અચલ ને ક્રમિક ગતિ. વૃદ્ધાવસ્થા (old age) એટલે સમયના વહેણ સાથે આવી પડેલી શરીરની છેલ્લી અને ના બદલાય એવી સ્થિતિ. પચ્ચીસ વર્ષે પુખ્ત વય થતાંમાં જ વૃદ્ધત્વનાં પગરણ મંડાય છે. જોકે આ ન દેખી શકાય એવી ઘટના છે અને એનાં બાહ્ય ચિહ્નો પેદા થવાને તો ઘણાં વરસો વીતે છે. આ જમાનાના નજીવા વ્યાયામ, ખૂબ આહાર અને તંગ ને વેગીલા જીવનને લીધે કોક અંગમાં દસ-પચ્ચીસની ઉમ્મરે વૃદ્ધત્વ શરૂ થાય છે. કેટલાક માણસોમાં પાંત્રીસની આસપાસ હૃદય અને લોહીની નળીઓમાં બગાડો શરૂ થાય છે.

સૂરજ વિષે આ તમે જાણતા હતા?

વ્યાપારમાંધનીતેજીનેમંદી,દેશો પર પડતા દુકાળ કે સુકાળ, આપઘાત, ગુંડાગીરી કે છૂટાછેડા,...પૃથ્વી પર થતીઆ બધી વસ્તુઓ સૂરજને કારણે થાયછે.

દૂરબીન વડે સૂરજનું નિરીક્ષણ કરતાં તેના ઉપર જે કેટલાક કાળા ડાઘ દેખાય છે તે જ આ બધાંનું કારણ છે એમ કેટલાક વૈજ્ઞાનિકોની ગણતરી છે. આ સૂર્યકલંક ('સનસ્પૉટ') અમુક નિયત સમયે જ તે પર દેખાયા કરે છે, અને એ એવડા તો મોટા હોય છે કે એકેક ડાઘના પોલાણમાં આપણી અનેક પૃથ્વીઓ ગરક થઇ જાય! આ ડાઘને તેજઝરતી ગરમ વરાળની ઍન્કો તરીકે ઓળખાવી શકાય.

આપણી પૃથ્વીથી નવ કરોડ ને ત્રીસ લાખ-માઇલ દૂર આવેલો હોવા છતાં સૂરજનો તાપ ઉનાળામાં આપણને કેવો દઝાડી મૂકે છે! પૃથ્વી પરનું સઘળું જીવન સૂરજને જ આભારી હોવા છતાં એના અત્યારના કદમાં જો થોડાક જ હજાર માઈલની વધઘટ થાય તો કાં તો તમામ જીવસૃષ્ટિ પ્રજળી જઇને મૃત્યુવશ જ બને; એનું ઉષ્ણતામાન બેએક હજાર વરસ સુધી અત્યારના કરતાં માત્ર ત્રણ અંશ ફારનહાઇટ ઘટી જાય તો પણ પૃથ્વીને ભૂતકાળની માફક ફરી એક વાર મહાન હિમયુગ અનુભવવો પડે! સૂરજ દ્વારા આપણી પૃથ્વીને ચોવીસ કલાકમાં જેટલી ગરમી મળે છે એટલી ગરમી તો ૧૦૦ માઇલ લાંબા, ૮૦ માઈલ પહોળા અને ૫૦૦૦ ફૂટ જાડા બરફના ગચિયાને પિગાળી નાખે.

આપણી પૃથ્વી જેવા તો દસ લાખથી યે વધારે ગોળા સૂરજના ઉદરમાં સમાઇ જાય! પણ પૃથ્વી જેટલો તે ઘટ્ટ ન હોવાથી વજનમાં તો તે પૃથ્વીથી માત્ર ત્રણ લાખ ને ત્રીસ હજાર ગણો જ છે. આપણી પૃથ્વીનો એની આસપાસ ફરવાનો માર્ગ લંબગોળ હોવાથી બંને વચ્ચેના અંતરમાં વધઘટ રહ્યા કરે છે. પરંતુ પ્રારંભમાં જણાવેલા એ નવ કરોડ ને ત્રીસ લાખ માઇલનું સરેરાશ અંતર, કલાકના ચાળીસ માઇલની ઝડપે ચાલનારી રેલ્વે ટ્રેનથી કાપવું હોય તો એનું પ્રવાસભાડું માઇલદીઠ એક આનો ગણતાં પંચાવન લાખ સાડાબાર હજાર રૂપિયા થવા જાય!

લાખોના ખર્ચે અણુને ભાંગીને મેળવેલી શક્તિમાંથી ઉત્પન્ન થએલા અણુ બૉમ્બ અને હાઇડ્રોજન બૉમ્બનાં નામ આપણે આજે સાંભળીએ છીએ; પણ સૂરજ એ તો જાણે અણુભંજનનું એક કારખાનું જ છે. પ્રત્યેક પળે તેમાં હાઇડ્રોજનના અણુઓ ફૂટતા જઇને હેલિયમમાં રૂપાંતર પામતા જાય છે. સૂર્યનો સઘળો શક્તિસ્રોત આ અણુવિભંજનમાં જ રહેલો છે, અને એ શક્તિને જુદા જુદા ઉપયોગમાં વાળવાના વિજ્ઞાનીઓના પ્રયાસ ચાલુ છે. કોલસા વગર સૂરજની ગરમીથી જ રસોઈ તૈયાર થઇ જાય એવા 'સન-કૂકર'ની વાત તો આપણે થોડા વખત પર સાંભળી હતી. પરંતુ સૂરજ વિષે પ્રમાણભૂત ગણાતા પ્રસિદ્ધ અમેરિકન વિજ્ઞાની ડૉ. સી. જી. ઍબટે તો કોલસા, ગૅસ કે વીજળી વિના કેવળ સૂરજની સંચિત કરેલી ગરમીથી ચાલતું એક 'સ્ટીમ એન્જિન' બનાવેલું છે! જર્મન વિજ્ઞાનીઓ વળી ગયા યુદ્ધસમય દરમિયાન એક એવી તોપ ('સન-ગન') બનાવવાના પ્રયોગો કરી રહ્યા હતા કે જેને પૃથ્વીથી ૫૦૦૦ માઇલ ઊંચે અવકાશમાં સ્થિત કરીને તેના એક પ્રબળ આયના વડે સૂરજની ગરમી ફેંકીને પૃથ્વીના કોઈ પણ ભાગને બાળીને ખાખ કરી નાખી શકાય! જર્મન ઇજનેરો ઈ. સ. ૨૦૦૦ સુધીમાં એવી તોપ

ઝીણવટભર્યા અભ્યાસને પરિણામે જાણવા મળ્યું છે કે વ્યક્તિના વિકાસ અને પરિપક્વતાનાં પ્રમાણ વ્યક્તિ-વ્યક્તિએ જુદાં જુદાં છે. કાળગણના અને શારીરિક સમયને કંઈ સંબંધ નથી. વરસોની ગણનામાં સાઠના માણસનું મન પચાસનું ને તેની ધમનીઓ સિત્તેરની હોઈ શકે. આપણી કાયદેસરની ઉંમર પંચાંગ મુજબ જોકે નક્કી થાય છે, પણ રૂપાંતર પામેલી પેસીઓ જ ખરી 'શારીરિક ઉંમર' દર્શાવે છે. સમય નહિ પણ જીવન આપણને વૃદ્ધ બનાવે છે. વૃદ્ધાવસ્થા વરસો વીતવાથી નથી આવતી પણ એને અસર કરતા સામાજિક, માનસિક ને સાંસ્કૃતિક કારણો છે. અપૂરતી ઊંઘ, કૉફી, દારૂ અને તમાકુનું વધારે પડતું વ્યસન, અપૂરતો વ્યાયામ, કામનો ઘસડબોજો, અપૂરતો આરામ, વધારે પડતું જાડ્ય, પોષણનો અભાવ, ઝડપી ખાવું, બંધકોષ ને ચિંતા વગેરે એક કે અનેક કારણોને લીધે અકાલ વૃદ્ધત્વ આવે છે.

વૃદ્ધિ, પક્વતા ને વૃદ્ધાવસ્થા એમ દેહમાત્રની ત્રણ અવસ્થાઓ છે. જે જન્મે છે તે વિકાસ પામી પક્વ થાય છે અને પછી વૃદ્ધાવસ્થામાં પ્રવેશે છે. કુમળું પાન પાકી જઈ પીળું બન્યા બાદ ખરી નથી પડતું? આમ, યુવા પછી આવતી વૃદ્ધાવસ્થાના કારણરૂપ ઘણા વિચારપ્રવાહો છે: (૧) જાતિસ્રાવોની અછત કે અભાવ. (૨) ઉંમર વધતાં કોષોની પાણી સંઘરવાની તાકાત તૂટવી. ગર્ભસ્થ બાળકના શરીરનું ૯૬ ટકા પાણી પ્રૌઢાવસ્થા આવતાં ઘટીને ૬૪·૫ ટકા થઇ જાય છે. આમ થતાં પેશીઓ વચ્ચેનું અંતર ઘટવાથી ઘટ્ટતા (Condensation of tissues) આવે છે. આથી પેશીઓના પોષણમાં ખામી ઊભી થાય છે. (૩) બ્રાઉન સિકવાર્ડ લોહીની નળીઓની કઠણાશને કારણભૂત માને છે. (૪) મૅકીનૉફ આંતરડાંના ભરાવા ને કહોવાટને કારણરૂપ ગણાવે છે. (૫) વિક્ટર હોર્સલી થાયરૉઈડ ગ્રંથિની ક્ષીણતાને મુખ્ય કારણ માને છે. (૬) વૃદ્ધાવસ્થા ને મૃત્યુ એ કોષોની કુદરતી અવસ્થા હોવાનો મિનૉટનો મત છે. (૭) વૅારબર્ગનો મત કથળેલું ભસ્મીકરણ અને જ્વલન હોવાનો છે. (૮) ડૉ. આલફ્રેડ વર્થીન કહે છે, 'વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એ જીવનના કુદરતી અંત છે. આખું જીવન જાણે એ અંત માટે તૈયારી કરતું હોય એમ રચાએલું છે. વૃદ્ધત્વ એ હેતુપુરઃસર યોજાએલી ક્રિયા છે. વૃદ્ધત્વથી થતા શરીરના ફેરફારો એ પ્રાણીનો નાશ કરવાની યોજનાના રૂપે છે. ગર્ભાધાન વખતે જે શક્તિ સક્રિય બની જીવન ચલાવે છે એમાં મંદતા આવતાં ઘડપણ આવે છે.' (૯) આયુર્વેદાચાર્ય ચરક વૃદ્ધાવસ્થાને 'રોગ' માને છે "**कालस्य परिमाणेन जरामृत्युनिमित्तजाः रोगाः स्वाभाविका दृष्टाः** (શારીર : ૧-૨૫)

પિસ્તાળીસ વરસની વયે જીવનપ્રવાસનો થાક વરતાવો શરૂ થાય છે. અવયવો ને પેશીઓના કોષોની કામગીરીમાં મંદતા પ્રવેશે છે. શરીરના બન્ને છેડાઓની વૃદ્ધિ અટકીને હવે તે વચમાંથી શરૂ થાય છે. પેટની ફાંદ વધે છે. ફાંદવાળા કરતાં સપાટ પેટવાળી વ્યક્તિ દીર્ઘાયુષી હોવાનું જેવામાં આવે છે. વૃદ્ધાવસ્થાની શરૂઆતની નિશાનીરૂપ 'વૃદ્ધ દૃષ્ટિ' (Presbyopia) છે. પુસ્તકને આંખથી આઘું ધરવું પડે છે. આ અવસ્થાની સૌ પ્રથમ અસર ઝીલનાર અંગ ચામડી છે. મોં અને શરીરની ચામડી ઉપર ઘડપણની નિશાનીઓ છતી થવા માંડે છે. છોકરું પણ કરચલીઓ, ધોળા વાળ અને તાલનો અર્થ સમજી શકે છે.

ઘડપણ શરૂ થવાની ચોક્કસ આગાહી કરનાર વાળ છે. પ્રથમ લમણાના વાળ સફેદ બને છે. પછી માથાના અને છાતીના વાળ ધોળા થાય છે. બીજા ભાગોના વાળમાં સફેદાઇ મોડી આવે છે. લૅાર્ડ લેકન

સપૂર્ણ બનાવા આશા રાખતા હતા.

પૂનમને દિવસે ચન્દ્રનું અજવાળું રોજના કરતાં વધારે હોય છે; પરંતુ પૂર્ણિમાના એવા દસ લાખ ચંદ્રોના કરતાં યે સૂર્યનો પ્રકાશ વધુ જાજ્વલ્યમાન છે. હમણાં થોડો સમય થયાં 'હેલિયોસ્ટાટ' નામની એક શોધ પેટન્ટ કરાવવામાં આવી છે, જે વડે સૂર્યની ગરમી નહિ પણ કેવળ તેનો પ્રકાશ જ સંચિત કરવામાં આવે છે, અને એક જ યંત્ર વડે મોટા મોટા એક સો ખડને અજવાળી શકાય છે!

વળી મકાન-બાંધકામના વિજ્ઞાનમાં ભવન-નિષ્ણાતો એવા ખાસ બનાવટના છાપરાની શોધ કરી રહ્યા છે જે દ્વારા સૂરજની ગરમીનો સંચય કરીને તે ભોંયરામાં સંઘરી રાખી શકાય. રશિયાએતો પોતાને ત્યાંના મુલકોમાં વિશાળ સ્નાનાગારોનું પાણી ગરમ રાખવા માટે, તે પર સૂર્યની ગરમી સંઘરતા કાચના મોટા ઘૂમટો બાંધેલા જ છે. એમાં થઈને નીચે ઊતરતા નળોમાંથી નહાનારાને ૭૦ અંશ ફારનહાઈટ જેટલું ગરમ પાણી મળી રહે છે!

વિષુવવૃત્ત પરના પ્રદેશો કરતાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવને વધુ સૂર્યપ્રકાશ મળે છે, ને બંને ધ્રુવના વચગાળે આવેલા કોઈ પણ સ્થળ કરતાં દર વરસે ૬૫ કલાક વધુ સૂર્યપ્રકાશ એ પ્રદેશો મેળવે છે. આનું કારણ સૂર્યકિરણોના પરાવર્તન(રિફ્રૅક્શન)માં રહેલું છે. આ પરાવર્તનને કારણે સૂરજ ખરેખર ડૂબી ગયા છતાં તે કેટલોક સમય આપણને ક્ષિતિજ પર દેખાતો રહે છે. વર્ષભરમાં એવી દૃશ્યમાનતા વિષુવવૃત્ત પર ૪૦ કલાક વધે છે, જ્યારે ધ્રુવબિંદુઓ પર તો તે ૧૦૫ કલાકનો ઉમેરો કરે છે.

દૂરબીન વડે સૂરજને જોતાં તેના પૃષ્ઠ પરથી મોટી જ્વાળાઓ ઊડતી દેખાશે. આ જ્વાળાઓની ઊંચાઈ ૩ લાખ માઇલની એટલે કે આપણી પૃથ્વીના પરિઘથી દસગણી હોય છે! પરંતુ આ બધું જાણીને સૂરજના કદથી અંજાઈ ન જતા. વિશાળ વ્યોમમાંના બીજા તેજ:પુંજોના પ્રમાણમાં તો એનું આવડું વિપુલ કદ પણ તદ્દન નાચીઝ બની રહે છે. દાખલા તરીકે M 13 નામના દૂરદૂરના એક તારો સૂરજ કરતાં યે અઢીલાખ ગણો પ્રકાશ ફેલાવે છે, જે જોતાં સૂરજ તો બિચારો સર્ચલાઇટ સામે એકાદ મીણબત્તી જેવો જ ગણાય!

ઇ.પૂ. ૨૧૨માં ગ્રીક વિજ્ઞાની આર્કીમીડિસે સાઈરાક્યુઝના બારામાં આક્રમણ કરી આવેલાં રોમન જહાજોને, સૂર્યનો સંચિત પ્રકાશ પાછો ફેંકતા આયનાઓ વડે સળગાવી દેવાનો પ્રયોગ કરેલો, તે દિવસથી માંડી આજ સુધી સૂર્યની ગરમી અને પ્રકાશના વિનિયોગના જે અનેકવિધ પ્રયોગો આ બે હજાર વરસમાં ચાલતા આવ્યા છે તેમાં ઇ. સ. ૧૮૯૦માં સૂર્યપ્રકાશને વાદ્યસંગીતરૂપે યોજવાનો પ્રયોગ પણ નોંધપાત્ર છે! યુરોપના કેટલાક ભાગોમાં સૂર્યના પરાવર્તિત પ્રકાશને કારણે 'ઉત્તર પ્રકાશસ્તંભ' નામનો એક તેજસ્તંભ રચાય છે જે 'નૉર્ધર્ન લાઇટ્સ' અથવા 'ઑરોરા બોરીએલીસ'ના નામથી ઓળખાય છે, તેમાંથી તો અવાજ સાંભળી પણ શકાય છે!

સૂર્યપ્રકાશમાં રહેલાં અલ્ટ્રા-વાયોલેટ કિરણો આરોગ્ય માટે ઘણાં લાભપ્રદ છે. આથી આર્યોના કાળથી આપણે ત્યાં સૂર્યનમસ્કાર અને ગાયત્રીજપનો મહિમા છે. પણ વધુ વખત તડકામાં રહેવાથી ચામડી પર–ખાસ કરીને ગોરી ચામડી પર–ખરાબ અસર પણ થાય છે. એટલા માટે તો હોલીવૂડના સિનેમા-ઉદ્યોગે ત્યાંનાં સિનેમા-સ્ટારોને નહિ જેવાં કપડાં સાથે સૂર્યસ્નાન કરવાની મનાઇ ફરમાવી છે: કેમકે, કહેવાય છે કે, ત્યાંના સિનેમા-ઉદ્યોગે એ કારણે સિનેમા-સ્ટારોમાં આવેલી માંદગીને પરિણામે દસ લાખ પાંડ ગુમાવ્યા છે!

સૂર્યસ્નાન દ્વારા શરીરને જોઇતો અલ્ટ્રા-વાયોલેટ પ્રકાશ મળી રહ્યો કે નહિ એ માપવા માટે અમેરિકામાં 'સનબર્નિંગ મીટર' પણ શોધાએલું છે. સામાન્યતઃ એના ૧૨૫ યુનિટ શરીર માટે પૂરતા ગણાય છે.

કહે છે, 'તાલ વગર વહેલા પાકેલા વાળ દીર્ઘાયુના સૂચક છે, માટે તાલ પડી હોય તો ઊલટું જાણવું.' અત્યારે તો નાની ઉમરમાં પણ વાળ ધોળા થતા જોવામાં આવે છે. ત્યારે વૃદ્ધાવસ્થાસૂચક ધોળા વાળ કોને ગણવા? ગોસ્વામી તુલસીદાસજીનું કથન છે કે **श्रवन समीप भए सित केसा मनहुं जरठपनु अस उपदेशा ॥** (અયોધ્યા કાંડ) દશરથ રાજાએ દર્પણમાં મુખ નિહાળ્યું. કાન ઉપરના વાળ ધોળા થયા હતા, જાણે ઘડપણ ઉપદેશ દેતું હતું.


આ પછી ઘડપણની નિશાનીરૂપ વિસ્મૃતિ આવી પડે છે. સ્મરણશક્તિ જાણે કે સંતાકૂકડી રમવા માંડે છે. સમય વીતતાં તાજા બનાવોનો સ્મૃતિભ્રંશ પેદા થાય છે. જુવાનીની વાતો રસપૂર્વક કરતા આપણે વૃદ્ધોને ક્યાં નથી જોતા હોતા? વૃદ્ધાવસ્થાનું કરુણ ચિત્ર શ્રીમદ્ શંકરાચાર્યે अंगं गलितं पलितं मुंडं વાળા શ્લોકમાં સુંદર રીતે કર્યું છે. દાંત પડી જવાથી આવેલી મોઢાની કુરૂપતા, મોંમાંથી નીકળતી લાળ, ઘટેલી કે નાશ પામેલી દૃષ્ટિશક્તિ, બહેરાશ, વાંકી વળેલ જર્જરિત દેહયષ્ટિ, અક્કડ બનેલા સાંધાઓ, ઢીલી માંસપેશીઓ, દોરડીઓ જેવી દેખાતી લોહીની નળીઓ, ઉધરસ ને હાંફ, પેશાબના વહનમાં અંતરાય, ખોખરી વાણી, ચીડિયો સ્વભાવ, અપૂરતી ઊંઘ, મંદાગ્નિ અને કથળેલું આરોગ્ય આ બધાં વૃદ્ધ શરીર વિષે આવી પડેલાં લક્ષણો છે.

વૃદ્ધાવસ્થામાં અવયવોની ક્ષીણતા થાય છે, નાશ નહિ. બરોળ, કલેજું, ફેફસાં, મગજ વગેરેનું વજન ઘટે છે. મગજનું વજન ઘટવાથી સર્જક કે મૌલિક વિચારો આવતા નથી કે આવા વિચારો અપનાવી પણ શકાતા નથી. લાંબો વખત ધ્યાન અને એકાગ્રતા મુશ્કેલ બને છે. સંવેદનાક્ષેત્રમાં વિચિત્ર મંદપણું પ્રવેશે છે. જાણે કે વૃદ્ધોનાં હૃદય દુઃખ અને આપત્તિ પરત્વે કઠણ બને છે.

હાડકાં વજનમાં હલકાં, ઘટ્ટતામાં ઓછાં અને બરડ બને છે. હાડકાંની ક્ષીણતાને લીધે એમનું ભાંગવાનું સામાન્ય બને છે. વૃદ્ધાવસ્થામાં સહજ લપસી પડવાથી જંઘાસ્થિ હાડકાની ડોક ભાંગવાનું અતિ સામાન્ય હોય છે. લોહીની નળીઓમાં ચૂનાના ક્ષાર જામવાથી અને માંસપેશીઓની સ્થિતિસ્થાપકતા ઘટવાથી લોહીની નળીઓ સાંકડી અને કઠણ બને છે. આમ અ-સ્થિતિસ્થાપક બનવાથી લોહીની નળીઓ દબાણથી લોહી આગળ ધકેલે છે. અવયવોને લોહીનો પુરવઠો ઓછો મળે છે. કિડની, બરોળ, લીવર કે મગજની લોહીની નળીઓમાં આ સ્થિતિ આવી પડતાં રોગાવસ્થાનાં પગરણ મંડાય છે. મગજની લોહીની નળીઓમાં આ દશા થવાથી થોડી થોડી ઊંઘ વારંવાર આવે છે. વૃદ્ધાવસ્થામાં ઊંઘ અને યુવાવસ્થામાં અનિદ્રા એ આવી પડનારી વ્યાધિનાં અગાંગળ શુકન છે.

માંસપેસીઓની શક્તિ ઘટવાથી ઝડપથી ચાલવાની અને અંતર કાપવાની શક્તિ ઘટે છે. અન્નમાર્ગની માંસપેશીઓમાં પણ આ દશા આવવાથી અન્નમાર્ગના અવયવોના રસો અને ગતિ મંદ પડે છે. જઠરરસનું પ્રમાણ ઘટે છે. પાચનતંત્ર નબળું પડે છે. મંદ પાચનક્રિયા અને બંધકોષ આવી પડે છે. આ વિષે જોશ બિલિંગ લખે છે 'સારું જઠર એ ગમે એટલા સારા મગજ કરતાં વધુ કિંમતી છે.'

આંતરસ્રાવી ગ્રંથિઓનું કાર્ય મંદ પડે છે. એમના સ્રાવો ઘટે છે. થાઇરૉઇડ, પિચ્યુટરી કે જાતિગ્રંથિઓમાં આમ થવાથી સ્ત્રીઓને જાડય આવે છે. પુરુષોમાં પ્રોસ્ટેટ (અષ્ઠીલા) ગ્રંથિ વધે છે જેથી પેશાબના વહનમાં મુશ્કેલી પેદા થાય છે. સ્ત્રીઓની બીજગ્રંથિઓની જેમ પુરુ-



↓ મન અને શરીરમાં ભંગાણનો વધુ સંભવ   મૃત્યુ તો કોઈપણ વયે આવી પડે

ઉંમર સાથે શરીર અને મનના વિકાસકાળ દર્શાવતો આલેખ

પની શુક્રગ્રંથિઓ અમુક ઉંમરે કામ કરતી અટકતી નથી. એંશીથી નેવું વયની વયના માણસોના વીર્યમાં પણ ૪૮ ટકામાં શુક્રજંતુઓ જડ્યા છે. શુક્રગ્રંથિઓના રસની શરીર-સ્વાસ્થ્ય ઉપર પ્રબળ અસર છે. જેમ શુક્રગ્રંથિઓ મોટી અને તંદુરસ્ત એમ વ્યક્તિ દીર્ઘાયુષી હોય છે.

જુવાનીમાં મોતને હસી કાઢતો માનવી વૃદ્ધાવસ્થા આવતાં એનાથી ડરવા માંડે છે. સઘળું નાશવંત હોવાનું આપણે જાણતા હોવા છતાં યે મોતની બીક લાગે છે. આથી આપણે ઘડપણથી પણ ડરીએ છીએ. ઘડપણની નિશાનીઓ દેખાવા માંડતાં માનસિક આઘાત અનુભવીએ છીએ. આથી શરીરની નીચલા ઢાળની દોડ ઝડપી બને છે.

ઘડપણની નિર્બળતાઓ અને અભિગામી મૃત્યુથી ડરીને માનવીએ દીર્ઘાયુષી બનવાનું ઇચ્છ્યું છે. આ વાંછના જૂના કાળથી ચાલી આવી છે. પોતાના પુત્રનું યૌવન સ્વીકારી ઘડપણ રાખવા મથતા યયાતિ રાજા યદુને કહે છે **अतृप्तोऽहस्म्यद्य कामानां....यद्वो प्रतियच्छेमां जरां दोह निजं वयं ॥** (હું કામથી અતૃપ્ત છું; માટે યદુ, આ વૃદ્ધાવસ્થા તું લે અને તારી યુવાવસ્થા મને દે.) આયુર્વેદમાં સૂચવાએલાં કુટીરપ્રવેશ, કાયાકલ્પ અને ચ્યવનપ્રાશાવલેહ વિષે તો સૌ જાણે છે.

વિજ્ઞાનની પ્રગતિના આ જમાનામાં ઘડપણમાં યૌવન જાળવવા કે દીર્ઘાયુ થવા માટે સંશોધનો થઇ ઉપચારો અસ્તિત્વમાં ન આવે એવું તો બને જ નહિ. ઈ. સ. ૧૯૧૧માં વીએનાના પ્રો. સ્ટિનેકની શુક્રવાહિની નલિકાની શસ્ત્રક્રિયા પ્રસિદ્ધિમાં આવી. આમાં શુક્રવાહિનીઓને બાંધવાથી કે કાપી નાખવાથી શુક્રગ્રંથિઓના શુક્રોત્પાદક કોષો નાશ પામી સ્રાવોત્પાદક કોષો વૃદ્ધિ પામે છે. આથી વધેલા સ્રાવથી શરીરના બધા કોષો નવજીવન પામે છે. આ પછી ૧૯૧૩માં રશિયન શરીરવિજ્ઞાની વૉરૉનૉફે વાંદરાની શુક્રગ્રંથિ કે બીજગ્રંથિને માણસમાં મૂકવાનો ઉપચાર શોધી કાઢ્યો. સ્ટિનેકના ઑપરેશનથી અકાલે વૃદ્ધ કે નિર્વીર્ય થએલાને જાતિગત બળ ને કામ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે, પણ એ થોડા સમય પૂરતું જ છે. વૃદ્ધાવસ્થા ઓછી કાંઈ જાતિગ્રંથિઓની ક્ષીણતાનું પરિણામ છે? જાતિગ્રંથિઓની કામગીરી મંદ પડવાથી કંઈ વૃદ્ધાવસ્થા નથી આવતી, પણ એ તો વૃદ્ધ વયનું એક પરિણામ છે.

ફ્રાન્સિસ લૉર્ડ બેકનની ગણના મુજબ પુખ્તતા પ્રાપ્ત થવાની વય કરતાં આઠ ગણી પ્રાણીની જીવનમર્યાદા હોવી જોઇએ. આ રીતે હફલૅન્ડે માનવી પચીસ વર્ષે પુખ્ત થતો ગણી જીવનમર્યાદા બસ્સો વર્ષની ગણી છે, જ્યારે બેકને પુખ્ત વય ચૌદ વર્ષની ગણી આયુર્મર્યાદા સો વર્ષની સ્વીકારી છે. ફ્લુરેન્સે (૧૮૫૬) પ્રાણીજગતમાં પુખ્ત વય કરતાં જીવન પાંચગણું ગણાવી માનવીનાં હાડકાં ૨૦-૨૧ વર્ષે પ્રાપ્ત થતાં હોઈ માનવીનું આયુષ્ય સો વર્ષનું કહ્યું છે. આયુર્વેદે પણ **शतायुर्वै पुरुषः** એમ સો વર્ષનું આયુષ્ય માન્યું છે. બાઈબલમાં ત્રણ કૂડી ને દસ વર્ષનું ગણવામાં આવ્યું છે. રશિયન વિજ્ઞાની ડૉ. એલેક્ઝાન્ડર બોગોમોલેસ કહે છે, 'સાઠ કે સિત્તેર વર્ષનો માનવી હજુ જુવાન છે. એણે આયુની અરધી અવધિ જ વિતાવી છે. બીજી માંદગીની જેમ વૃદ્ધાવસ્થાના પણ ઉપચાર થઈ શકે છે.' એમણે દીર્ઘાયુ બક્ષનાર એ. સી. એસ. (Artireticulo Cytoxis Serum) દવા શોધી છે, જે વૃદ્ધાવસ્થામાં પ્રાણ હણનાર લોહીનું દબાણ, ધમનીઓની કઠણાઈ, કૅન્સર વગેરે રોગો માટે અસરકારક નીવડી છે. શ્રી વિદ્યાબહેન નીલકંઠના મણિમહોત્સવ પ્રસંગનો મ. ગાંધીજીનો સંદેશો આ રહ્યો: '૬૦ વર્ષનું આયુષ્ય આપણને આશ્ચર્યકારક ન લાગવું જોઇએ. ૬૦ વર્ષ મનુષ્યનો મધ્યાહ્નકાળ ગણાવો જોઈએ, ઘડપણ કદી નહિ. જીર્ણ મુલકમાં આપણે બહુ વહેલા જીર્ણ થઈ જઈએ છીએ.' (તા. ૩૧-૧૨-૩૬) ઉપર જણાવેલી આયુર્મર્યાદાને ઘણા થોડા પહોંચી શકે છે. કેટલાક જીવનની શરૂઆતથી જ ખરાબ બાંધાવાળા હોવાથી લાંબું જીવી શકતા નથી. બીજા શારીરિક અશક્તિને લીધે વારસાગત અમુક મર્યાદાઓ લઈને આવેલા હોય છે. ઘણાને પરિસ્થિતિ જીવનને ધમકી રૂપ કે જીવનનો હ્રાસ કરનારી બને છે. આયુમર્યાદા ધંધા ઉપર પણ અવલંબે છે. સામાજિક-આર્થિક સ્થિતિ ને મરણાધીનતા વચ્ચે વ્યસ્ત પ્રમાણ છે. બીજાઓ કરતાં ધંધાદારીઓ લાંબું જીવે છે. ધંધાદારીઓમાં ઓછું જીવનારા દાક્તરો છે. એમનું રોગો વચ્ચે વીતતું જીવન અને અનિયમિતતા એનાં કારણરૂપ છે. દીર્ઘાયુષ ભોગવનારા શિક્ષકો, પ્રાધ્યાપકો અને વકીલો છે.

દીર્ઘાયુષ માટે અનુવંશ સંસ્કારનો મહત્ત્વનો ફાળો છે. દીર્ઘાયુષી માબાપનાં છોકરાં લાંબું જીવનારાં નીવડે છે. આયુર્મર્યાદા, કાર્યક્ષમતા અને જીવનશક્તિ યોગ્ય પોષણ દ્વારા વધારી શકાય છે. જીવનાવધિ જાણવા માટે રીચાર્ડસનનું સૂત્ર આ પ્રમાણે છે: 'વ્યક્તિના મા-બાપના અને બન્ને દાદા-દાદીઓ(પિતામહ-પિતામહી માતામહ-માતામહી)ની મૃત્યુ સમયની ઉંમરના સરવાળાને છ વડે ભાગતાં જે સંખ્યા આવે એટલાં વરસ તેના જીવનની વકી ગણી શકાય.'

ઘડપણ બીજું બાળપણ નહિ પણ આગળ વધેલું તારુણ્ય ગણાવું જોઈએ. મન કદી ઘરડું બનતું નથી. ઉંમર વધતાં માનસિક 'ઝડપ' મંદ બને છે, પણ માનસિક 'શક્તિ' નહિ. વાનપ્રસ્થ જીવનના બહાના હેઠળ જિવાતું બંધિયાર જીવન એ એક જાતનો ધીમો આપઘાત છે. પ્રાપ્ત થએલા અનુભવ ને માનસિક પ્રૌઢત્વનો સમાજને લાભ આપવો જોઇએ. મગજનો ઉપયોગ કરતા રહી નવું શીખતા રહેવું જોઇએ. રસવૃત્તિ જાગ્રત રાખવી જોઇએ. સર્જક વૃત્તિ કાયમ રાખવી જોઈએ. નિવૃત્તિના બીજા છેડે સ્વાભાવિક રસ હોય એવી કંઈ ને કંઈ પ્રવૃત્તિમાં મંડ્યા રહેવું જોઇએ. મ. ગાંધીજીની સવા સો વર્ષ જીવવાની ઇચ્છા પાછળ ઈશોપનિષદના મંત્રનું બળ હતું **कुर्वन्नेह कर्माणि जिजीविषेच्छतम्॥** એનો શબ્દાર્થ આ છે: 'સેવાકાર્ય નિષ્કામ કર્મ કરતો કરતો મનુષ્ય સો વર્ષ જીવવાની ઇચ્છા રાખે છે.' (તા ૧૧-૨-'૪૬) ડૉ. ઍલેક્સિસ કૅરેલ કહે છે, 'Seneseenee seems to be delayed when body and mind are kept working મન અને શરીર કામમાં ગૂંથાએલાં રહે તો વૃદ્ધાવસ્થા આગળ ઠેલાય છે.'

પણ આ વૃદ્ધાવસ્થા ગૌરવભરી હોવી જોઈએ, નહિ કે જર્જરિત બનેલો રોગિષ્ટ અને મરવાને આળસે પરાધીન બનેલો દેહ. અંતકાળ સુધી મજબૂત અંગો સહિતનું આયુ જ ઇચ્છનીય છે. (ચાલુ)



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

તે દિવસે સૂર્ય સારો ઝળહળી રહ્યો હતો. લેઈક લૅમોનની પૂર્વમાં આવેલા દ્રાક્ષના અસંખ્ય માંડવાઓમાં રંગ અને રસની ભભક ભરી રહ્યો હતો. શાન્યોથી જરા આગળ રોન નદીના કિનારો છોડી સહેજ ઊંચે અમે લેસિન જઇ રહ્યા હતા. રસ્તે મધુરીબેન અમને ડૉ. રોલિયેરની જીવનકથની સંભળાવી રહ્યાં હતાં.

ક્ષયરોગના પ્રતિકાર માટે સૂરજનો સીધો તાપ બહુ જરૂરનો છે. ડૉ. રોલિયેરે પોતાના કૂતરા પર એક ઑપરેશન કર્યું ને પાટો બાંધ્યો. કૂતરાએ પાટો ખેંચી કાઢ્યો અને તડકામાં બેસી રહેવા લાગ્યો, જેથી એનો ઘા રુઝાવા માંડ્યો. એ એણે નોંધ્યું. ડાક્ટરનો ગુરુ કોચર. એની સાથે એ ન્યૂ શેટલમાં કામ કરે. ત્યાં એ પ્રેમમાં પડ્યો. પ્રિયતમાને ક્ષયરોગ લાગુ પડ્યો. ગુરુ-આશ્રમને ત્યજી પ્રિયતમાને લઈ એ લેસિન આવી રહ્યો. અહીં સૂરજનાં કિરણોનો લાભ લઈ એણે ક્ષયરોગને નાબૂદ કરવા અખતરા શરૂ કર્યા. દવાખાનું ખોલ્યું. દવાઓને તિલાંજલિ આપી કુદરત, ખુલ્લી હવા, સાદા પૌષ્ટિક ખોરાક અને સૂરજના તડકાને આધારે દરદીઓની સારવાર શરૂ કરી. ડૉ. રોલિયેરે ટૂંક વખતમાં વિજયની નામના મેળવવા માંડી. મધુરીબહેન કહેતાં કે ડાક્ટર જાતે બાલપણમાં તકલાદી શરીરના અને કંગાલ હતા. એણે પોતાનું શરીર પણ તડકે શેકી શેકી ઘેઠું બનાવ્યું હતું. વૈજ્ઞાનિકો યુગ-યુગાન્તરની વાતો કરે છે, આપણે પૌરાણિક સમયની બલિહારીની વાતો સાંભળીએ છીએ. ઈ. ૧૯૦૫માં પારીસમાં ડૉ. રોલિયેરે સૂરજનો તડકો રોગનિવારણમાં કેટલો લાભદાયી છે એ વિષે ભાષણો કર્યાં ત્યારે ડૉક્ટરોએ એની ઠેકડી કરી એને હસી કાઢ્યો. આમ હજી પચાસેક વર્ષો પહેલાં જ સૂરજની શક્તિ વિષે ડૉક્ટરોમાં શંકા હતી.

ગિરિમાળામાં નાની અટારી ઉપર લેસિન આવેલું છે. ત્યાં નાના મોટા ખાટલાઓમાં ખુલ્લી હવામાં દરદીઓ ખુલ્લા શરીરે સૂરજની ગરમી સેવતા પડ્યા પડ્યા આનંદ કરે છે. ખાય છે, પીએ છે, રમે છે, મઝા કરે છે. એંશી ઉપરની એ પડછંદ શરીરની ઉમર હશે, પણ એ તાજગી અને શક્તિનો અખૂટ ફુવારો છે. અખતરા કરીકરીને એણે પોતાનો કક્કો ખરો કરી બતાવ્યો છે.

આપણે હજારો વર્ષો પહેલાંની ઘોર ખોદવામાં રસ લઇએ છીએ, આપણા વડવાઓ ઘણાં સત્યો જાણતા હતા એમ કહી ફુલાઇએ છીએ, શાસ્ત્રોમાં તો સૂર્યપૂજાના મંત્રો પણ છે, સૂર્યનમસ્કારમાં પણ શ્રદ્ધા છે, છતાં અરધીસદી પહેલાં એક સાદી વાત સ્વીકારાવવા પારીસમાં ડૉ. રોલિયેરને જહેમત ઉઠાવવી પડી હતી. અને ગુજરાતમાં તો પ્રખ્યાત સૂર્યમંદિરો પણ છે. એ આપણે સમરાવવાના તો નથી જ તેમ એનું કલાસૌષ્ઠવ નિહાળવા જવા સુગમ રસ્તો સરખો યે બાંધવાના નથી; માત્ર એનો ધ્વંસ થતો જોયા કરીશું. ઠીક. સૂર્યની આપણે ત્યાં તો અનહદ કૃપા છે. એના પૂરતો ઉપયોગ કર્યા વિના આપણે એની શક્તિનો પણ ક્ષય થવા દઈશું ?

સૂરજ-કિરણની વાત કરી; હવે જ્ઞાન-કિરણની એક નાની વાત કરીએ. બેર્નથી ઈન્ટરલાકન થઈ ગાડી બદલીને બ્રુનિગ ઘાટ ઓળંગી ગોલ્ડર્ન જવાનું હતું. ધીરુભાઇએ રેલપાટાનો પૂરો નકશો તથા બપોરનું ખાણું કયા સ્ટેશને કયા રેસ્ટોરાંમાં ખાવું તેની પૂરી સમજ આપીને વહેલી સવારે વિદાય કર્યાં. આલ્પ્સનાં ઓબરલૅન્ડ નામે પ્રખ્યાત હિમશિખરો વચ્ચે આવેલી બિનજાહેરાતવાળી નાનકડી એક જગ્યા. ત્યાં બ્રુનિગ સ્ટેશને ઊતરી ત્રીસ મિનિટ મોટરબસમાં રસ્તો કાપી પહોંચ્યા.

શાંત, ઠાવકી, ઠાઠ ઠઠેરા વિનાની, કોઇને કશી કનડગત ન કરે એવી રહેણાક. આ છે નિશાળ : એકોલ દ હ્યુમેનિટે, હ્યુમેનિટી માટેની નિશાળ. ફિલસૂફ પિન્ડાર જે લખી ગયો છે 'બીકમ વૉટ યાઉ આર્ટ' એ આ નિશાળનું શિક્ષણસૂત્ર છે: 'તું જે છે તે તું થા.' હવે આપણું 'તત્ત્વમસિ' વિચારો. તું તે જ છે. આમ કહીને 'તે જ' પર શ્લેષ કરવાનો મારો જરાયે ઈરાદો નથી. 'સા વિદ્યા યા વિમુક્તયે' એ સૂત્ર પણ આપણે ત્યાં આચારમાં મૂકવા યોજવામાં આવ્યું હતું. વિમુક્ત થયા એટલે તો તેજ તત્ સ્વરૂપમાં ભળી જવાના ને !

પૉલ ગાહેબ અને એની વહુ આ નિશાળનાં સંચાલકો છે. ગાહેબ મૂળ જર્મન. પહેલી નિશાળ ત્યાં જ શરૂ કરેલી. પણ હ્યુમૅનિટી માટેની નિશાળ હિટલર ચાલવા દે ખરો ? એણે તે ઉચ્છેદી નાખી! અને ગાહેબે શિક્ષણના સિદ્ધાંત માટે સ્વદેશ ત્યજ્યો.

ટાગોર અને ગાહેબે પોતપોતાની નિશાળોના ભણતર માટે ખૂબ ચર્ચા કરી હતી. બંને મળ્યા હતા, ભેટ્યા હતા, અને બંનેએ આદર્શો રચ્યા હતા અને તે સિદ્ધ કરવા બંને મથ્યા.

ખરી છે આ નિશાળ. બે ત્રણ નાનકડાં મકાનો છે. સાથે છોકરાઓએ બનાવેલો નાનો બગીચો છે, મહેમાનોને રહેવા માટે સગવડ છે. ઘંટ તો વાગે છે, પણ વર્ગો ગમે ત્યાં ગોઠવાએલા નજરે પડે. બધા જ ભણતી વખતે ધ્યાનમસ્ત છે. ભણે છે એમને ભણતી વખતે પોતે સૃષ્ટિની રચનામાં એક નાનો પણ જ્વલંત અંકોડો છે એવું ભાન થાય છે; એનું હૃદય મુલાયમ, નિર્મળ ભાવભર્યું બન્યું જાય છે. આટલું



સ્વિટ્ઝરલૅન્ડના ભારતીય એલચી સ્વ. ધીરુભાઇનાં પત્ની શ્રી મધુરી બેન દેસાઈ, ક્ષયરોગ નિષ્ણાત ડૉ. રોલિયેર સાથે

થાય એ જ કંઈ ઓછું છે? આમ સમભાવશાળી થતું હૃદય સ્વાભાવિક રીતે અન્યને માટે સંવેદનાભર્યું બને. ગણિતનાં પલાખાં ને કોષ્ટકો તો આવડશે, પણ સંસારની ગણતરીમાં ગૂંચવાએલા અથવા ભૂલા પડેલા પ્રત્યે સહૃદયી થઈને, બને તો માર્ગદર્શક થવા પ્રયત્નશીલ રહેતાં શીખવું, એ કંઈ શિક્ષણનો નાનોસૂનો આદર્શ નથી.

શાકાહારી પૌષ્ટિક ખોરાક. બધી વ્યવસ્થા બાળકો જ કરે. જમતાં મઝા આવી. બધા પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા હતા. હું કોઈ કારણે જરા મોડો પડ્યો, પણ કોઈએ પહેલો કોળિયો ભર્યો નહોતો: મહેમાન આવ્યા છે તે જ પ્રથમ ગ્રાસ ભરે એવો વિનય.

અહીં સોટી તો હતી જ નહિ, પણ ખોટાં કે બેવડાં રજિસ્ટરો યે નહોતાં! ઘાંટાઘાંટ નહિ. યુનિફોર્મ પહેરવાનો ખોટો ખરચાળ દુરાગ્રહ નહિ. નિશાળ પોતે જ નોટબુકો કે પુસ્તકો તૈયાર કરી વેચે એવા વણિકવેડા-કમાણીના ધંધા નહિ. ઈનિસ્પેક્ટરોનો ધાક નહિ. દંડ-ફંડ નહિ, ઇરખા-અદેખાઈ, અંતસ–અન્યાય કે કિન્ના–ખુન્નસ નહિ. તોછડાઈ–તુમાખી યા તુંડમિજાજીપણું નહિ. કેવળ ધારાધોરણથી ખદબદતું, હુકમ–વટહુકમોથી ઊભરાતું, યેન કેન પ્રકારેણ પૈસા જ એકઠા કરવાની વૃત્તિથી ગંધાતું વાતાવરણ નહિ. શિક્ષક બાળકથી પ્રફુલ્લ. બાળક જોઈ શિક્ષકનું મન ઉલ્લાસમય. ત્યાં રમત છે, ચિત્રકામ છે, હાથ કારીગરી, કલાકૌશલ્ય, ખંતીલો અભ્યાસ છે. ટૂંકમાં ત્યાં બાળકના મોં પર નૂર છે, ભણતરનું તેજ છે.

એક રાતે શિક્ષકોની મંડળી જામી હતી. પૉલ ગાહેબ જ જાતે એમને સૂચનાઓ આપતા. એ પત્યા પછી ચર્ચા ચાલી એમાં શિક્ષકોના જ્ઞાનનો સારો પરચો જાણવા મળ્યો. ભારત વિષેની માહિતી સારી, ભારતીય વિષયો પરત્વે જ્ઞાન પણ સારું. આપણા ટાગોર અહીં રહી ગયા હતા. ગાહેબે અને ટાગોરે અભ્યાસ વિષે ખૂબ ચર્ચાઓ કરી હતી. બંનેએ પોતપોતાના આદર્શોનું સામ્ય સરખાવ્યું હતું.

નીકળવાનું મન નહોતું થતું, પણ અંતે સવારની બસમાં નીકળ્યો. ગાહેબ રજા આપે જ નહિ. ઉત્કટ સંવેદનોથી ભરપૂર વિદાયો જિંદગીમાં ઘણી ઓછી હોય છે. આ એક એવી વિદાય હતી જે યાદ રહી જાય,— ફરી પાછા મળીશું એવી ઊભી કરેલી આશામાં આશ્વાસન લઈ સહન કરી લેવાની વિદાય. ગોલ્ડર્નનું એ ગામડું, એનો વાંકવળામણાંભર્યો રસ્તો, દૂર ઊભેલા બરફના પહાડો, જમણે પડખે મેરિજનની સ્વચ્છ ખીણ. દુનિયાના જાતજાતના જાલિમ 'વાદ' અને 'ઇઝમો' વચ્ચે દસકાઓથી ટક્કર ઝીલતો, ગરીબાઈ વચ્ચે આદર્શને જીવની જેમ જાળવતો, અટૂલો શિક્ષણવીર એ ગાહેબ અહીં ઊભો છે. આજે તો ખખડી ગયા છે, પણ મન સાબૂત છે, શ્રદ્ધા અટલ છે. પણ મને પોતાને તો લાગે છે કે વંટોળે ચડી વંઠી ગએલી આજની દુનિયા તો એવા કંઈક ગાહેબોને એની શ્રદ્ધા હંગાથે ભરખી લેશે. સારાને નહિ ટકવા દે.

એવા વિચારે ચડી પાછો એ જ રસ્તે વળતાં ઈન્ટરલાકનમાં સાંજ ગાળવા થોભ્યો. પહાડની તળેટીને અડોઅડ લાગીને પાઘડીપને વિસ્તરેલા એ શાંત શહેરમાં લટાર મારવાની મઝા આવી.

એક દિવસ સવારે દસેક વાગ્યે બેર્નના એક મોટા હોટેલ આગળથી હું નીકળ્યો ત્યાં દૂર એક ગુજરાતી બાનુ રસ્તે કંઈક ખોળતાં દેખાયાં. એ જોઈ મન તો 'મારી નથની ખોવાણી, હે જી રે હું ક્યાં રે શોધું' અથવા 'મારું ઝાંઝર ખોવાણું, હરિવર ક્યાં રમક્યું' એવી લીટીઓ મગજમાંથી પસાર થઈ ગઈ! પાસે ગયા પણ ઓળખાણ ન પડી. ત્યાં તો પાછળથી મારા ખભા પર એક રાઠોડી હાથ પડ્યો અને ચરોતરની મીઠી જબાન સાંભળી: 'એકલો એકલો ભટક્યા કરે છે, તે અમને



રવીન્દ્રનાથ ઠાકુર અને પૉલ ગાહેબ: એકે શાન્તિનિકેતન સ્થાપીને ને બીજાએ એકોલ દ હુમેનાઇટ–માનવઘડતરની શાળા–કાઢીને શિક્ષણના એકસરખા વિરલ પ્રયોગો એકબીજાથી અજાણ રહીને કર્યા.

ખોળવા મદદ તો કર.' ઓનારી! આ તો અમારો જૂનો, '૨૫-'૩૦માં સ્ટુડન્ટ્સ બ્રધરહુડમાં મહેરઅલીની સાથે યા સામે મોરચા માંડનાર કેશવ અમીન! પણ એને એના સાચા કેશવચન્દ્રના નામથી કોઈ ન ઓળખે. એટલા 'કાસમ'ના હુલામણા નામે ઓળખે. અહીં અચાનક એનો આવો ભેટો થયો, અને અમે હજી પૂરી શેકહૅન્ડ તો કરી નથી, તે પહેલાં તો એ કહે 'ચલ ખોળવા માંડ!'

'અલ્યા, પણ શું ખોળું? મારું નસીબ ભૂલું પડ્યું છે તે? કે બ્રહ્માંડમાંથી પૃથ્વી ભૂલી પડી ભમવા માંડી છે તે!'

'એ જો, તારાં એ ડાચાકૂટિયાં સાક્ષરિયાં ટાહ્યલાં રહેવા દે અને સમજણ પડે એવું બોલ. એઇ અનસૂયા બેન, આ મિસ્ટર ચન્દ્રવદન; અને આ અમારાં અનસૂયા બેન, ડૉ. ઈન્દુકાન્ત અમીનનાં વહુ. એમનો વાટવો ખોવાયો છે તે અમે શોધીએ છીએ.'

'પર્સ!' મેં કહ્યું. તો કેશવ કહે 'હવે "ફ્રસ" કરતો રહેવા દે ને શોધવા લાગને! અમે ઓ પેલી હોટલમાં ઊતર્યા છીએ. કાલે રાતે અહીં આવ્યાં હતાં, એટલે કદાચ અહીં પડી હોય.'


'કેશવ! સવાર પડ્યાને-અજવાળું થયાને ચાર કલાક થઈ ગયા–'

'અલ્યા તું ખોળવા લાગને, ટકટક કરતો! લે આ ઈન્દુભાઈ આવ્યા. ઓળખાણ કરો.'

'ઓળખાણ' થઇ એટલે અમે ચારે એમની ગાડીમાં ગોઠવાયા અને ગાડી મે લીગેશન પર હંકારાવી. ત્યાં ધીરુભાઈ તથા સોલી બાટલીવાળાને અમે મળ્યા અને પર્સની વાત કરી.

તરત જ સોરાબજીએ તડાતડ ટેલિફોન ટંકારવા માંડ્યો અને ખબર પડી કે પર્સ સલામત છે. એક બીજા હોટેલમાં જમવા ગએલા ત્યાં ભૂલી આવેલા કે પડી ગએલી, તે સાચવીને એ લોકોએ રહેવા દીધી હતી અને બીજી પંદર મિનિટમાં તો લીગેશન પર એનો માણસ આવીને પર્સ આપી ગયો.

સ્વિટ્ઝરલૅન્ડમાં કાળજું પણ ખોઈ બેઠા હો તો ગમે ત્યાંથી એ લોકો પાછું શોધી લાવે. એવી એમની આબરૂ છે! પ્રજા અત્યંત પ્રામાણિક. અને વળી દંભી બિલકુલ નહિ. જુઓની, એ જ વખતે ડૉ. ઇન્દુભાઈ પોતાની ગાડી રસ્તા પર પાર્ક કરતા હતા, ત્યારે એમને અજાણ્યા પારખી લઈને રસ્તે જતા એક સજ્જને આપમેળે પાસે



ફ્રીબૉર્ગ યુનિવર્સિટીના કોઈ મહાન થીએટર જેવો હૉલ 'ઑલા મૅગ્ના'

આવી, પાછળ કેટલી લેવી એની હાથની ઇશારતે સૂચના આપવા માંડી અને ગાડી ઠામ ગોઠવાતાં હું એનો આભાર માનવા નજર કરું છું એટલામાં તો એ સરકી ગયો. હું જરા છોભીલો પડી પાછો ફરું છું, ત્યાં તો રસ્તે જતો બીજો સજ્જન મળ્યો. એણે મારા મોં ઉપરથી માપીને પૂછ્યું કે પેલા જાય છે તેનું તમારે કંઇ કામ હતું? મેં કહ્યું 'કંઇ નહિ, ફક્ત અમારે એમને થૅંક્યૂ કહેવું હતું.' પેલાએ કહ્યું 'કંઇ વાંધો નહિ; હું એમને કહી દઇશ. તમે જાણો છો એ કોણ છે તે?' મેં ના કહી એટલે એણે કહ્યું કે એ અમારા કૉમર્સ ખાતાના મિનિસ્ટર છે! હું તો ચમકી જ ગયો. અને મારાથી અમસ્તું જ પુછાઈ ગયું, 'તો આપ કોણ છો?' તો કહે 'ડોન્ટ વૉરી. હું મિનિસ્ટર ફૉર હેલ્થ ઍન્ડ ફૂડ.' હેં?! આ અહીંના મિનિસ્ટરો, રસ્તે રઝળે છે એમ? આગળ કે પાછળ કોઈ પટાવાળા પણ નહિ એ શું? એ ઓળખાય કેમ? એમનો મોભો દરજ્જો જળવાય કેમ! પહેલી વાત તો એ કે પગે ચલાય જ કેમ? અરે હું જો મિનિસ્ટર હોઉં ક ની. તો બે પટાવાળા રાખું, આગળ ને પાછળ જિપ ચલાવું, વચ્ચે અફલાતુની મોટર દોડાવું અને કોઈ એવા વટથી રૂઆબ કરું કે ભલભલા અંજાઈ જાય. અલ્યા મિનિસ્ટર થઇએ અને ડાક ન કરીએ? કોણ કોઈક કહેતું હતું કે આવો મોટો ચર્ચિલ પણ લંડનમાં ટ્યૂબટ્રેનમાં ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા—કરે છે. ચર્ચિલ તો કરે; એને જિંદગીની પરવા નથી. હું તો મોટું ખાસ સલૂન બનાવડાવું અને એમાં જ ફરું. રે, પણ હું તે કે દી મિનિસ્ટર થવાનો હતો જે આવા શેખચલ્લીના વિચારો કરું છું!

ત્યાં તો મને કેશવલાલે ઢંઢોળ્યો: 'તને નવાઇ લાગે છે, પણ અમે યે યુરોપમાં ઠીકઠીક રખડ્યા, ને બધે જ મિનિસ્ટરો આવી સાદાઈથી જ રહે છે. એમાં આવો છક શું થઈ ગયો? લે ચાલ, તને જગાડવા અહીં હૉર્ન તો વગાડાય નહિ.'

અને અમે ચારે જણાં ખૂબ ફર્યાં. બહુ મઝા આવી. એક તો કેશવલાલ સાફબોલા, અને એટલા જ સાફ દિલના. ઇન્દુભાઈ ઓછાબોલા, પણ ઊલટામાં વધારે લાગણીવાળા. અને અનસૂયા બહેન વખત જોઇને ધાર્યો ઘા કરવાવાળાં. એ ત્રણેએ એકે જ કર્યું કે મારે એમની સાથે જ ફ્રાન્સ જવું. બીજે દિવસે તો એમને નીકળવાનું હતું, એટલે અમે ધીરુભાઈ પાસે ગયા. તો એ કહે જરૂર. પણ આજે હમણાં તો હું એને જરૂરી કામે લઈ જાઉં છું. કાલ સવારે તમારા ભેગા ભળશે.

ધીરુભાઇ દેસાઇએ પોતાની આલ્ફા રોમિયો બીના ચંદાધરવાળા મહોલ્લામાં હંકારાવી. રસ્તે મને એક નાનકડું ભાષણ આપ્યું: 'એમ કંઇ ફ્રાન્સ જવાય? તમારા દીદાર તો જુઓ! ત્યાંથી આપણું લીગેશન મને પૂછે તો હું જવાબ પણ શો આપું? અને આ અમીન–શંકરભાઈ અને ભાઈલાલભાઇના છોકરાઓ. એમની સાથે જવાનું...' એવું કંઈ બોલ્યા જ કરે અને મને કશી સમજ પણ ન પડે. એટલામાં એક દુકાન આગળ ગાડી ઊભી રહી. એણે ઊતરતાં મને કહ્યું કે અહીં એક કરતાં બે ભલા માની લઈ આવ્યો કે નિરાંતે વાતો થાય. ઑફિસમાં ફુરસદ મળતી નથી. અમે દુકાનમાં દાખલ થયા. ત્યાં ડેન્ટિસ્ટને ત્યાં હોય એવી ભભકાબંધ દસબાર ખુરશીની લંગાર ગોઠવેલી, અને ડૉકટરો પહેરે એવા સફેદ જભ્ભા પહેરીને પાંચ સાત જણા લળી લળીને 'ગ્રેસ્યુ ગ્રેસ્યુ' કરવા મંડી પડ્યા. અમને બંનેને નાકા ઉપરની સ્વચ્છ આરામદાયક ખુરશી ઉપર ગોઠવવામાં આવ્યા અને ધીરુભાઇએ ફ્રેન્ચમાં કંઈ સમજાવ્યું, એટલે એ ટોળીમાંથી બે ભગતો એક મને અને બીજો એમને બનાવવાના કામે મંડી પડ્યા.

આપણે ત્યાં ઘણાં શહેરોમાં 'કેશવપન'ની ક્રિયા કરનારને 'ભગત' પણ કહીએ છીએ, અને એ લોકો ચહેરાને 'બનાવવો' પણ કહે છે. એ 'ભગતો' રાતના ભલેરાં ભજન કરે, પણ દી'ના તો ધંધે વળગતાં ઠીકઠીક ગામગપાટા હાંકે. અહીંનો મોકો જુદો હતો, કારણ એક બાજુ ભાષાનો સવાલ, અને બીજી બાજુ મિનિસ્ટર ધીરુભાઇ હતા, એટલે ખુરશી પર ઢળ્યાઢળ્યા અમે ઘણી વાતો કરી. દરમ્યાન પેલા બે કારીગરો એમનો હાથ અજમાવી, કામ પૂરું થતાં ચહેરાની દુરસ્તી અને સાફસૂફી કરવા મંડ્યા ત્યારે ખુરશીને ઢળાવી, માથાને ઠીકઠીક માલાવી, દ લા ક્રીમ અને દ લા લેવેન્દેર વગેરેથી મહેકાવી જે કુનેહ અને કીમિયાગીરીથી મસળ્યું છે, તેનો લહાવો તો હજી તાળવા પર ચોંટેલો રહ્યો છે! ઘડિયાળ જેમ આ ધંધાને પણ સ્વિટ્ઝર્લૅન્ડે ઝીણવટભર્યો અને ચોખ્ખો બનાવ્યો છે. જે પ્રજા જ કારીગર એના હજામ પણ કારીગર એ સ્વાભાવિક છે. સારી ટિપ્સ મળેલી એટલે બહાર નીકળતાં તો આખી ભગત ટોળીએ અદાથી લળીલળીને અમને રામરામ કહ્યા અને બહાર આવતાં તો માથાનું ટીમચું છૂટું કરી જો જોખવામાં આવે તો ભારોભાર એકાદા બટ મોગરાના કે ચંપાના ફૂલના વજન ઊતરે એવું મુલાયમ અને હળવુંહલકું બનાવવામાં આવ્યું હતું. અહીં આ સ્થળે લાવવા માટે ધીરુભાઇએ શું યે જાણે 'જરૂરી કામ' હોય એવો ડકેરો કર્યો એ સમજી અમે બહુ હસ્યા.

બરાબર છે, ફ્રાન્સ જવા મન અધીરું થઇ રહ્યું છે, અને એ માટે વાળ પણ હવે તો મઠારીને કપાવ્યા છે. ધીરુભાઇ સાથે બીજે દિવસે જીનીવા જઈ ત્રીજે દિવસે સવારે ડૉ. ઈન્દુભાઈ સાથે સ્વિટ્ઝરર્લૅન્ડની સરહદ ઓળંગીશું એમ ગોઠવણ છે. બીજે દિવસે બે વાગ્યે રિચમંડ હોટેલમાં ધીરુભાઈ યૂનિયન મિનિસ્ટર જગજીવનરામને મળવા જવાના છે, પણ એમણે તો બડી ખામદાદે મોટર હંકરાવી. રસ્તે એ ફ્રીબૉર્ગની યુનિવર્સિટી મને બતાવવા માગતા હતા. એ માટે એમણે અગાઉથી ત્યાં સૂચના પણ આપી દીધી હતી. લગભગ આઠેકને શુમારે અમે ફ્રીબૉર્ગના પાદરે પહોંચ્યા હોઈશું અને ધીરુભાઈએ રસ્કિનનાં વાક્યો સંભાર્યાં: 'સ્વિટ્ઝરલૅન્ડમાં સૌથી રમણીય ગામ તે ફ્રીબૉર્ગ.' પછી તો હું રસ્કિનનું એ શહેર વિષેનું લખાણ વાંચી ગયો. એ લખાણ પણ શહેર જેટલું



રસ્કિને જેને સ્વિટ્ઝરલૅન્ડનું સૌથી સુંદર શહેર ગણ્યું છે એ ફ્રીબોર્ગના એક દેવળનો લોખંડનો કળામય દરવાજો

જ રસિક છે. આ નાનકડી નગરી સાધારણ ઊંચાઇએ લીલી જાજમ પર સોહામણી રીતે પથરાએલી છે. ખીણમાંથી ખળખળ વહેતી નદી એનું હૈયું ચિરંતન ધબકતું રાખે છે. એ નદી ઉપર સૂરજ ઠીકઠીક કૃપા વરસાવે છે અને એથી અનેરી તાજગી અને સ્ફૂર્તિ મઘમઘી ઊઠે છે.

અહીં ફ્રીબોર્ગની જાણીતી યુનિવર્સિટી આવેલી છે. સ્વિટ્ઝરલૅન્ડની ૪૨ લાખની વસતિમાં નવ તો યુનિવર્સિટીઓ છે. એમાંની આ એક, –અને તે દ્વિભાષી. વિજ્ઞાન અને ફિલસૂફી ઉપરાંત ઘણા વિષયો અહીં શીખવાય છે. ચાન્સેલર હર્બર્ટ આયેલ્પી રાહ જોતા દરવાજે ઊભા હતા. એમણે અમને બધે ફેરવ્યા. સુંદર મકાન, સ્વચ્છ બાગ, તેજીલા અને ખંતીલા વિદ્યાર્થીઓ જોઈ અને અસંખ્ય પુસ્તકોવાળી લાયબ્રેરીમાં ફર્યા કેડે અમને 'ઑલા મૅગ્ના' એટલે કે વિશાળ હૉલમાં લઈ ગયા. ત્યાં તો ઑડિટોરિયમ ખાસ્સું ચિક્કાર ભરાઈ ગયું હતું. એને હૉલ કહ્યો છે, પણ આપણે ત્યાંના સાધારણ થીએટરને પણ ટક્કર મારે એવું એ મનોરમ થીએટર જ. ત્યાં અમારે બેએ કંઈક બોલવાનું હતું. ધીરુભાઇએ ભારત વિષે ફ્રેન્ચમાં કંઈ કહ્યું. એના અનુસંધાનમાં મેં અંગ્રેજીમાં બે વાત કહી. સભા પૂરી થતાં, મારો જીવ તો એ થીએટર જોવામાં જ લાગ્યો હતો એટલે, કૉફીની લિજ્જત જતી કરી હું તો થીએટરમાં જ ફર્યો. ફ્રીબોર્ગની આ વિદ્યાપીઠ માટે તો એક આખી પુસ્તિકા લખાય, પણ શિક્ષણના શાસ્ત્રમાં આપણે ત્યાં એટલો બધો રસ ઊભરાય છે કે ત્યાં લખીએ તો યે શું અને ન લખીએ તો યે શું?

હા, રસ્તે એ જ લોઝાં–લોઝેન આવ્યું. અહીં પણ વળી એક યુનિવર્સિટી છે, અને કંઇક વિદ્વાનો અહીં પણ ભણાવી ગયા છે, ભણાવી રહ્યા છે. આગળ, લગભગ જીનીવા પાસે એક નાનકડા રસ્તા તરફ ખેતરોમાં બાંધેલી એક ઇમારત આગળ ધીરુભાઇ અમને લઇ ગયા.

'આ ફર્ને–ફર્નો. અહીં આ મકાનમાં વૉલ્તેર રહ્યો હતો. તમે ફ્રાન્ચ જાઓ છો, એટલે વૉલ્તેરને ઓળખીને જાઓ. ફ્રાન્સના સત્તાધીશોએ એને દેશવટો દીધો ત્યારે એ અહીં રહ્યો, અને અહીંથી ત્રાડ નાખતો. બે-ત્રણ મકાનો ખરીદ્યા બાદ અહીં એણે પોતાનું મકાન ચણાવ્યું. અને લેખક એટલે તો ખાં, એટલે પોતે તો બધું જ જાણે, એમ સમજી આ ઇમારત બંધાવી, અને એ માનતો કે હજારો વર્ષ સુધી આ મકાન યુરોપમાં બાંધકામના શ્રેષ્ઠ નમૂના તરીકે ગણાશે!

પણ ના; મકાનમાં કંઈ જ દમ નથી. પરંતુ અહીં એ વીસેક સાલ રહ્યો, લખ્યું અને રોજના પચાસથી સાઠ ઉપરાંત મહેમાનોને જમાડ્યા. અહીં, ૧૭૫૦માં–આજથી બરાબર બસો વર્ષ પહેલાં, ફ્રાન્સનો એ જમાનાનો અજોડ નટ લેકેઈન આવી રહેતો. અને વૉલ્તેર તથા એ બન્ને અહીં, આ ઠેકાણે નાટકો ભજવતા.

વૉલ્તેરે આ જગ્યાને અમર બનાવી છે. એનાં ટોળ, કટાક્ષ, ઠઠ્ઠા, મજાક, ઝેરી બાણ જેવા ટાણા, ખેલદિલી, ઔદાર્ય અને રહેણાક વિષે જાતજાતના કિસ્સાઓ નોંધાયા છે, તમે વાંચજો. ગ્રિમ નહિ તો ટલેન્ટાયર, બંનેએ સરસ વાતો લખી છે. અહીં કંઇક દાગીના ચડી આવતા. એક વાર સ્વિટ્ઝરલૅન્ડનો પ્રખ્યાત ફિલસૂફ, કવિ, ભાષાશાસ્ત્રી ને વ્યુત્પત્તિશાસ્ત્રનો ફાંડો હૉલર અહીં આવ્યો. પણ એને વૉલ્તેરનાં–અહીંનાં નાટકો ન ગમે. બંને બહુ આખડતા અને લડતા. એક વાર એક અંગ્રેજ આવ્યો. એણે કહ્યું કે હૉલરે પોતાને મોકલ્યો છે. વૉલ્તેર કહે, 'બરાબર; હૉલર તો કવિ, મહા ફિલસૂફ અને બહુ વિદ્વાન વ્યક્તિ છે.' પેલા અંગ્રેજે કહ્યું કે 'આ સાંભળી મને ખુશી થઈ, કેમકે હૉલર તમારે માટે એવું કંઇ જ કહેતા નથી.' તરત વૉલ્તેરે સચોટ થાપ મારી' 'કદાચ અમારી માન્યતામાં અમે બંને જ ખોટા હોઈશું!'

અહીં કાસાનોવા અને ઇટાલિયન કવિ બેરીનલી પણ એની મહેમાની અને મજાક માણી ગયા હતા. લાગટ વીસ વરસ લગી અહીં દેશદેશાવરથી અતિથિઓની લંગાર જામી હતી. ઘણા તો એમ ને એમ જ ચડી આવતા. ઘણી વાર એ કંટાળતો અને બબડતો પણ ખરો. એક વરસમાં એણે ચારસો અંગ્રેજ મુસાફરોને જમાડ્યાની નોંધ જડે છે. એક વાર એ સૂવા ગયા અને કોઇ ચડી આવ્યું. 'એને કહો કે હું મરવા પડ્યો છું.' બીજે દિવસે એ જ પ્રવાસી પાછો આવ્યો અને કહ્યું કે મારે વૉલ્તેરની નાડ તપાસવી છે. વૉલ્તેરે કહેવડાવ્યું કે 'કહો, હું મરી ગયો છું.' અતિથિ ડૉક્ટર હતો. એણે સામું કહેવડાવ્યું કે 'બરાબર છે; હું ડૉક્ટર છું, અને મારા ધંધામાં મારે કેટલાકને દાટવા પણ પડે છે. હું એને દાટીશ.' એના જવાબથી ખુશ થઈ વૉલ્તેરે એનો સાદર સત્કાર કર્યો!

એક વાર એ બે કોયર આવ્યા, અને એણે જાહેર કર્યું કે પોતે છ અઠવાડિયાં રહેનાર છે. વૉલ્તેરે એને કહ્યું, 'ડૉન ક્વિઝોટ અને તમારામાં શો ફેર! એ ધરમશાળાઓને કિલ્લા અને ટૉટા માનતો, જ્યારે તમે ટૉટાને ધરમશાળા માનો છો!'

કોઈ વાર તો સાંજે જમણ વખતે સોથી દોઢસો માણસો થઇ જતા. અને બધા જ વૉલ્તેરને મોઢે વાતો સાંભળવા તત્પર રહેતા. કેટલાક એ લખી લેતા અને પોતાની તરીકે જાહેર કરતા. પણ પછી સાંભળનારા કહેતા કે એ તો વૉલ્તેર જ કહી શકે. દાન્તેનું ફ્લૉરેન્સ, નેપોલિયનનું કૉર્સિકા, શેક્સપીઅરનું સ્ટ્રૅટફોર્ડ, ગટેનું વીમર તેમ વૉલ્તેરનું ફર્નો હવે તો ઐતિહાસિક ગામડું થઈ ગયું છે.

આખે રસ્તે, પછી તો ધીરુભાઇએ વૉલ્તેરની વાતો કરી. જીનીવા પહોંચતાં જીન જૅક રૂસોના સ્મારક પૂતળા આગળ આવી રૂસોની વાતો કરી. એક ઘડિયાળીનો એ દીકરો; જીનીવાનો રહીશ; વૉલ્તેરથી થોડાં વર્ષો અગાઉ એ કીર્તિ સંપાદન કરી ગયો હતો. સાધારણ રીતે



રડમસ

ફોટોકલાકાર : આના મારી ત્રિપમન



રૂપ-છાયા ફોટોકલાકાર: આના મારી ત્રિપમન



બિન્દુ

ફોટોકલાકાર: આના મારી ગ્રિપમન



શ્વેત અને શ્યામ

ફોટોકલાકારઃ આના મારી ટ્રિપમન

ફ્રાન્સની સાથે રૂસો, વૉલ્તેર અને મિરાબોની ત્રિપુટી સંકળાએલી સંભળાય. અમે તો શહેર જોવા નીકળી પડ્યા કારણ કે ધીરુભાઇ મિનિસ્ટર જગજીવનરામને મળવા ગયા. અમને એ નીચે જ મળ્યા, ને જોતાં જ બંનેને રાતના જમવાનું નોતરું આપ્યું. ત્યાં બેર્નના ભારત લીગેશનમાંથી વાડિયા પણ આવી ગયા હતા. વાડિયા અસલ મુંબાઈના વતની, પણ યુરોપમાં બહુ રહેલા. ફ્રેન્ચ અને જર્મન તો ફડફડાટ બોલે. સાંજ સુધી કંઇ કામ ન હોવાથી વાડિયાજીને હસ્તક મને સોંપવામાં આવ્યો અને એ મને શહેરમાં લટાર મારવા લઈ ગયા. જાતે ચિત્રકાર, સંગીતના શોખીન, યુરોપના રાજકારણના જાણકાર, ભારત સરકારના અફસર, હસમુખા, ભોળા ને સહૃદયી એ વાડિયાજી સાથે ફરવાની મઝા આવી. એમણે ઘણું બતાવ્યું, પણ એક દારૂની દુકાનમાં એક કળથી ચાલતી એક કરામત જોવાની ખૂબ મઝા પડી. બારીને થાંભલે ઊભેલો એક માણસ છે. બરાબર એક મિનિટ થાય કે એ હાથમાં ઝાલેલું ટંબલર દારૂના પીપ આગળ લંબાવે છે. અરધી મિનિટ જાણે કે એ ભરાઈ રહેતાં, એ એમાંથી ત્રણ ઘૂંટડા પીતો હોય તેમ મોઢે લગાડે છે. પછી હાથ નીચે લટકી પડે છે. આપણે જાણીએ કે ખેલ બલાસ: પણ બરાબર એક મિનિટે એ ત્રણ વિચિત્ર જાતના ટચકિયા અવાજ કરે છે ત્યારે ભારે રમૂજ થાય છે. દારૂની દુકાન અને દારૂના ગેરફાયદાની આ જાહેરાત, અને છતાં ત્યાં લોકો દારૂ પીએ. એ પણ એક ખેલ જ છે.

રાતે જમણ પૂરું થયા પછી ધીરુભાઇ બેર્ન ગયા. હું સવારે નક્કી કરેલે ઠેકાણે કેશવચન્દ્ર અમીનની રાહ જોતો ઊભો. પોણો કલાક થઈ ગયો, પણ કશો પત્તો ન મળે. એટલે આપણે હવે ફ્રાન્સ. પણ ત્યાં તો 'હેલો અલ્યા' કરતા શુદ્ધ ગુજરાતી-ગામડી ફ્રેન્ચમાં બોલાવતા કેશવચન્દ્ર ઝળકયા, અને અમે હંકાર્યા. રસ્તાની બીજી બાજુએ મોટર હતી એમાં ગોઠવાયા, ને અમે ચાર જણાએ સ્વિટ્ઝરલૅંડમાંથી રુખસદ લીધી. જીનીવાની આસપાસ ફ્રાન્સનો મુલક એટલો નજીક છે કે તરત જ સરહદ આવી અને અમે ફ્રાન્સની ભૂમિ ઉપર હવા ખાવા લાગ્યા.

આ વૉલ્તેરની ભોમકા; રૂસો, મિરાબો, હ્યૂગો, આનાતોલ, રોમેં રોલાંની આ ભૂમિ! અઠ્ઠાવીસ વર્ષ વૉલ્તેર અહીંથી આઘો રહ્યો હતો, છતાં ફર્નીમાંથી એ જે તાતાં તીર ફેંકતો એથી પારીસ બળબળી ઊઠતું. ત્યારનું પારીસ એટલે રાજ્યદરબારી પારીસ. ખટપટોથી ખદબદતું પારીસ. લુઈ પંદરમો ગુજર્યો ને ફ્રાન્સમાં અનેક ફેરફારો થયા. ૧૭૭૮ના ફેબ્રુઆરીમાં વૉલ્તેર ફરી પારીસ જવા નીકળ્યો,—એ જ પારીસ કે જ્યાં એનાં પુસ્તકો બાળવામાં આવ્યાં હતાં. નાટકો તો ત્યાં ભજવાતાં, પણ રાજઆજ્ઞા એવી હતી કે વૉલ્તેરનું એક પણ નહિ. વૉલ્તેર જાણતો હતો કે જો દરબારીઓ સામે પડ્યા તો એના હાડકાનો એકે કટકો શોધી નહિ જડે, છતાં 'જો મારે જવાની ભૂલ કરવી હશે તો એ ભૂલ કરતાં મને કોણ અટકાવશે' એમ કહી એનો રસાલો કાઢ્યો.

આ જ એ રસ્તો. ઇન્દુભાઇ રસ્તાનો નકશો નજર સામે રાખી ગાડી હાંકે છે. બાજુમાં એમનાં વહુ અનસૂયાબહેન જીનીવાથી ખરીદેલું ખાયું વારંવાર ખોલી ક્યારેક ચીઝ તો કદીક સૅન્ડવિચ આપે છે. ક્યારેક સારી ચૉકલેટ હાથ લાગે છે તો ઇન્દુભાઇને જાતે ખવડાવે છે.

આ રળિયામણા ડુંગરો, અને એમાંથી ચડતા-ઊતરતા રસ્તાઓ: અહીંથી વૉલ્તેર ગયો ત્યારે રસ્તા આટલા સારા હશે ખરા? ત્રણ રાત એણે રસ્તે કાઢેલી. બુર્ગ પાસે એણે ઘોડા બદલ્યા. ધર્મશાળાના માલિકને ખબર પડી કે છૂપા વેશે વૉલ્તેર છે, એટલે બોલ્યો: 'ઘોડાને પવનવેગે દોડાવો; ભલે ઘોડા મરતા. અમને પણ જાણવા દો કે એમાં મોસ્યો દ વૉલ્તેર બિરાજે છે!' પારીસ નજીક આવવા માંડ્યું, અને ચોર્યાશી વર્ષનો બુઢ્ઢો વીસનો થઈ બેઠો. પારીસ પહોંચતાં કસ્ટમવાળાએ સવાલ કર્યો કે કંઈ ગેરકાયદેસર વસ્તુ છે? તો વૉલ્તેર કહે છે, 'કશું નથી, સિવાય કે હું પોતે!' પારીસમાં દાખલ થતાં જ હજારો લોકો એની આસપાસ વીંટળાવા માંડ્યા.


કલાકાર ડેનને કરેલા વૉલ્તેરના વિવિધ પ્રસંગના સ્કેચોના સમૂહ

'કોઈ ભૂત, કોઈ અવતારી પુરુષ કે કોઈ યુગવિધાયક શહેરમાં દાખલ થતા હોય એવો શહેરમાં હાહાકાર મચી ગયો હતો' એમ બ્રિમ એ પ્રસંગ વિષે લખે છે. કોર્નીલ ને રેસીન પછીના મોટામાં મોટા નાટકકારને પારીસે આવકાર આપ્યો. ફિલસૂફો એનાં કપડાંને ચૂમી લેવા મંડ્યા. અકાદમીના સભ્યોએ હારતોરા મોકલ્યા. અરધું પારીસ એને પગે પડી આવ્યું. દરેક જણ એની પાસેથી કંઇ ને કંઇ તુક્કો, કિસ્સો, વાત, મજાક સાંભળી આવ્યું. વચગાળે એ પોતાના 'આઇરેન' નાટકની લીટીઓ લખાવતો રહેતો. દરબારીઓએ એને ભયથી આવકાર્યો. કાફે, સાલોં અને નાટકશાળાઓમાં રોશનીઓ થઈ. પારીસ છોડ્યું ત્યારે એ ગજબનાક ભયંકર માણસ ગણાતો; આવ્યો ત્યારે રાજા કરતાં યે વધારે દબદબાથી દાખલ થયો. એનો રોળ અને યાદશક્તિ હજી એટલાં જ સચોટ હતાં. પારીસ એના પર વારી ગયું.

પણ આઠ દિવસમાં એ માંદો પડ્યો. એકાદી નસ તૂટી. લોકોએ મનભર બરદાસ્ત કરી. ડૉક્ટરો સારવાર માટે તૂટી પડ્યા. કંઇક સારો થતાં એ થીએટરમાં ગયો. મારી ઑન્વાનેત પણ જોવા આવી. નાટક પૂરો થતાં બધા નટોએ એને ફૂલના તાજ પહેરાવ્યા. ફૂલના ઢગે એ આખો ઢંકાઈ ગયો. અકાદમીએ એને લુવ્રમાં નોતર્યો. રાજાએ ત્યાં હાજરી આપી. પોણો કલાક સુધી સભાએ ઊભા રહી તાળીઓ પાડી. તે રાત્રે નાટકમાં કલાક સુધી ગડગડાટ ચાલ્યો. આખરે એણે ઊભા થઈ લળીલળી તાળીઓ બંધ કરવા વિનતિ કરી. ઉંમર વધી ગઈ હતી: દિવસો થોડા હતા. ફ્રેન્ચ ભાષાને એણે રમાડી, લડાવી, બહેલાવી હતી. એને અંગારે ચળકાવી હતી, તારાના તેજે દેદીપ્યમાન કરી હતી. એ ડામ દઈ શકતો, ભાલા ભોંકી શકતો. નિષ્પ્રાણ અને મરણતોલ ઊંઘમાં અળસાએલી પ્રજાને પડકારી ફટકારી એણે સભાન બનાવી

મૂકો હતો. એ ભાષાના શબ્દકોષ રચવાનું આખરી કામ અણે માથે લીધું અને 'એ'થી 'ડી' સુધી પહોંચ્યો. નસીદ યાદ આવે છે, નહિ? વિરલાઓનું એ કામ. મેની સાતમીએ એ અકાદમીમાં ગયો. બોલ્યો: 'સદ્ગૃહસ્થો, ઇન ધ નેઈમ ઑાવ ધ આલ્ફાબેટ-બારાખડીના માનમાં હું તમારો આભાર માનું છું.' સભ્યોએ જવાબ વાળ્યો: 'અક્ષરોના માનમાં અમે તારા આભારી છીએ.'

વૉલ્તેરની ફક્ત મૃત્યુકથા લખવી હોય તોયે એક ભારે ગ્રંથ થાય. એની મરણપથારી આગળ ભાવિકોનું ભારે ટોળું જામ્યું હતું. એમાંના લેખકોએ એ સમયનાં સોંસોની રીતિ. તથા અંગત મતવ્યો પ્રમાણે, રંગબેરંગી ચિત્રો ઉપજાવ્યાં છે. મોટા માણસોના આખરી શબ્દો ઘણી વાર એક નથી હોતા, ઘણા હોય છે; કારણ અનેક ત્યાં હાજર રહી સાંભળ્યાનો દાવો કરે છે! એમ વૉલ્તેરની મરતાં અગાઉની છેલ્લી એક કરતાં વધારે ઉક્તિઓ નોંધાઇ છે. પણ મરતાં એ શું બોલ્યો, એના કરતાં મરતાં પહેલાં કેમ જીવ્યો એ જ મહત્ત્વનું છે. મેની બારમીથી મામલો બગડ્યો. વીસમી મે ૧૭૭૮ની રાતે એ ગુજર્યો. રાજા, ધર્મગુરુઓ ને પૂર્વગ્રહો હજી જોર-માં હતા. દફન રઝળાવે એ બીકે એ જ મધરાતે કોઇ મુસાફર બેઠો ઊંઘતો હોય એમ એના શબનો દેખાવ કરી, પારીસમાંથી ગાડી હંકારાઈ. પહેલી જૂને બપોરે ગાડી કરો થોભ્યા વિના સ્કેલિયર ગામે પહોંચી. બીજી જૂને ત્યાં 'અહીં વૉલ્તેર સૂતો છે' એટલી જ તકતી સાથે એને દાટવામાં આવ્યો.

પારીસમાં ખબર પડી અને રાજ્યદરબારે એના મૃત્યુની નોંધ લેવાની મના ફરમાવી. વડા ધર્મ-ગુરુએ એના કફનને દાટવા ન દેવાની આજ્ઞા કરી! એના જીવતાં એનાથી જે બીતા, તે હવે જોરમાં આવ્યા! નાટકશાળામાં એનાં નાટક ન ભજવાય, ક્યાંયે પણ સભા ન ભરાય એવા હુકમો છૂટ્યા. પણ જેટલી બંધી, એટલો જ રોષ. જેટલું ફરમાવ્યું એથી ઊલટું જ થવા માં-ડ્યું. નવેમ્બરમાં ફ્રેડરિક ધ ગ્રેટે જર્મનીમાં એને ભારોભાર અંજલિ આ-પી. રાણી કૅથેરાઇને એની આખી લાયબ્રેરી ખરીદી લીધી. એના મરણ પછી બાર વર્ષે એણે નાખેલાં બીને પરિણામે ફ્રાન્સમાં વિપ્લવ થયો. ૧૭૯૦માં સરકાર બદલાઈ ને એ જ સાલમાં વૉલ્તેરના ભજવાતા એક નાટકમાં ઉમરાવપદેથી ભ્રષ્ટ થએલા એક ઇસમે પ્રેક્ષકોને સંબોધી વૉ-લ્તેરનાં અસ્થિને પારીસમાં લાવવા ઉદ્ઘોષણા કરી. ૧૭૯૧માં પ્રજાએ સત્તાધીશો પાસે એની માગણી મૂકી. સ્કેલિયર ગામથી એનાં અસ્થિને ભારે દબદબાથી પારીસ લાવવા ગોઠવણ થઈ. ગામડેગામડેથી એના કફન પર ફૂલો લદાયાં. ચાર દિવસે કફન પારીસ પહોંચ્યું. બાસ્તિલના કેદખાનામાં જ્યાં એણે કારાવાસ ભોગવ્યો ત્યાં એને આખી રાત રાખવામાં આવ્યું. 'અહીં જુલ્મગારોએ તને જંજીર પહેરાવી, ત્યાં સ્વતંત્ર પ્રજા તને અંજલિ આપે છે.'

બીજે દિવસે શબ-સરઘસ નીકળ્યું: નટનટીઓ, બાસ્તિલને તોડનારા સૈનિકો, કોઇ ગ્રીક વેશમાં તો કોઈ ફ્રેન્ચ, કોઇએ ધરી છે લાકડી તો કોઇએ ભાલો. ઘણાએ મરનારનાં લખાણો, ચીતરેલાં પટકૂળો ઝાલ્યાં છે. બાર ઘોડાના બગીમાં વૉલ્તેરના શબને ખુલ્લું મૂક્યું (કહે છે કે બારમાંના બે સફેદ ઘોડા તો મારી આંત્વાનેતે મોકલાવેલા) હારબંધ મિલિટરી, સંગીતકારો, વાવટાવાળા, ઍસેમ્બલીના સભ્યો એમ હજારોનું સરઘસ, લાખો પ્રેક્ષકો વચ્ચે થઈ ચાલ્યું. ઑપેરા હાઉસ આગળ પાલખી થંભી. વૉલ્તેરના 'સૅમસન' નાટકમાંનું ગીત ત્યાંની ઑપેરા કંપનીના નટો બહાર નીકળી, નમી, ગાઈ ગયા: 'જાગો હે પ્રજાજનો! જાલિમ જંજીર તોડો.' રાજમહેલ વટાવી સરઘસ પ્રજાએ બાંધેલા 'થીએટર ફ્રાંસ્વા' આગળ થંભ્યું. ત્યાં 'એણે ૮૪મે વર્ષે "આઇરેન" લખ્યું' એ મુદ્રાલેખ ઉચ્ચારી પછી પ્રજાએ યોજેલા નવા 'પાંથિયાં' નામના કબ્રસ્તાનમાં એને અનન્ય દબદબાભર્યા માન અકરામ સાથે ભૂગર્ભમાં પોઢાડ્યો. આ ૧૭૯૧માં બન્યું. ૧૮૧૪માં બૉરબો રાજાના કોંચારીઓ મધરાતે ઘૂસ્યા અને વૉલ્તેરની કબરો ખોદી એમાંનાં હાડકાં કોથળામાં ભરી શહેર બહાર ગટરમાં ગરકાવી આવ્યાં. ૧૮૬૪માં પ્રજાજનોને આની ખબર પડતાં, 'પાંથીઓ'માં ફરી અસ્થિ પધરાવવાનો સમારંભ રચ્યો. ૧૮૭૮માં પારીસે ભભકાથી એની ભાતભરી શતાબ્દી ઊજવી. વિક્ટર હ્યૂગોએ પોતાના ઉમળકે ઊછળતા ભાષણમાં એનાં ભારોભાર વખાણ કર્યાં. ત્યાર બાદ ઓરલીઆંના બિશપ અને બીજાએ એનાં લખાણોની નવી આવૃત્તિઓ ન થાય એ માટે બંદીઓ ફરમાવી. ફ્રેન્ચમાં પહેલી નવલિકા, કાવ્યમય ગદ્ય, અનન્ય પત્રલેખન, હળવાથી માંડી તીખામાં તીખી ચોટદાર મજાક-ટોળ અને બેનમૂન નાટકોના લેખકની, સ્વતંત્રતા માટે જાગૃતિ લાવનાર કવિ, ફિલસૂફની આવી છે છાયા-પડછાયાવાળી રોમાંચક-કફનકથા.

અચ્છા. એક ઘણી ઊડતી નજર મિરાબો પર નાખીએ. એ જરા વધારે જીવ્યો; રાજ્યકારભારમાં પ્રધાનપદું પણ ભોગવી ગયો; સ્વતં-ત્રતા માટે લખી હાકલો પાડનાર એ ૧૭૯૧માં ગુજર્યો. ફરી ઘેલી પારીસે એની મૃત્યુસવારી યોજી. લશ્કર, ક્લબ સંસ્થાવાળાઓ, કલા-કાર જૂથો અને સૈનિકોએ, શહેરીઓએ પહેરાવેલા સ્વાતંત્ર્ય-તાજ-વાળા એના શબને ઊંચક્યું. ગરીબોને ખૂબ દુઃખ થયું. કોક બોલ્યું કે અધિકારીઓએ રસ્તે પૂરું પાણી પણ છંટાવ્યું નહિ, કારણ એટલી ધૂળ ઊડવાની બાકી હતી! એક ઘરડી બાઇએ જવાબ આપ્યો, 'પણ સરઘસ પસાર થતાં ધૂળ ન જ ઊડી, કારણકે અમ ગરીબોનાં આંસુ-ઓની એમને ખાતરી હતી. એટલાં આંસુઓથી ધૂળ ઢંકાઇ ગઈ હતી. એ જ 'પાંથીઆં'માં દુઃખઘેલી નગરીએ કબર ચણાવી. '૯૨માં સરકાર ફેરવાઈ. '૯૪માં ખૂનીઓનાં મુડદાં સાથે એકાએક મધરાતે મિરાબોની ઘોર ખોદી શબને નાખી દેવામાં આવ્યું. '૯૭માં એના અવશેષ રહેલાં અસ્થિને ફરી વાર 'પાંથીઆં'માં સન્માન સાથે દાટવામાં આવ્યાં!

આપણે સુખી છીએ: સ્મશાનમાં બળ્યા કે રાખ પંચભૂતમાં ભળી જાય—ઊડી જાય, ક્યાં? ન જાને! શબ, કફન, અસ્થિ, અંત્યેષ્ટિ બધા સાથે ધૂન પ્રમાણે સન્માન કે રઝળાવે, એવી રમત કરનારી છે આવી જગતની ચંચળશ્રેષ્ઠ પ્રમત્ત નગરી પારીસ—પારી... (ચાલુ)

સુભાષિત

· ઇન્દ્રવંશ-વંશસ્થ ·

यथा चतुर्भिः कनकं परीक्ष्यते
निघर्षणच्छेदनतापताडनैः ।
तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते
ज्ञानेन शीलेन गुणेन कर्मणा ॥

(અનુવાદ)

જે ચાર રીતે પરખાય સોનું,
ટીપ્યે, કસોટી ઘસી, તાપ, કાપથી,
તેવી પરીક્ષા પણ માનવીની
જ્ઞાને, સુકર્મે, ગુણ શીલથી છે.

[વિવરણ: શ્લોક સ્પષ્ટ છે. સોનાની પરીક્ષાની જેમ માણસની પરીક્ષા પણ ચાર પ્રકારે થાય છે; અને તેમાં જ્ઞાન, ગુણ અને શીલ હોય પણ તે પ્રમાણે કર્મ ન હોય—આચરણમાં ન મુકાતું હોય—તો નકામું ગણાય. ચારે હોય તો જ માણસ સોના જેવો છે. —ર. ભી.]

બકુલ ત્રિપાઠીની નિર્બંધિકા

પત્તાંનો ખેલ.

મેં પણ ક્યારેક ક્યારેક પત્તાંની રમત વિરુદ્ધ બબડાટ કર્યો છે, પણ તે તો સૌ પત્તાં રમવામાં મશગૂલ બની ગયા હોય અને મારી વિનંતીઓ કે ધમકીઓ છતાં જમવાનું મોડું થતું હોય ત્યારે, અથવા તો મારે જનતાની લાગણીને માન આપીને પત્તાં રમવા બેસી જવું પડ્યું હોય પણ મારો જીવ તો અધૂરા મૂકવા પડેલા કોઈ પુસ્તકનાં પાનાં વચ્ચે જ રહી ગયો હોય ત્યારે. આવાં શુદ્ધ સ્વાર્થનાં કારણોએ તમે ક્યારેક ક્યારેક પત્તાંની રમતને જાહેરમાં વખોડી કાઢો એ હું સમજી શકું છું, પણ એથી આગળ વધીને સૈદ્ધાંતિક કારણોએ પત્તાંને ઉતારી પાડનારાઓને હું સમજી શકતો નથી.

પત્તાં રમવાની વાત જ્યારે જ્યારે નીકળે છે ત્યારે મારા એક મિત્રનું મોં જોવા જેવું થઈ જાય છે. પત્તાં રમવામાં પાપ છે એ મહાન સત્ય ન જાણનારા અમારા જેવાં માર્ગ ભૂલેલાં બંધુડાં પ્રત્યેની દયા ને દુઃખના ભાવો એમના મોં પર ઊભરાઇ આવે છે. પત્તાં કોઈના દુશ્મન નથી, પણ પત્તાંના દુશ્મન ઘણા છે. યુરોપના ક્રિશ્ચિયન ધર્મગુરુઓએ તો એક જમાનામાં એના પર પ્રતિબંધ પણ મૂક્યો હતો. એ રમત શોધાઈ હતી પણ, કહેવાય છે તેમ, ફ્રાંસના એક ગાંડા રાજકુમારને રીઝવવા. એટલે ઘણાને લાગે છે કે પત્તાં રમવાનું મન થાય ત્યારે આપણે ભાગવત વાંચવા બેસી જવું જોઇએ. મને એ વાત ખોટી લાગે છે. ભાગવત જરૂર વાંચવું, પણ તે ભાગવત વાંચવાનું મન થાય ત્યારે જ. બાકી પત્તાં રમવાનું મન થાય ત્યારે તો પત્તાં જ રમવાં જોઇએ.

ખરું જોતાં પત્તાં કંઈ મૂર્ખાઓની રમત નથી. પત્તાં રમવાં એ તો શું પણ ચીપવાં એ યે કુશળ કલાકારનું કામ છે. 'સાહેબ'ના મોં સામે દૃષ્ટિ રાખી ટકાટક ટચ-સિસ્ટમથી પાનાંનાં પાનાં ટાઈપ કરી નાખનાર ટાઇપિસ્ટ ગર્લ, પિયાનો પર આંગળીઓ નચાવનાર સંગીતકાર કે કલાકની હજારોના હિસાબે સડસડાટ નોટો ગણતા બૅંકના કૅશિયર પ્રત્યે થવું જોઇએ એટલું માન મને પત્તાં ચપળતાથી ચીપનાર પ્રત્યે થાય છે! સિસોટી વગાડતાં ન આવડવી, એક ભમરડાની આરથી બીજો ભમરડો ચીરતાં ન આવડવું કે પત્તાં ચીપતાં ન આવડવાં એ અધૂરી કેળવણીની નિશાની છે.

પત્તાં ચીપ્યા પછી ચપળતાથી વહેંચવામાં પણ એવી જ શક્તિ જોઇએ છે: જુદાંજુદાં પાત્રોમાંથી વિવિધ ફરસાણ લઈ અરધી મિનિટમાં ભેળ બનાવી આપનાર ભૈયાજી, જુદાજુદા બાટલામાંથી દવા લઈ પાણી સાથે હલાવી આપનાર કૅમ્પાઉન્ડર, ચાર ટેલિફોન ઉપર એકસાથે ધ્યાન આપનાર મોટી લિમિટેડ કંપનીના વ્યવસ્થાપક, કે જુદા જુદા લેખકોમાંથી મુદ્દા લઈ ચાર-છ કલાકમાં જ નવી મૌલિક વાર્તા લખી આપનાર લેખકને મળવું જોઇએ એટલા માનનો એ અધિકારી છે.

પત્તાં રમનારાના બે વર્ગ હોય છે: એક તો હિટલર-મુસોલિનીઓનો ને બીજો સામાન્યનો. પ્રથમ વર્ગના 'પત્તાંના ચંગીઝખાનો' પત્તાં ચીપે છે કે વહેંચે છે ત્યાં સુધી તો શાંત શાણા પચ્ચીસ વર્ષ પુરાણા કૅશિયર શા નિરુપદ્રવી લાગે છે. પણ પછી ધીરે ધીરે એમનામાંનો ચંગીઝખાન આળસ મરડીને બેઠો થવા માંડે છે. પત્તાંને ચીની પંખાની જેમ ગોઠવતાં ગોઠવતાં–બાજી ખરાબ આવી હોય તો તો ખાસ–એમનાં ભવાં સંકોચાય છે. રેપરેશન પેમેન્ટ્સના ભારથી નહિ દબાવા કૃતનિશ્ચય હિટલરની દૃઢતા એમના મુખ પર શોભી ઊઠે છે. પોતાના ભયંકર મૌન દ્વારા એ 'ફાયર'ના ઑર્ડર પહેલાંની ભયજનક શાંતિ પ્રસરાવે છે. 'કાર્યં સાધયામિ, દેહં પાતયામિ વા' કહેતાં એ પત્તું ઊતરે છે... અને પછી, યુદ્ધની કિકિયારીઓ સાથે આગળ વધતા, હજારોલાખોની સેનાને દોરતા, હુકમો કરતા, દુશ્મનોની નિર્દયતાથી કતલ કરી એમના પ્રદેશને બાળીઝાળી નાખતા, દેશદ્રોહીઓને ઝબ્બે કરતા ચંગીઝખાન જેવી એમની રમત બની જાય છે. તમે ખોટું પત્તું ઊતરો છો ત્યારે એ 'અરરર, બાફ્યું... બાફ્યું...' ના પોકારોથી દિશાઓ ગજાવી મૂકે છે. કટોકટી વખતે પત્તું ઊતરતાં વાર કરનાર પ્રત્યે 'એય સુધીરિયા, ત્યાં શું જુએ છે બાઘાની જેમ? ઊતરને...' અથવા તો ગુલામનું પત્તું ઊતરતાં, 'એ આ ગોલ્લો... આ ગધ્ધો! એ આ ગધ્ધા ઉપર આ બાદશાહ'ના ચિત્કારો કરવામાં અથવા તો કંઈ મૂંઝવણભરી કટોકટી ઊભી થાય ('દુરીની જોડ કોની પાસે હશે?') ત્યારે ભવાં ચડાવી પત્તાં પર ત્રાટક કરી આજુબાજુનાંના શ્વાસ અધ્ધર થઈ જાય એવું વાતાવરણ ઊભું કરી દેવામાં આ લોકો કુશળ હોય છે. એ અંતે જીતે છે— અને આ ચંગીઝખાનોને મેં ઘણું ખરું જીતતા જ જોયા છે– ત્યારે એમના મોં પરનું કૃતકૃત્યતાનું ગૌરવભર્યુ ગાંભીર્ય જોવા જેવું હોય છે.

અમારા એક મિત્ર પત્તાંના જબરા શોખીન છે. એકવાર હું એમને ઘેર મહેમાન થએલો. અમે બધાં આનંદથી ગપાટા મારતાં જમ્યાં. જમ્યા પછી પાનબાન ખાધા બાદ એમણે એમનાં પત્નીને બૂમ પાડી: 'એઈ! આવે છે ને?' 'આ આવી.' પત્નીએ જવાબ આપ્યો. 'ચાલો શિરીષ, સનત્, રોહિણી...ચલો...ચલો...' કરીને એમણે સૌને ભેગાં કરવા માંડ્યાં. બાળકોએ અને એમનાં પત્નીએ આવતાં જરા મોડું કરવાનો પ્રયત્ન કર્યો એટલે એમણે ઘાંટો પાડ્યો, 'શું કરે છે ક્યારની? કહ્યું નહિ એકવાર; આમ ને આમ સાડાનવ તો થયા'! ચૂપચાપ સૌ આવીને ગોઠવાઈ ગયાં. મને થયું કે કુટુંબકોર્ટમાં કોઇનો ન્યાય કરી ગુનેગારને ભયંકર સજા ફરમાવવાની હશે; કારણ, જો પ્રાર્થના કરવાની હોય તો તો આવું ભયગ્રસ્ત વાતાવરણ શાનું હોય? પણ તે એવા તે કયા ગુનાનો ન્યાય કરવાનો હશે કે બધાં આમ ગંભીર થઇને બેસી ગયાં છે? હું જરા વિચારમાં પડી ગયો. પણ ત્યાં તો એમણે ટેબલના ખાનામાંથી પત્તાં કાઢ્યાં. શ્રાદ્ધ સરાવતા હોય એવી ગંભીરતાથી એમણે પાનાં વહેંચ્યાં અને રમવાનું શરૂ કર્યું. એમની એ રમત જોઇ ત્યારે જ મને પત્તાંના ચંગીઝખાનપણાનો ખરો ખ્યાલ આવ્યો. જો કે એ પહેલાં જ્યારે પપ્પાના ભેરુ થવા માટે બાળકોએ એકબીજાને આગ્રહ કરવા માંડ્યો, 'રોહિણી તું પપ્પા જોડે રહે'; 'ના મમ્મી તું;' 'પણ તો સનત્ તું જ પપ્પાનો પાર્ટનર થાને?' એમ ફૂટબોલ રમાવા માંડ્યો ત્યારનો જ પપ્પાના પાર્ટનર થવાનું 'સદ્ભાગ્ય' જેને મળશે એની શી દશા થશે એનો મને જરા અણસારો આવી ગએલો. 'મમ્મી'ને ભાગે એ આવ્યું... અને પછી તો 'તું મૂરખની સરદાર છે... આમ ઊતરાતું હશે?... ઓહ... અરરરરર... ક્યાં બળ્યું છે તારું ભાન?... રમતનું મધર્સ મૅરેજ કરી નાખ્યું... ત્ચ ત્ચ ત્ચ ત્ચ ત્ચ... ઊત...ર! બાઘા જેવી જોયા શું કરે છે?... એ...ઈ! દફ...! આહ! લુફ... કરીકરીને એમણે ઝળઝળિયાંપૂર્ણ બનાવી દીધેલાં 'મમ્મી'ની ભયગ્રસ્ત આંખો, ચૂપાચૂપ બેસી ગએલાં બાળકો ને વિશાળ યુદ્ધજહાજનું સંચાલન કરતા લશ્કરી અફસર જેવી એમની અદા– હજી મારાથી વીસરાતાં નથી!

જો કે એક વાત કરી દઉં: આમ સ્વભાવે એ મિત્ર તદ્દન ગુલાબી માણસ છે; પણ પત્તાં ખેલતી વખતે, બસ, એ એવા બદલાઇ જાય છે

કે જાણે ગોપીવલ્લભ શ્રીકૃષ્ણે સુદર્શન ધારણ કર્યું!

ક્યારેક ક્યારેક બાજી જીતમાં હોય છે ત્યારે 'લાલા..લા..લલલલા.. લા..લા..લા' કરીને એ મોટેથી ગાવા મંડી પડે છે, ટેબલ પર તાલ આપવા મંડી પડે છે, પાસે પડેલો સોપારીનો કટકો અદ્ધર ઉછાળી, અદ્દાથી ઝીલી લઈ એ મોંમાં મૂકી દે છે, ડોલવા માંડે છે, મોજમાં આવી જાય છે... પણ પાછું એકાદું ખરાબ પતું નજરે આવતાં, 'એ.. ઈ..યૂ!.. ફૂ..!' કરતા એ ગર્જી ઊઠે છે!

મને પત્તાંનો શોખ છે, પણ હું તો છું સામાન્ય માણસના વર્ગનો જ, ચંગીઝખાન વર્ગનો નહિ. મારા રાજમાં પત્તાંની રમત દરમ્યાન બારી બહાર વરઘોડો આવ્યો હોય તો એ જોઈ આવવાની છૂટ હોય છે; જમીન પર દેહ લંબાવી પેટ પર તકિયો રાખીને તથા પગ ખુરશી પર ગોઠવીને પત્તાં રમવાની સ્વતંત્રતા હોય છે; સરસ પાનું જતું રહે તો 'ભલું થયું ભાંગી જંજાળ' માનનારને તિરસ્કારની દૃષ્ટિથી વીંધવામાં આવતો નથી. ગીતાનો અનુષ્ટુપ ગાવાની, આ આ આ કરીને રાગ આલાપવાની (અને તબલાંની થાપને સ્થાને જોરથી પત્તું પટકવાની), ફિલ્મી ગીતોને ન્યાય આપવાની સ્વતંત્રતા હોય છે, અને બરાબર રમતાં ન આવડે ત્યારે પોતાનાં પત્તાં બીજાને સોંપી દઇને કોઈ ત્રીજા બિરાદરને 'કેમ રમવું'ની સલાહ આપવા મંડી પડવાની પણ છૂટ હોય છે! જિંદગીમાં પત્તાં ખેલ્યાની ખરી મઝા એમ જ લેવાય, એમ નથી લાગતું? સરમુખત્યારોની વાત જુદી છે, બાકી પ્રજાતંત્રની રીતે પત્તાં રમાતાં હોય ત્યાં તો ઘડીક 'અંચાઈ'ની પણ છૂટ હોવી જોઇએ એમ મને ક્યારેક લાગે છે. કદાચ આ વાત પર તમે છેડાઈ પડશો. પત્તાં રમતાં અંચાઈ કઢાય કે નહિ એ પ્રશ્ન અહિંસા અને વિશ્વશાંતિ જેવો જ મહત્ત્વનો છે. ઘણાં માને છે કે પત્તાંમાં અંચાઈ કરનારા રૌરવ નર્કના અધિકારી થાય છે. મને લાગે છે કે થઈ શકતી હોય છતાં અંચાઈ ન કરનારે પત્તાં ન રમવાં જોઇએ—એણે ગામડાંના કોઈ સરકારી દવાખાનાના સેવાભાવી કમ્પાઉન્ડર થઈ જવું જોઇએ.

એક જણ મને કહે, 'તમારી માન્યતા માટે તમારે શરમાવું જોઇએ. પત્તાં રમવામાં અંચાઈ કરાય જ નહિ.'

મેં કહ્યું, 'પત્તાંમાં અંચાઈ ન કરાય તો શામાં કરાય?' જીવનમાં કંઈ બધાને દેશી રાજ્યના ફોઝદાર, મોટા છાપાના તંત્રી કે શહેરમાં દૂધની દુકાનના માલિક બનવાની તક નથી મળતી. મળતી હોય તો ય આવા કામમાં અંચાઈ કરવી એ સમાજવિરોધી કૃત્ય છે. પણ પત્તાંમાં? એમાં તો કશું લેવાદેવાનું નથી હોતું (હું પૈસા મૂક્યા વિનાનાં પત્તાંની જ વાત કરું છું), એટલે એમાં થતી અંચાઈ, કલા ખાતર થતી કલાના જેવા ઉચ્ચ સ્થાને વિરાજી રહે છે. પત્તાંમાં અંચાઈ ન હોય તો રંગત જ ન આવે. કહેવાય છે કે આ રમતમાં અકસ્માતનું ઘણું મહત્ત્વ છે, પ્રારબ્ધ જ મુખ્ય ભાગ ભજવે છે. કબૂલ. પણ એટલે જ કહું છું ને કે આ રમતમાં સાચા પુરુષાર્થને ક્યાં યે અવકાશ હોય તો તે 'અંચાઈ' કરવામાં જ છે! ભાગે આવેલાં પત્તાં તો સૌ કોઈ ઊતરે—જીવનમાં ને ગંજીપાની રમતમાં; ન મળેલાં પત્તાં યે ઊતરે એ જ ખરો પુરુષાર્થી! અને છતાંય તમારામાં અંચાઈ કરવાની કુશળતા ન હોવાને કારણે બીજાઓની અંચાઈ પણ ચલાવી લેવા તૈયાર ન હો તો ભલે અંચાઈ ન ચલાવી લેશો, પણ પત્તાંની રમતને જ સમૂળી રદબાતલ ગણવાની શી જરૂર છે? એ ખરું કે પત્તાં સિવાયની બીજી ઘણીખરી રમતો રમનારની કોઈ ને કોઈ શક્તિ વિકસતી નથી—સિવાય કે પત્તાં રમવાની! અને એટલે જ ઘણા કહે છે કે પત્તાં ન રમવાં જોઇએ કારણ એનાથી કંઈ જ ફાયદો નથી થતો. પરંતુ મને તો લાગે છે કે પત્તાંની રમતથી કંઈ જ ફાયદો ન થતો હોય તો તો જરૂર રમવી જોઇએ! શારીરિક કે માનસિક લાભ ન જ આપતી હોય તો તો આ મહાન રમત આપણને નિર્મોહી બનીને કાર્ય કરવાનો, પ્રભુપ્રીત્યર્થે પ્રવૃત્તિ કરવાનો સંદેશો આપે છે એમ કહેવાય. અને એસ્તો એનો મોટામાં મોટો લાભ કહેવાય! વિનોબાજીને કો'કે પૂછ્યું કે 'ગાય વગેરે તો જાણે દૂધ દે છે પણ પેલા કાગડાનો શો ઉપયોગ?' ત્યારે એ કહે 'બધા પ્રાણીઓ આપણા ઉપયોગ માટે નથી સર્જાયા એ પાઠ આપણને શિખવાડવાનો!' પત્તાંની પણ વ્યર્થતામાં જ એની સાર્થકતા સમાઈ છે.

કેટલાક એમ પણ કહે છે કે આજે હજારો લોકો નવરાશે પત્તાં રમે છે ને 'વખત બગાડે' છે. પણ મને સમજાતું નથી કે એમાં થઈ શું ગયું? આપણે લોકો પત્તાં ન રમતા હોત તો કદાચ કોઈનાં ખિસ્સાં કાતરતા હોત, ઊંઘતાં ઊંઘતાં સ્વપ્નામાં જાદુઈ લાકડીથી 'સાહેબ'ને શિયાળ બનાવી દેતા હોત, કવિતાઓ લખી કોઇ એ વાંચત નહિ એટલે નિસાસા નાખતા હોત, છાપાંમાં ચર્ચાપત્રો લખતા હોત, ભાષણો કરતા હોત, કોઇને ઉચ્ચ જીવન જીવવા વિષે ઉપદેશ આપતા હોત, ગુજરાતી સાહિત્યના દારિદ્રય અંગે વિલાપ કરતા હોત, શબ્દવ્યૂહની ચાવીઓ ઉકેલતા હોત, મોટરનું પેટ્રોલ બગાડતા હોત, ધારાસભામાં જઈ ઊંઘતા હોત, આરામ-ખુરશીમાં બેસી પોતાનો મહેલ રચતા હોત..એના કરતાં પત્તાં રમીએ છીએ એમાં ખોટું શું? 'સમાજના ઉત્કર્ષ માટે અને નીતિભાવનાના પ્રસાર માટે' મંડળ કાઢી એમાં આઇસ્ક્રીમ ખાવાને બદલે મિત્રો સાથે પત્તાં રમીએ છીએ એ જ ઠીક છે. પત્તાં જો વ્યર્થ લાગતાં હોય તો પછી સાહિત્ય પણ વ્યર્થ લાગવું જોઇએ, (એ પણ 'બાવનનો વસ્તાર' જ છે ને?) રાજકારણ પણ વ્યર્થ લાગવું જોઇએ (સર-બાજી સિવાય એમાં બીજું છે શું?) જીવન પણ વ્યર્થ લાગવું જોઇએ—અને જીવનમાં યે આપણે ભાગે આવેલાં પત્તાં બને એટલી કુશળતાથી ખેલવા સિવાય બીજું છે શું?

આના મારી ગ્રિપમન (અનુસંધાન પૃ. ૧૭૪થી)

શ્રીમતી ગ્રિપમનનાં ૮૮ ફોટોચિત્રોનું એક પ્રદર્શન ભારતના જુદાંજુદાં શહેરોમાં ચાર મહિનાથી ભરાય છે. આ વર્ષની તા. ૨૩ થી ૨૮ જાન્યુઆરી દરમિયાન આપણા પાટનગર દિલ્હીમાં ત્યાંની કૅમેરા સોસાએટીના ઉપક્રમે તે ભરાએલું. તે પછી ફેબ્રુઆરીના પહેલા અને બીજા અઠવાડિયામાં બૅંગ્લોર અને મુંબાઈ ખાતે યોજવામાં આવ્યું હતું. ત્યારબાદ ક્રમશઃ કલકત્તા અને મદ્રાસમાં ગોઠવાયું. હવે મે માસના પહેલા અઠવાડિયામાં 'નિહારિકા'ના ઉપક્રમે અમદાવાદમાં તે ભરાશે.

બાળફોટોગ્રાફીના આ નિષ્ણાતને એમના ધ્યેય વિષે પૂછતાં એમણે જણાવ્યું કે 'બચ્ચાં મોટાં થતાં માળો છોડી ઊડી જાય ત્યારે એમનાં ચિત્રોથી માતાને કદીકદી મીઠી સ્મૃતિઓ તાજી થાય કે મારું બચ્ચું એક દિવસ કેવું કુમળું, હૂંફભર્યું—અને કદીક કેવું કરુણ પણ હતું, તો હું ચિત્રની સાર્થકતા માનું.'

ફોટોગ્રાફિક ઈમલ્શન તથા ફિલ્મની બનાવટ

લેખક : ગોવિન્દ એસ. મેવાડા

શરૂઆત

આજથી લગભગ એક સદી પહેલાં જ્યારે ફોટોગ્રાફી તેની બાલ્યાવસ્થામાં હતી ત્યારે તે વખતના ફોટોગ્રાફરને પોતાના કામ માટે જાતે ફોટાની પ્લેટ બનાવવી પડતી. તેમાં ઘણી જ મુશ્કેલીઓમાંથી પસાર થવું પડતું. સ્ટૂડિયોની બહાર ફોટો પાડવાના હોય ત્યારે તો પ્લેટ તૈયાર કરવાની બધી સાધન સામગ્રી પોતાની સાથે લઈ જવી પડતી, જેમાં એક કાળો તંબૂ પણ લઇ જવો પડતો : ઈમલ્શન લગાવતી વખતે અંધારીઓરડી(dark-room)તરીકેઉપયોગ કરવા માટે. કાચની પ્લેટ ઉપર ઈમલ્શનનું એકસરખું પડ લગાવવામાં ખૂબ અનુભવ, કારીગરી અને નસીબ કામ કરતાં. આવા પ્રતિકૂળ સંજોગોમાં પણ આદિ ફોટોગ્રાફરે પોતાના માટે પ્લેટ બનાવી તે પર સુંદર ચિત્રો ઉપજાવેલાં. ફોટોગ્રાફીના ઇતિહાસનો વિકાસક્રમ આલેખતાં આવાં કેટલાંક ચિત્રો આજે પણ ઇંગ્લંડની 'રૉયલ ફોટોગ્રાફિક સોસાએટી (સ્થા. ૧૮૫૩)'માં સચવાઈ રહ્યાં છે.

આ પ્રમાણે પ્લેટ બનાવવાના સંક્રાન્તિકાળની જૂની રીતો 'ડાગરે ટાઇપ', 'કેલોટાઇપ', 'કોલોડિયન' વગેરે નામથી ઓળખાય છે. અત્યારે તો તે ભૂતકાળમાં ભૂંસાઈ ગઇ છે અને જિલેટીનમાંથી ઈમલ્શન બનાવવાની રીત જ ખૂબ પ્રચલિત થઈ છે. ઇ. ૧૮૭૧માં સૌ પ્રથમ મૅડોક્સે સિલ્વર બ્રોમાઇડમાંથી જિલેટીનનું ઇમલ્શન બનાવ્યું. ત્યાર બાદ કેનેટે તૈયાર ઇમલ્શન વેચવા માંડયું, જે ફોટોગ્રાફરો પાણીમાં ઓગાળી કાચ ઉપર લગાવી પ્લેટ તૈયાર કરતા. ત્યાર પછી ઝડપી ઇમલ્શન (ઓછા પ્રકાશથી ફોટો પડે તેવું) બનાવવાના અખતરા શરૂ થયા. એબ્નીએ શોધી કાઢયું કે તેમાં થોડો પોટાશ્યમ આયોડાઈડ નાખવાથી ઝડપ વધે છે; અને ૧૮૭૯ની સાલમાં તો આજે જેને આપણે સામાન્ય ઝડપી (ordinary) ફિલ્મ કહીએ છીએ તેવી શક્તિવાળી પ્લેટ બજારમાં મળવા પણ માંડી. આને પરિણામે ફોટોગ્રાફીના ઉપાસકોએ પોતાના ઘરગથ્થુ અખતરાઓથી પ્લેટ બનાવવાની વૃત્તિ છોડી દીધી, કારણ કે બજારમાં ઓછી કિંમતે પ્લેટ મળતી હતી.

હવે ઇમલ્શનમાં રંગ (dyes) નાખી તેની ઝડપ વધારવાના અખતરાઓ પ્રયોગવીરોએ ચાલુ રાખ્યા. બર્લિનના ડૉ. વૉગેલે આ પ્રથા શરૂ કરી. ક્લેટન અને ટેઈલફરે ઈઓસીન (eosin) નામનો રંગ વાપર્યો અને તે પ્લેટને 'આઈક્રોમૅટિક' નામ આપ્યું. ૧૯૦૨માં બર્લિનના માથ અને ટ્રાબે ઇથીલ-રેડ નામના રંગ વાપરી રંગપટ(spectrum)ના નારંગી ભાગ સુધી પ્લેટની ચેતનતા (sensitivity) વધારી. ૧૯૦૫માં હોમોલ્કાએ પીનાસાઇનોલ રંગ વાપરી પ્લેટને આખા રંગપટ પ્રત્યે ચેતન (panchromatic) બનાવી. ત્યાર પછી તો ઘણી



જાતના રંગ શોધાયા અને આખા રંગપટ તો શું પણ તેની બન્ને બાજુના અદૃશ્ય પ્રકાશો=ultra-violet(પાર-જાંબલી), indra-red(પારરાતો), x-rays (ક્ષ-કિરણો) વગેરે પ્રત્યે પણ પ્લેટની ચેતનતા વિકસાવવામાં આવી. ૧૯૧૭ની સાલમાં બને બાજુ ઇમલ્શન લગાવેલી પ્લેટ અસ્તિત્વમાં આવી. ક્ષ-કિરણોની ફોટોગ્રાફીમાં એનો ઉપયોગ નોંધાયો. હાલમાં રેડિયોગ્રાફી માટે આવા ફિલ્મ-શીટ (ફિલ્મનાં તાવદાન) વપરાય છે.

ઇમલ્શન

ફોટોગ્રાફીના વિજ્ઞાનની આખી ઈમારત એક રાસાયનિક (photo-chemical) પ્રક્રિયા ઉપર ચણાએલી છે: કે 'પ્રકાશ સિલ્વર હેલાઇડ્સ (સિલ્વર બ્રોમાઇડ, ક્લોરાઈડ, આયોડાઇડ) ઉપર અસર કરે છે.' આથી જિલેટીનમાં સિલ્વર બ્રોમાઇડના અસંખ્ય નાના કણોને ભેળવી ઈમલ્શન બનાવવામાં આવે છે. આ ઇમલ્શન કાચ, કચકડો કે કાગળ પર લગાવવાથી ફોટોગ્રાફી માટે અનુક્રમે પ્લેટ, ફિલ્મ કે પેપર બને છે. ઇમલ્શનની બનાવટમાં કઈ વસ્તુઓ કેટલા પ્રમાણમાં ને કેવા સંજોગોમાં (ઉષ્ણતામાન, હવાના ભેજ, વાયુનું દબાણ વગેરેમાં) ભેળવવામાં આવે છે તે તો તે બનાવનારાઓ જ જાણી શકે. એ રીતો એમણે પેટન્ટથી સુરક્ષિત કરેલી હોય છે એટલે પૂરી માહિતી તો ન જ મળે, પણ સર્વસામાન્ય હકીકત નીચે પ્રમાણે છે: વપરાતી વસ્તુઓ: ૧ જિલેટીન (સરેસ); ૨ સિલ્વર (ચાંદી)+નાઇટ્રિક ઍસિડ (સુરોખારનો તેજાબ)=સિલ્વર નાઈટ્રેટ; ૩ પોટાસ અને ઍમોનિયાના હેલાઈડ્સ (ક્લોરાઈડ, બ્રોમાઇડ અને આયોડાઇડ) અને ૪ ચેતનકારક દ્રવ્યો (સેન્સીસાઇઝર્સ). આ બધી વસ્તુઓનો વિગતવાર પરિચય કરીએ:

જિલેટીન

ચામડાના ટુકડાઓમાંથી મેળવેલા અશુદ્ધ જિલેટીનને પાણીમાં અનેકવાર ધોયા બાદ ચૂનાના પાણીથી સાફ કરવામાં આવે છે. ત્યાર બાદ ચૂનાનું પાણી દૂર કરવા માટે તેમાં જરૂર જેટલો મીઠાનો મંદ તેજાબ (હાઇડ્રોક્લોરિક ઍસિડ) નાખી ૬૦ ડિગ્રી (સેન્ટીગ્રેડ) સુધી ગરમ કરવામાં આવે છે. પાંચ ટકા જેટલું જિલેટીન ઓગળે એટલે પ્રવાહી કાઢી નાખી તેમાં બીજું સ્વચ્છ પાણી નાખી ૭૦ ડિગ્રી (સેં.) સુધી ગરમી આપે છે. તેમાં પાણીનું પ્રમાણ ઓછું થઇ જાય એટલે તેને ઠારી દેવામાં આવે છે. જિલેટીનને સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં મેળવવા માટે પ્લૅટીનમના ધ્રુવો વચ્ચે વિદ્યુત્ પૃથક્કરણ કરવું પડે છે.

આ જિલેટીન સિલ્વર બ્રોમાઈડના અણુઓને પ્લેટ ઉપર એકસરખા સ્થિર કરી આપે છે. પ્લેટ ધોતી વેળા જિલેટીનમાં 'ડેવેલપર' પ્રવેશી આ અણુઓ ઉપર રાસાયણિક ક્રિયા થઈ દૃશ્યમાન થાય છે. ધોવાની ક્રિયા દરમિયાન જિલેટીન સિલ્વર બ્રોમાઈડના અણુઓને સ્થાનભ્રષ્ટ થવા દેતું નથી એ એનો ઉત્તમ ગુણ છે, નહિ તો છબિનો દેખાવ કંઈ વિચિત્ર જ થઇ જાય.

વાછરડાની ચામડીમાંથી મેળવેલા જિલેટીનમાં એક પ્રકારનું ચેતનકારક સેન્સિટિવ દ્રવ્ય રહેલું છે. ૧૯૨૫માં કોડાક લૅબોરેટરીના કેમિસ્ટ ડૉ. એસ.ઈ. શેપર્ડે શોધી કાઢયું કે તે ઍલિલ આઇસોથાયોસાઈનેટ (allyl isothiocyanate—mustard oil) છે. જિલેટીનના દસ લાખ ભાગે એકથી પાંચ ભાગ આ દ્રવ્યની જરૂર પડે છે. ઇમલ્શન બનતી વેળા તે આલ્કલી અને સિલ્વર-બ્રોમાઇડ સાથે રાસાયણિક ક્રિયા કરી સિલ્વર સલ્ફાઇડના અતિ નાના અણુ બનાવે છે,

સિલ્વર નાઈટ્રેટ

ચાંદી ઉપર સુરોખારના તેજાબની રાસાયણિક ક્રિયાથી સિલ્વર નાઈટ્રેટ બનાવાય છે અને પછી તેને શુદ્ધ કરી ઈમલ્શનની બનાવટમાં ઉપયોગમાં લેવામાં આવે છે. કોડૅક પાર્ક–જ્યાં ઈસ્ટમૅન કોડૅક કં. પોતાની ફિલ્મ બનાવે છે ત્યાં અઠવાડિયાની સરેરાશ છ ટન જેટલી ચોખ્ખી ચાંદી વપરાય છે. આ પ્રમાણે આગ્ફા, ગેવર્ટ, ઈલ્ફર્ડ વગેરે યુરોપની ફિલ્મ બનાવનાર પ્રખ્યાત કંપનીના મળી દુનિયાની ચાંદીના કુલ ઉત્પાદનનો ઘણો જ મોટો ભાગ ફોટોગ્રાફી પાછળ વપરાય છે.

પોટાસ અને એમોનિયા હેલાઇડ્ઝ

જિલેટીનમાં ભેળવેલા સિલ્વર નાઈટ્રેટમાંથી સિલ્વર હેલાઇડને શિથિલ (neutral) મધ્યપદમાં તૈયાર કરવા પોટાસ હેલાઈડ્સ અને આલ્કલાઇન મધ્યપદમાં તૈયાર કરવા ઍમોનિયમ હેલાઇડ્ઝ વપરાય છે. આલ્કલાઈન મધ્યપદમાં બનાવેલા સિલ્વર હેલાઇડ્ઝના અણુઓ પ્રથમ રીત કરતાં સૂક્ષ્મ (fine grain) હોય છે; તેથી 'ફાઈનગ્રેઈન' ફિલ્મોનું ઈમલ્શન આલ્કલાઈન મધ્યપદમાં જ તૈયાર કરવામાં આવે છે.

ચેતનકારક દ્રવ્યો

ઇમલ્શનની ચેતના વધારવા તેમાં પોટાસ આયોડાઈડ નખાય છે. વળી ઉપર જણાવ્યું તેમ ખાસ રંગોના યોગ્ય ઉપયોગથી પણ ચેતના વધી શકે છે. રંગોની સિલ્વર હેલાઇડ ઉપર થતી અસર ઘણી અટપટી હોવાથી તે સંપૂર્ણ જાણવા તો નથી મળી, પણ અનુમાન કરવામાં આવે છે કે સિલ્વર હેલાઇડ્ઝના રજકણો ઉપર આ રંગના રજકણો ગોઠવાઇ જઈને છબિ ઝીલવા માટેનાં ચેતન-કેન્દ્રો બનાવે છે.

ઈમલ્શનની બનાવટ

જિલેટીનમાં ભેળવેલા સિલ્વરનાઈટ્રેટના ગરમ કરેલા દ્રાવણમાં રાસાયણિક ક્રિયા માટે ધીમેધીમે પોટાસ બ્રોમાઇડ નાખી અદ્રાવ્ય સિલ્વર-બ્રોમાઈડ છૂટું પાડવામાં આવે છે: તે જિલેટીનમાં ઢવાએલું રહે છે. આને ફોટોગ્રાફિક ઈમલ્શન કહે છે.

ઝડપ વધારવા માટે ઇમલ્શનને ચોક્કસ ઉષ્ણતામાને થોડો સમય ગરમ રાખવું પડે છે. આને પક્વીકરણ (ripening કે digestion)ની ક્રિયા કહે છે. આ ક્રિયા દરમિયાન ઈમલ્શનમાં 'કૉલોઈડલ'(colloidal) સિલ્વરના બારીક રજકણો બને છે, જે ચેતનકારક કેન્દ્રોમાં વધારો કરે છે. આ પ્રમાણે અમુક હદ સુધી ઝડપ વધી શકે છે. તે હદ વટાવી જવાથી પ્લેટ પર પ્રકાશની અસર થઈ હોય એવું તેને ધોયા પછી માલૂમ પડે છે. આને રાસાયણિક ફૉગ (inherent chemical fog) કહે છે. પક્વીકરણની આ ક્રિયાને થોડું પોટાસ આયોડાઇડ નાખીને લંબાવી ઝડપ વધારી શકાય. આ પ્રમાણે જુદાંજુદાં ઉષ્ણતામાને તથા જુદાજુદા સમય સુધી પક્વીકરણ કરવાથી જુદીજુદી જાત(grade)ના રજકણો(grains)વાળાં, ખાસ પ્રકારનાં કામો માટે ઉપયોગી એવાં ઇમલ્શન બનાવી શકાય છે. જેમ રજકણો મોટાં તેમ ઝડપ વધારે અને તેજ–છાયાની તીવ્રતા (contrast) ઓછી; અને જેમ તે નાનાં તેમ ઝડપ ઓછી અને તેજ–છાયાની તીવ્રતા વધારે.

પક્વીકરણ પછી તેમાં થોડું જિલેટીન નાખી, બધું ઠંડું પાડી, સહેજ કઠણ બનાવવામાં આવે છે. આ માટે એને જાળીદાર પતરાની એક બાજુ મૂકી દબાણ આપી બીજી બાજુ સેવની જેમ કાઢી પાણીથી સતત ધોવામાં આવે છે. આ પ્રમાણે તેમાંનાં વધારાનાં પોટાસ સૉલ્ટ્સ દૂર થાય છે. ત્યાર બાદ તેની ઝડપમાં વધારો કરવા માટે તેને ૩૫ થી ૯૫ ડિગ્રી (સેન્ટીગ્રેડ) વચ્ચે થોડો સમય ગરમ રાખવામાં આવે છે.

ઉપર પ્રમાણે તૈયાર થએલા ઈમલ્શનને જીવાણુઓ (bacteria) દ્રવ્યો(preservatives)નાખી ઍર-કન્ડિશન્ડ ઓરડાઓમાં સ્ટેઈનલેસ સ્ટીલ અથવા નીકલ કે ચાંદીનો ઢોળ ચડાવેલાં પાત્રોમાં ભરી મૂકવામાં આવે છે. આ પ્રમાણે ઈમલ્શન તૈયાર થાય છે.

હવે ઇમલ્શનને જે કાચ, કચકડા કે કાગળ ઉપર લગાવવામાં આવે છે તેનો પરિચય કરી લઈએ:

૧. કાચ: ફોટોગ્રાફી માટે ઉત્તમ જાતનો, એકસરખી જાડાઇનો, લીસોટા પડયા વિનાનો ને સ્વચ્છ પારદર્શક કાચ જોઇએ. એ કાચ ઉપર ઇમલ્શન લગાવી 'પ્લેટ' તૈયાર કરવામાં આવે છે.

૨. કચકડાની પટ્ટી: રૂ ઉપર સરકા (ઍસેટિક ઍસિડ) કે સુરોખારના તેજાબ(નાઇટ્રિક ઍસિડ)ની ક્રિયા કરી તેને ઇથર, મિથિલ, આલ્કોહોલ, એસીટોન વગેરે દ્રાવણોમાં ઓગાળવામાં આવે છે. આ પ્રમાણે તૈયાર થએલા અર્ધ-પ્રવાહીને એક પાત્રમાં ભરવામાં આવે છે. એમાં એની સપાટીને બરાબર અડકાડીને ક્રોમિયમનો ઢોળ ચડાવેલો એક મોટો (લગભગ ૪ ફૂટ પહોળો અને ૨૦ ફૂટના વ્યાસનો) ચકચકિત અને વરાળથી ગરમ કરેલો 'રોલ' (cylinder)–ગરગડો ફર્યા કરતો હોય છે. પેલા પ્રવાહીનું પડ તેના પર ચોંટે છે અને તેમાંનાં ઓછા ઉત્કલન બિંદુ(boiling point)વાળાં પ્રવાહી ઊડી જઇને તેની કચકડાની પટ્ટી બની છૂટી પડે છે. આ પટ્ટીને આવા ઘણા 'રોલ' વચ્ચેથી પસાર કરી, જોઇએ તેવી જાડાઇની બનાવી શકાય છે. વાપરવાની સરળતા, ઓછું વજન, ફૂટવાનો ભય નહિ તથા તેના પર ઇમલ્શન લગાવવાની ક્રિયા પણ ઘણી સહેલાઈથી અને ઝડપથી થતી હોવાથી આવી કચકડાની ફિલ્મ હવે કાચની પ્લેટની જગ્યાએ ખૂબ જ વપરાય છે અને પ્લેટ ભૂતકાળની બીના બનતી જાય છે.


૩. કાગળ: ફોટોગ્રાફીના ઉપયોગમાં લેવાના કાગળ રાસાયણિક અશુદ્ધિઓથી મુક્ત હોવા જોઇએ. ખાસ કરીને લોખંડ અને ગંધકની અશુદ્ધિઓ તો તેમાં ન જ હોવી જોઇએ, કેમકે એ અશુદ્ધિઓ કાગળ ઉપર લગાવેલા ઈમલ્શન ઉપર રાસાયણિક ક્રિયા કરી જેને ફોટોગ્રાફીમાં 'ફૉગ' કહે છે તે ઉત્પન્ન કરે છે. વળી ડેવલપરમાં ધોતી વખતે પલળવાથી બગડી ન જાય તેવી બનાવટના પણ તે હોવા જોઇએ.

ઈમલ્શન લગાવવાની ક્રિયા

આધુનિક ફિલ્મ બનાવટનો ઉદ્યોગ ખૂબ જ સ્વચ્છતા અને સાવચેતી માગી લે છે. એની બધી જ ક્રિયાઓ ઝાંખા રાતા પ્રકાશમાં અથવા બિલકુલ અંધારામાં કરવાની હોય છે. વળી ફિલ્મ બનતી હોય તે વખતે અમુક ઉષ્ણતામાન તથા ભેજ ટકાવી રાખવાં જ જોઇએ અને ફિલ્મ પર ઈમલ્શનનું પડ એકસરખી જાડાઈનું જ ચડવું જોઇએ.



યાંત્રિક રીતે થતી ઈમલ્શન લગાડવાની ક્રિયા



ઉપર પ્રમાણે તૈયાર કરેલા ઇમલ્શનને અમુક સ્નિગ્ધતા (viscosity) આવે ત્યાં સુધી ગરમ કરી, કાયમ એકસરખી સપાટી ટકી રહે એવી રચનાવાળા એક પાત્રમાં નળી દ્વારા લાવવામાં આવે છે. તે પાત્રમાં ઈમલ્શનની સપાટીને બરાબર અડકે તેવો એક રોલ (coating roll) ગોઠવેલો હોય છે. કચકડાની પટ્ટીને આ રોલ નીચેથી પસાર કરવાથી એની એક બાજુ ઈમલ્શનનું પડ બાઝે છે. પછી પટ્ટી પર તે એકસરખું સજ્જડ ચોંટી જઈ સુકાઈ જાય ત્યાંસુધી તેને ધીમેધીમે ઠંડું કરવું પડે છે.

આવી ફિલ્મ પર છબિ લેતાં, ઈમલ્શન ઉપર પડીને ફિલ્મની આરપાર જતો કેટલોક પ્રકાશ ફિલ્મની બીજી બાજુએથી પરાવર્તન પામી ઈમલ્શન પર અસર કરે છે; તેથી એવી ફિલ્મો ધોયા બાદ છબિ બરાબર 'ફોકસ'માં ન હોય એવું લાગે છે. આ ક્રિયાને હૅલેશન (halation) કહે છે. પરાવર્તન પામતા આ પ્રકાશને ફિલ્મની બીજી બાજુએ શોષી લેવામાં આવે તો આ અસર નાબૂદ કરી શકાય. તેથી ફિલ્મની એ બાજુએ રંગીન-ખાસ કરીને લાલ અથવા લીલા રંગનું-પડ (ઈમલ્શન લગાવવાની ક્રિયાની માફક જ) લગાવવામાં આવે છે. ફિલ્મ ધોતી વખતે આ રંગ ડેવલપરમાંના સોડિયમ સલ્ફાઈટથી તદ્દન દૂર થઈ જતો હોઇ પ્રિન્ટ કે એન્લાર્જમેન્ટ કાઢતી વખતે હરકત આવતી નથી.

આ પ્રમાણે તૈયાર કરેલી ફિલ્મને જોઇએ તે માપની પટ્ટીમાં કાપી, તેના એક છેડા, એક બાજુએ ચોક્કસ અંતરે માપ પ્રમાણે આંકડા છાપેલા કાળા કાગળ સાથે ચોંટાડી, નાની ગરગડી પર વીંટી, હવા ન જઈ શકે તેવી ડબ્બીમાં બંધ કરવામાં આવે છે. બજારમાં મળતી એકરંગી (monochrome-મૉનોક્રોમ) કાળીધોળી ફોટોગ્રાફી કરવાની આ ફિલ્મ. રંગીન તથા ખાસ પ્રકારની ફોટોગ્રાફી માટેના ઈમલ્શનની બનાવટ તથા તે લગાવવાની ક્રિયાઓ ખૂબ જ અટપટી છે.

જાતે ઈમલ્શન બનાવી 'પ્લેટ' તૈયાર કરવાની રીત

સાધન તથા પદાર્થો: ૫૦૦ સી.સી. પાણી માય એવડા કાચના બે 'બીકર', કાચનો સળિયો, ઍસ્બેસ્ટૉસ શીટવાળો વિદ્યુત ચૂલો (પ્રકાશ રહિત હોવાથી), ૧૦૦ સી.સી.ના માપવાળું મેઝરિંગ સિલિન્ડર, ગ્રામ વજન સાથેનો કાંટો, ૧૦૦ ડિગ્રી સે.વાળું થર્મોમીટર વગેરે.

જોઈતા માપનો ને એકસરખી જાડાઇનો સ્વચ્છ કાચ, પોટાસ્યમ બ્રોમાઇડ (૧૬ ગ્રામ), પોટાસ્યમ આયોડાઇડ (૦·૪ ગ્રામ), સિલ્વર નાઇટ્રેટ (૨૦ ગ્રામ), ઉત્તમ પ્રકારનું રંગ વગરનું શુદ્ધ જિલેટીન (૨૫ ગ્રામ), ડિસ્ટિલ્ડ વૉટર અથવા વરસાદનું પાણી (૩થી૪ લીટર).

રીત: (૧) એક બીકરમાં ૫ ગ્રામ જિલેટીન લઇ તેમાં ૧૭૫ સી.સી. ડિસ્ટિલ્ડ વૉટર રેડો. તેમાં ૧૬ ગ્રામ પોટાસ બ્રોમાઈડ અને ૦·૪ ગ્રામ પોટાસ આયોડાઈડ નાખી ૫૫ ડિગ્રી સેં. સુધી ગરમ કરો. હવે નીચેની ક્રિયાઓ અંધારામાં અથવા ઝાંખા રાતા પ્રકાશમાં કરો:

(૨) બીજા બીકરમાં ૨૦૦ સી.સી. ડિસ્ટિલ્ડ વૉટર લઈ, તેમાં ૨૦ (વીસ) ગ્રામ સિલ્વર નાઇટ્રેટ નાખી સાધારણ ગરમ કરો. હવે, જિલેટીનના તૈયાર કરેલા ગરમ દ્રાવણને હલાવતા જાઓ ને તેમાં આ દ્રાવણ ટીપેટીપે થોડુંથોડું નાખતા જાઓ. ત્યાર બાદ તેને પક્વીકરણ માટે ૫૫ ડિગ્રી સેં. ઉષ્ણતામાન ઓછું કરો. પછી ૨૦ ગ્રામ જિલેટીન નાખી બરાબર હલાવ્યા બાદ ૩-૪ કલાક સુધી અડકયા સિવાય એક બાજુ મૂકી રાખો એટલે ઘટ્ટ પ્રવાહી જેવું થશે.

(૩) એક સ્વચ્છ જાડા કપડામાં તે નાખી ધીમેથી દબાવો એટલે તે ઝીણી સેવના રૂપે બહાર આવશે. તેને ડિસ્ટિલ્ડ વૉટરથી ધોયા કરો, જેથી વધારાના તથા પ્રક્રિયા દરમિયાન બનેલા ક્ષારો ધોવાઈ જાય.

(૪) ૫૫ ડિગ્રી સેં. ઉષ્ણતામાને ૧૫ મિનિટ સુધી રાખો. પછી ધીમેધીમે ૪૦ ડિગ્રી સેં. સુધી ઠંડું પડવા દો એટલે ઈમલ્શન તૈયાર.

(૫) ઉપરના ઇમલ્શનમાંથી લગભગ ૧૦ સી.સી. જેટલું કાચની પ્લેટ પર લો અને તેના પર એકસરખું ફેલાવી દઈ સુકાઈ જાય ત્યાં સુધી પ્લેટને સરખી સપાટી(level)માં મૂકી રાખો.

આ પ્રમાણે તૈયાર થએલી પ્લેટ ઉપર ડાયાફ્રામ એફ ૮ અને એક્સપોઝર ૧½ સેકન્ડ રાખી તડકામાં ફોટો પાડી કોઈ પણ ઝડપી ડેવલપરમાં ધોઈ નાખવાથી સપ્રમાણ (normal) છબી આવશે.

(આવતે મહિને: ફોટોગ્રાફિક ફિલ્મની લાક્ષણિકતાઓ)

નવાં પુસ્તકો

જવાહરલાલ નહેરુની આત્મકથાની નવી સંક્ષિપ્ત આવૃત્તિ, કરનાર: મણિભાઈ ભ. દેસાઈ, ૧-૮-૦; **સાપ** વિષે જાતજાતની માહિતીઓ, સર્પદંશના ઉપાયો વગેરે અનેક ઉપયોગી માર્ગદર્શન આપતું પ્રમાણભૂત પ્રકાશન, લેખક: શિવશંકર પ્રા. શુકલ, ૨-૮-૦; બંનેના પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; **મર્મર:** 'કુમાર'ના પરિચિત કવિ જયન્ત પાઠકનો કાવ્યસંગ્રહ, પ્રકાશક: જયન્ત ડિ. પાઠક, વાતીગર મહોલ્લો, નાનપુરા, સૂરત, ૧-૧૨-૦; **શૂળ અને શમણાં:** અમૃત ઘાયલની ગઝલો, પ્રકાશક: હંસ પ્રકાશન, રાજકોટ (સૌરાષ્ટ્ર), ૧-૮-૦; **નાનો કોષ:** શબ્દાર્થ સાથેનો ગુજરાતી ભાષાનો એક નાનો પણ ઉપયોગી જોડણીકોષ, સંપાદકો: ઉપેન્દ્ર ર. ભટ્ટ, અને રતિલાલ સાં. નાયક, ૧-૪-૦; **નળો અને પળો:** આઠ નવ વર્ષના બાળકોની વાચનવૃત્તિ પ્રત્યેની અભિરુચિ જગાડતું બાલસાહિત્ય, લેખક: ધીરજલાલ બી. ગજ્જર, ૦-૭-૦; **ઘોડાનો ચોર** અને **રતનો સ્વારી:** એવાં જ રસમય બે બીજાં પ્રકાશનો, બંનેના લેખક: ધનંજય ર. શાહ, દરેકના ૦-૫-૦; આ બધાંના પ્રકાશક: અનડા બુક ડીપો, ગાંધીમાર્ગ, અમદાવાદ; **જ્ઞાન કથાઓ:** ભાગ ૧ અને ૨, 'ધૂમકેતુ'ની જ્ઞાનગોષ્ટિ આપતી બોધક કથાઓ, દરેકનો ૧-૦-૦, પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; **લેજીમ** વિષેની સંપૂર્ણ માહિતી આપતું શાળાઓ તેમજ વ્યાયામ-મંડળો માટેનું એક ઉપયોગી પ્રકાશન, લેખક: ચિનુભાઈ પુ. શાહ, પ્રકાશક: ગુજરાતવ્યાયામપ્રચારકમંડળ, રાજપીપળા, ૧-૦-૦.

ભારતી સાહિત્ય સંઘ - અમદાવાદ-૧નાં નવાં પ્રકાશનો

ઓરતા: ગુજરાતના ગ્રામજીવનના ઊંડા ધબકારાને ખૂબ સહજતાથી રજૂ કરતી પન્નાલાલ પટેલની સત્તર વાર્તાઓ, ૪-૦-૦; **પ્રેમગંગા:** યશોધર ન. મહેતાએ આલેખેલી નવ મશહૂર પ્રેમકથાઓ, ૨-૮-૦; **ધૂપસળી:** અઢાર મહાનુભાવોનાં ઈશ્વર પેટલીકરે દોરેલાં રેખાચિત્રો, ૪-૮-૦; **બીજલેખા:** જયન્ત પરમારની એકવીસ વાર્તાઓ, ૩-૪-૦; **જીવ સાટે જીવ:** એક ફોજી જવાનની વીરતાભરી કહાણી, ૦-૭-૦; **યશપાલિ:** જાતક કથાની રસિક અને બોધકવાર્તા, ૦-૬-૦; **સોનાનું ઘર:** ચતુરાઈની વાતો, ૦-૭-૦; છેલ્લી ત્રણેય પુસ્તિકાના લેખક: જીવરામ જોષી.

પચ્ચીસ વર્ષ પહેલાં



વૈશાખ '૮૫
અંક ૬૫

સરસ લાંબી વાર્તા, સુંદર સંયોજનવાળા મુખચિત્ર અને રશિયાના લોખંડી પુરુષ સ્ટાલિનના વિસ્તૃત ચરિત્રવાળા, આજથી ૨૫ વર્ષ પહેલાંના આ માસના અંકની 'મિજલસ'માંથી ''આજ''નું મહત્ત્વ બોધતો ટૂંકો ફકરો કાયમી પ્રબોધનો હોઈ આ સામે ચોકઠામાં ઉતાર્યો છે. ત્રિરંગી મુખચિત્ર પણ આ અંકમાં મુખચિત્ર તરીકે ફરી આપીએ છીએ, અને વાર્તા પણ એટલી રસભરી છે કે તેને ટૂંકાવીને આ અંકમાં આપવાનું મન કર્યું છે.

એ ઉપરાંતના ઉપયોગી લેખોમાંથી એ કાળે ગુજરાતમાંથી મળી આવેલી ત્રણ કલારત્ન સમી મોટી પ્રાચીન મૂર્તિઓનો પરિચય આપતો શ્રી રવિશંકર રાવળનો મહત્ત્વનો લેખ અહીં એટલા માટે તારવીએ છીએ કે એ પૈકીની ગરુડમૂર્તિ (જેનું ચિત્ર આ સામે આપ્યું છે) તો એટલી દેશખ્યાત બની ગઈ કે થોડાં વરસ પર નવી દિલ્હીમાં મળેલી અખિલ ભારતીય કલાસમૃદ્ધિના પ્રદર્શનમાં તેને માનભર્યું સ્થાન મળેલું. આ રહ્યો એ લેખ:



'બે વર્ષ પહેલાં દાહોદ ગામની બહાર આવેલા છદા તળાવમાં કંઈક ખોદાણકામ થતાં પૂર્વકાળની મોટા કદની ત્રણ મૂર્તિઓ મળી આવી. તેનું પ્રમાણ જોતાં તે કોઈ બહુ વિશાળ મંદિરમાં રહેલી હશે એમ જ લાગે. કાળા ગ્રેનાઈટ પથ્થરમાંથી, અતિશય હિસાબ ને કુશળતાથી ઘડેલી આ મોટી મૂર્તિઓનો ખયાલ ફોટોગ્રાફોથી મળવો અસંભવિત છે.

આ ત્રણ મૂર્તિઓ પૈકી એક તો કોઈ દાઢીવાળા રાજપુરુષની છે, ને તેની નીચે ૧૨૦૭ની સાલનો આંક પણ વાંચી શકાય છે. પાટણમાં વનરાજ અને શૂરપાળની ૧૧૦૦ની સંવતની જે મૂર્તિઓ બતાવવામાં આવે છે તેને મળતા વેશની આ મૂર્તિ ખરેખર કોઈ ઐતિહાસિક પુરુષની હોવાનું અનુમાન થાય છે. બીજું આડું પડેલું શિલ્પ શેષશાયી વિષ્ણુને દર્શાવતું છે અને કલા તથા કોતરણીમા સૌથી અદ્‌ભુત છે.

ત્રીજી ઊભી મૂર્તિને કેટલાક નાગદમન કરતા કૃષ્ણની કહે છે; કેટલાક તેને ગરુડની માને છે અને તેના કારણમાં પાછળ દેખાતો પાંખ જેવો ભાગ બતાવે છે. આ મૂર્તિનો નાકનો ભાગ ખંડિત છે, નહિતર ગરુડ છે કે નહિ તેની ખાતરી થાત. પણ બીજી બધી રીતે આ મૂર્તિ બહુ જ લાવણ્યવાળી અને સફાઈદાર ઘડતરવાળી છે. પાંચસાત માણસથી પણ એને ઊભી કરવાનું મુશ્કેલ લાગ્યું હતું એટલી તે મોટી છે.

આજે તો આપણે ત્યાં એકાદ સારી પૂતળી ઘડી આપનારો કારીગર પણ મેળવવાનું મુશ્કેલ છે, ત્યારે એક વખતે આખા દેશમાં આવી મોટી મૂર્તિઓ પર, કઠણ કાળમીંઢ પથ્થરમાં અતુલ કારીગરી કરનારા ઠારોઠાર મળી આવતા હશે તે વેળા દેશ કેટલો જીવંત અને સમૃદ્ધ હશે? એવા અતિ કઠણ પથ્થરમાં પણ જે કોમળતા અને ભાવોની જમાવટ કરવામાં આવી છે તે તો અસલ મૂર્તિ જોવાથી જ સમજાય.

આ ઐતિહાસિક કલાસમૃદ્ધિ માટે દાહોદ પોતાને જેટલું ભાગ્યશાળી માને એટલું ઓછું છે, કારણ કે એવા ખજાના માટે તો આજે યુરોપ ને અમેરિકા જેવા સમૃદ્ધ દેશો પણ દુનિયાના છેડા સુધી પૃથ્વીનાં પડેપડ ફીંદી રહ્યા છે. પ્રાચીન કાળનું એકાદ શસ્ત્ર, એકાદ ખોપરી, એકાદ હાંલ્લું, એકાદ અણઘડ જેવું પૂતળું કે કોઈ લીટો સરખો પણ દેખે છે, તેને અતિશય ઉલ્લાસથી વધાવી લે છે અને તે પર દેશના વિદ્વાનો તથા શોધકો લાંબીલાંબી ઇતિહાસની સાંકળો બાંધી તેની ઉપયોગિતા ને મહત્તાનો મેરુ રચી નાખે છે.

પણ હિંદુસ્તાનની મનોદશા સાવ હણાઈ ગએલા માનવી જેવી થઈ ગઈ છે. દાહોદના ઉત્સાહી અને કળાપ્રેમી ડૉ. લક્ષ્મીપ્રસાદે તેના ફોટોગ્રાફો લેવડાવી 'ટાઈમ્સ'માં પ્રસિદ્ધ કર્યા, પણ તેથી આપણા વિદ્વાનો પર જરા યે અસર થઈનહિ. સરકારના પ્રાચીન શોધખોળ ખાતાએ તે પર ધ્યાન દોડાવ્યું અને પૂના ખાતે તેની ઑફિસ હોઈ એ મૂર્તિઓ પૂના રવાના કરી.'

તમે 'આજ' શું કરો છો? તમારી 'આજ' કેવી છે? આજ જ તમારી છે; આવતી કાલ ભાવિની છે. ભાવિના હાથમાંથી આવતી કાલ તમને મળી કે ન મળી; આજની તક, સાધન ને સંજોગો આવતી કાલ સુધી રહ્યાં કે ન રહ્યાં. આજનો ઉત્સાહ કાલે ઓસરી ગયો તો? જેની આવતી કાલ રળિયામણી છે એ આજ મૃત્યુ ભોગવે છે; ને એની કાલ કદી પડતી જ નથી.

આજ જ સાચી છે. તમે આજની પરવા કરો. આવતી કાલ એનું ફોડી લેશે. અનંતતા પણ આવી અનેક આજની જ બનેલી છે.

આવતી કાલની રાહ જોનારા ગઈ કાલ પર રડે છે. આજનો ઉદ્યોગ ગઈ કાલ પર સંતોષ ને આનંદની નજરે નિહાળે છે. સમયને નાસી જવા ન દેવો હોય તો એકેએક પળને તમારી બનાવી લઈ ઉદ્યોગથી ભરી કાઢો. જે સમયને વસવા ઘર ન મળે તે જ નાસી જાય છે. સમયનું ઘર કાર્ય છે. સમયમાં જીવનારા નાશવંત છે; કાર્યમાં જીવનારા જ માત્ર અમર છે.

આ જ ક્ષણથી કામે લાગો. 'કર્યું એ જ કામ' એ આપણી કહેવતમાં બહુ અર્થ રહેલો છે.

લાંબે કાળે દેખા દેતા 'કુમાર'ના પ્રિયલેખક

'સુકાની'ની વાર્તા
નાખવાનું ખમીર


આવતે અંકે

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની તથા ટિકિટો વિષે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

મીટર-સ્ટૅમ્પ

ટપાલની ખુદ ટિકિટો સિવાય તેને અનુષંગી બીજી વસ્તુઓના સંગ્રહ ઘણે સ્થળે બહુ મહત્ત્વના ગણાતા નહિ હોય; છતાં ફર્સ્ટ-ડે કવરો, રદ્દીકરણની છાપો, સ્થાનિક ટિકિટો, વગેરેની માફક 'મીટર-સ્ટૅમ્પ'નો પણ સંગ્રહ ઘણા શોખીનો કરે છે, અને ઇંગ્લંડ અમેરિકામાં તો તેનાં ખાસ મંડળો પણ છે.



ટપાલમાં નાખવાની વસ્તુઓ જ્યારે ઘણી મોટી સંખ્યામાં હોય ત્યારે, તેના ઉપર છૂટી ટિકિટો ન ચોડતાં એક ઝડપી યંત્ર (મીટર) વડે તેના ઉપર, તેના પોસ્ટેજની કિંમત દર્શાવતો સિક્કો મારી લે છે અને દરેક વસ્તુની કિંમતને હિસાબે તેના સામટા પૈસા પોસ્ટ ઑફિસ લઈ લે છે. દાખલા તરીકે આપણે પાંચ હજાર બુક-પોસ્ટ કરવાં હોય તો દરેકના એક આનાને હિસાબે તેના પાંચ હજાર આના (રૂ. ૩૧૨ાા) પોસ્ટ ઑફિસમાં રોકડા ભરી દેવા અને યંત્ર દ્વારા તેના ઉપર ટિકિટને બદલે ટિકિટના આકારની એક આનાની છાપ મારી લેવાની. એથી ટિકિટો ખરીદવાની તથા ચોડવાની તકલીફ બચી જાય છે. એ છાપમાં દેશના નામ તથા તેના પ્રતીક વગેરેની આકૃતિ ઉપરાંત યંત્રનો પ્રકાર દર્શાવતો અક્ષર તથા પોસ્ટ કરનાર પેઢીનો લાઇસન્સ નંબર હોય છે અને તેની વચ્ચે, પોસ્ટેજનો જે દર લાગ્યો હોય તે છૂટાં બીબાં વડે ગોઠવી લઈને છાપે છે. તેની બાજુમાં પોસ્ટ ઑફિસનું ગામ, જિલ્લો તથા તારીખ દર્શાવતી રદ્દીકરણની છાપ, તથા તેને પડખે પોસ્ટ-ઑફિસ તરફથી પ્રજાને ઉદ્‌બોધતાં કોઇ સૂત્ર-વાક્ય અથવા તો ખાસ વ્યવસ્થા કર્યેથી તે વસ્તુ પોસ્ટ કરનાર પેઢીની જાહેરાતની છાપ મારવામાં આવે છે.

આ સામે આપેલી પહેલી છાપમાં જમણી બાજુ ગ્રેટ બ્રિટનની મીટર-સ્ટૅમ્પમાં રાજાના તાજ અને છઠ્ઠા જ્યૉર્જના નામાક્ષરો G. R. ની આકૃતિ નીચે N એ નીઓપોસ્ટ મશીનનો અને 36 એ તે મશીન વાપરનાર પેઢીનો લાઈસન્સ નંબર છે અને વચ્ચે 1 D. એટલે એક પેન્સનો દર છે. વચ્ચે સ્ટૅફર્ડશાયર જિલ્લાના વૂલ્વરહૅમ્પ્ટન શહેરની રદ્દીકરણની છાપમાં ૨૨ એપ્રિલ ૧૯૪૯ ની તારીખ છે અને ડાબી તરફ એ પેઢીની જાહેરાતની છાપ છે કે 'ચબની પેઢી દુનિયાનાં શ્રેષ્ઠ તાળાં બનાવે છે.' નીચેની બીજી છાપ મુંબાઈના ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસની ટપાલ પૂરતી છે.

આવા મીટર-સ્ટૅમ્પના બે પ્રકાર હોય છે: એકમાં કવર કે પોસ્ટકાર્ડ ઉપર સીધી છાપ મારેલી હોય છે; અને બીજામાં ગુંદર લગાડેલી બ્રાઉન પેપરની પટ્ટી પર છાપ મારીને તે બુકપોસ્ટ, પૅકેટ કે કોથળી પર ચોડી દેવાય છે. એ બેમાંથી શાનો સંગ્રહ કરવો તે સંગ્રહ કરનારાએ પહેલેથી નક્કી કરી લેવું. પટ્ટીઓ ઉખેડવી ને સંઘરવી પ્રતિકૂળ હોવાથી મોટે ભાગે કવરો જ સંઘરવામાં આવે છે.

સંગ્રહ કરનારે એક કાળજી ખાસ એ રાખવાની કે ઉપર્યુક્ત ત્રણ વસ્તુઓ છાપ ઉપર એકી સાથે હોવી જ જોઈએ; એમાંની કોઈ વસ્તુ કાપીને એકલી સંઘરવી નહિ, એ નિરર્થક છે. જ્યાં સૂત્રવાક્ય ન હોય તેવા દાખલામાં પટ્ટીઓ પર પણ એટલી જગ્યા ખાલી રહેવા દેવી.

વ્યાપારી કવરોની ચાલુ સાઇઝ પાા×૩ાા ઇંચના કદનાં માફકસર જાડાં પૂઠાં કાપી, એવાં બે પૂઠાંની વચ્ચે ગામ કે દેશવાર અથવા તો મશીનની જાતવાર (દાખલા તરીકે ઉપલી છાપમાં N છે એટલે નીઓપોસ્ટ મશીનની છાપવાળાં કવરોની થોકડી જુદી એમ) જુદીજુદી થોકડીઓ રબરબૅન્ડ વડે જકડીને રાખવી. જે કવરો ઉપર્યુક્ત કદ કરતાં મોટાં હોય તેના નીચેના તથા છાપ વિનાના પડખેના છેડા કાપી નાખીને કે વાળી લઇને નિશ્ચિત કદનાં બનાવી લેવાં. કવરો પરની છાપો બને ત્યાં સુધી ડાઘ-દૂધ કે ઝાંખપ વિનાની સ્પષ્ટ અને તીવ્ર પસંદ કરવી, સિવાય કે કોઈ કવર વિરલ હોય. આવાં કવરો સારી સંખ્યામાં એકઠાં થયે તેની જાતવાર થોકડીઓમાંથી પાછી કિંમતવાર—એટલે કે એક આનાની છાપવાળાં, બે આનાની છાપવાળાં એમ જુદીજુદી—થોકડીઓ કરવી પડશે.

નવી ટિકિટો





ડાબાબાજુ: પહેલી ટિકિટ આર્જેન્ટિનાના નવા રેડિયો પોસ્ટલ સ્ટેશનની સ્થાપના નિમિત્તેની છે, જેના પર દક્ષિણ ધ્રુવ પાસે દક્ષિણ ઍટલૅન્ટિકના ટાપુઓ પર ત્યાંના રાષ્ટ્રધ્વજ રોપતો માણસ તથા ધ્રુવપ્રદેશના દરિયાઈ ખેડાણનાં સાધનો, લંગર વગેરેનું પ્રતીક છે; ને બીજી ટિકિટ બ્રાઝિલ દેશની ૪૦૦ વર્ષની જયંતી નિમિત્તેની છે. જે પર મૉડર્નિસ્ટિક કલાશૈલીનું ઉત્સવપ્રતીક છે (મોકલનાર: સુમનલાલ કૃ. દોશી-મુંબાઇ). જમણી બાજુ: દક્ષિણ આફ્રિકાએ ઑરેન્જ ફ્રી સ્ટેટની સ્થાપનાની શતાબ્દી નિમિત્તે કાઢેલી ટિકિટ (મોકલનાર: નરેનભાઈ ભટ્ટ, જોહાનિસબર્ગ).



Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

વધુ અભ્યાસ અર્થે જર્મની ગએલા, કલ્યાણની નૅશનલ રૅયૉન કૉર્પોરેશનના એક કાર્યકર શ્રી નાગરદાસ પંચાલનો પત્ર (પ. ર. શાહ)

પ્રિય......

ડૉરમાગન ૧૦-૩-'૫૪

તમારા પત્રમાં હિંદ વિશ્વના સમાચાર જાણી જાણે હું હિંદમાં જ હોઉં તેવો આભાસ થયો. અહીંનાં છાપાંઓમાં હિંદ વિષે ઘણું આવે છે, પણ તે બધું પશ્ચિમી દૃષ્ટિએ જોએલું; એટલે અહીંના રહેવાસીને આપણે ઘણા પછાત લાગીએ તેમાં ખોટું નથી. તેઓ ફક્ત હિંદુ ફિલસૂફી અને આપણા ભૂતકાળને સારી રીતે વખાણે છે. આપણા ભવિષ્યમાં તેમને વિશ્વાસ છે ને આપણા દેશપ્રતિ જર્મનીમાં ઘણી સદ્ભાવના છે.

હાલમાં જર્મનીમાં મધ્યપૂર્વ, તુર્કી, હિંદ, પાકિસ્તાન, ઇજિપ્ત અને બીજા ઘણા દેશોના વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. જર્મનો દરેકને સારી રીતે આવકાર આપે છે અને તેમના પ્રતિ ઘણી માનભરી વર્તણૂક રાખે છે. અંગ્રેજો કરતાં જર્મનો દસગણા સારા હોય એમ મને લાગે છે. તેમનામાં અહંભાવ જેવી વસ્તુ નથી. જોકે હું જેમના સંપર્કમાં આવ્યો છું તે જર્મનીની ઘણી ઊંચી સ્થિતિના માણસો ગણાય. લગભગ બધા જ ઇ. ગે.(I. G.)ના ઑફિસરો છે અને તેઓનું જીવનધોરણ પણ સામાન્ય જર્મન કરતાં ઘણું સારું ગણાય. છતાં સામાન્ય જર્મનની માથાદીઠ આવક ૩૦૦ માર્ક(૧ માર્ક=૧૮ આના)ની છે—હિંદની મારા ધારવા પ્રમાણે ૨૫ રૂપિયા- અહીંની આવક કરતાં બાર ગણી છે. તે ઉપરાંત હાલમાં જર્મનીમાં બેકારી જેવું નામ નથી. રાજ્યનું બજેટ ૨૭ અબજ માર્ક—હિંદ કરતાં છ ગણું! વસતિ ફક્ત ૪૯·૨× ૧૦ લાખ, અથવા માથાદીઠ કેન્દ્ર સરકારની આવક જર્મનીમાં હિંદ કરતાં ૪૨ ગણી કહી શકાય. દેશ સુખી ગણાય કે નહિ? બે બે વિશ્વયુદ્ધ હાર્યા છતાં જર્મન પ્રજા ઘણી સમૃદ્ધ છે. તેમનાં બધાં જ મોટાં કારખાનાં સાથી રાજ્યોની હકૂમત નીચે છે અને ઉત્પાદન માટે તેમની રજા લેવી જોઈએ. ઇ. ગે.નું Decartelization (ડિકાર્ટેલાઈઝેશન: વિભક્તીકરણ) કર્યા પછી જે નાની મોટી આઠ કંપનીઓ તેમણે બનાવી તેમાં Byer–બાયર–સૌથી મોટી છે. તેની મૂડી ૩૮૭·૭ મિલિયન (૧ મિલિયન=૧૦ લાખ) માર્ક્સ છે અને વાર્ષિક ઉથલપાથલ (turn over) ૧૦૦ કરોડ માર્ક્સ કરતાં વધારે છે. તેમાં ૩૫૦૦૦ કામદારો અને ૧૦૦૦ સંશોધન કાર્યકરો છે, જેમાંના લગભગ ૯૫% રસાયણશાસ્ત્ર, ફાર્મસી, ભૌતિકવિજ્ઞાન વગેરેના ડૉક્ટરો છે. આ બધાનો વાર્ષિક પગાર ૧૬ કરોડ માર્ક્સ થવા જાય છે. તે ઉપરાંત તમારા પેટન્ટ માટે તમને ઉચ્ચક રૉયલ્ટી મળે. અહીં કામગારો અને સ્ટાફને બહુ સારી રીતે રાખવામાં આવે છે, તેમના માટે ઈ. ગે.માં બાંધેલાં બહુ સુંદર મકાનો છે, રમતગમત માટે ડોરમાગનમાં (૪,૦૦૦ કામદારો માટે) બે મોટી ક્લબ છે, મેદાનો છે, સ્નાન માટે હોજ અને જમવા માટે જબરદસ્ત કૅન્ટીન છે, તેના મધ્યમાં વિશાળ નૃત્ય-ભવન છે જેમાં લગભગ ૧૫૦૦ માણસો માય અને નાચી શકે. તેનું નામ 'સંધ્યા રંજન ભવન'! આ ઉપરથી તે કેટલી સારી કંપની હશે તેનો ખયાલ કરી શકો છો. ખરે, આપણી ક્લબનું નામ હિંદી રીત પ્રમાણે મેં ઉપર લખ્યું તેમ રાખવું જોઇએ. અહીંના લોકો ઈ. ગે.ના કામદાર થવામાં અભિમાન લે છે. મને અહીં જમવાનું ને રહેવાનું મફત છે. મારા એક વખતના ખાણાના કંપની ૩ થી ૪ માર્ક આપે છે. રહેવાના તથા નાસ્તાના ૨૩૦ માર્ક ઉપરાંત મને ૨૦૦ માર્ક ખિસ્સાખર્ચ આપે છે. આમ લગભગ માસિક ૬૦૦ માર્ક 'બાયર' મારે માટે ખર્ચે છે!

અહીં તા. ૧૦-૨-'૫૪ થી ૩-૩-'૫૪ સુધી કાર્નિવલ-ઉત્સવ-હતો. તેમાં દરેક શહેર અને ગામડામાં એક રાજકુમાર નીમવામાં આવે અને લોકો લગભગ દર શનિ-રવિ તથા માર્ચની ૧-૨-૩ તારીખે ખૂબ નાચે, પીએ અને મઝા કરે. તા. ૧લીને Rosen Montag (રોઝેન મૉન્ટાગ) ગણવામાં આવે છે અને તે દિવસે રાજકુમારની સવારી નીકળે. જર્મનીમાં સારામાં સારો વરઘોડો (બે માઈલ લાંબો) કોલોનમાં નીકળે છે એટલે હું તે જોવા ત્યાં ગએલો. લોકોએ તેમાં ઉત્તરધ્રુવથી દક્ષિણધ્રુવ સુધી પહેરાતા દરેક જાતના પોશાકો પહેરેલા! રાજકુમારનાં ૨૭ બૅન્ડ, જુદાજુદા ભવ્ય પોશાકોમાં ૧૦૦૦ નાચનારીઓ, ૧૦૦૦ ગાનારા, કેટલાયે ઘોડેસવારો તથા મોટરો ઉપર બાંધેલાં રાક્ષસી કદનાં જિંદગીનાં અને રાજ્યનાં કાર્ટૂનો સહિતનો એ વરઘોડો મેં છ કલાક વરસતા બરફમાં બેસીને જોયો હતો. અરે! વડોદરાની દશેરાની સવારીને તો ક્યાંય ભુલાવે તેવો એ હતો. ૧૭ લાખ માણસ એ જોવા કોલોનમાં આવેલું! દરેક ગ્રુપમાંથી લોકો ઉપર ચૉકલેટ, કૅન્ડી, ચૂઇંગ-ગમ, બિસ્કીટ, દડા, ફૂલના ગજરા વગેરે ફેંકવામાં આવે! લગભગ સો ટન 'મસાલો' એવી રીતે વહેંચેલો. ડોરમાગનના આવા ઉત્સવ વખતે (તા. ૨૦-૨-૫૪ના રોજ) હું હિંદી પોશાકમાં ગએલો: માથે સાફો બાંધી ઉપર બનાવટી મુકુટ, કલગી વગેરે લગાવીને, અને તે અહીંના મેયરને ખૂબ ગમી ગયું તે મને તેમના રાજકુમાર જોડે બેસાડી દીધો! મેયર 'બાયર'ના એક મોટા ઑફિસર છે. બીજા દિવસે દૈનિકોમાં મારે માટે પૅરેગ્રાફ ભરીને લખાણ આવ્યું અને હું ડોરમાગનનો એક પ્રખ્યાત હિંદી મહેમાન બની ગયો! પછી તો લગભગ છ રાતો સુધી માત્ર એકાદ બબ્બે કલાકની ઊંઘ ભોગવીને નાચ્યા જ કર્યું. (હવે તો હું પણ સારું નાચતાં શીખી ગયો છું.) 'લીવરકુઝન'માં વડોદરા કૉલેજના મકાન જેવડું મોટું બાયરનું એ રંજનભવન છે. ખરે! તેના જેવી મઝા મેં કદી ભોગવી નથી. ખૂબ સુંદરરીતે શણગારેલું મકાન અને સમુદ્રમાં વસતાં દરેક જાતનાં પ્રાણીઓનાં ચિત્રોથી શણગારેલી ભીંતો જાણે આપણે ૪૦૦૦ મીટર સમુદ્રમાં ન હોઇએ તેવો આભાસ કરાવે છે. મારા માટે તમે બેફિકર રહેજો. આપણે તો આ દરિયામાં રહેવા છતાં જ્યારે હિંદમાં આવીશું ત્યારે કમળની માફક કોરા જ રહેવાના! અહીં છીએ તેટલા દિવસ મઝા કરવાની. વડોદરામાં વિદ્યાર્થી તરીકે જાણે ફરી પાછો ન ગયો હોઉં તેવું લાગે છે.

તમારો પત્ર વાંચ્યા પછી મને એમ જણાય છે કે મારે Ph.D. કરવી જોઇએ. જોકે મેં થોડીઘણી તપાસ કરી છે. દોઢ બે વરસમાં Ph.D. કરી શકાય તેમ છે, પણ નાણાં માટે થોડી વધારે સગવડ કરવી પડે. ઉપરાંત હિંદ સરકારની પરવાનગીની પણ તજવીજમાં છું. મારા જેવા તાલીમી હિંદી વિદ્યાર્થીઓ, Trainee Students હાલમાં જર્મનીમાં બધા મળીને ૨૨૫ છે, જેમાંના ઘણા ખરા (જુઓ સામેના પાનાને છેડે)

બિલ્ડિંગ રીસર્ચ ઈન્સ્ટીટયૂટ • રૂડકી

આપણી વિજ્ઞાન-સંસ્થાઓ [૪]



વૈજ્ઞાનિક યંત્રકળાની ખીલવણી થતાં તેના આધારે જે નવા અને આધુનિક ઉદ્યોગો સ્થપાતા ગયા તેણે મકાન-બાંધકામના ક્ષેત્રમાં પણ નવા અને ગૂંચવણભર્યા પ્રશ્નો ઊભા કર્યાં. અનુકૂળ સગવડો હોય, કાર્યક્ષમતા વધે અને સાથે આરામ રહે—આ ત્રણે મુદ્દાને ધ્યાનમાં રાખીને વિધવિધ પ્રકારનાં બાંધકામો તૈયાર કરવાનાં હોય છે. એટલે તેને લીધે ઊભા થતા નાના પ્રકારના પ્રશ્નોના સફળ ઉકેલ માટે વૈજ્ઞાનિક સંશોધનની જ જરૂર રહે એ નિર્વિવાદ છે. આથી બાંધકામના ઉદ્યોગમાં એવા સંશોધન કરવા માટેની ખાસ સંસ્થાઓ દુનિયાના કેટલા યે દેશોમાં સ્થાપવામાં આવી છે. આપણા દેશમાં આ ક્ષેત્રમાં પણ આ પ્રશ્નનો વિચાર કરવા ૧૯૪૩માં C.S.I.R.(કલ્ચરલ સોસાએટી ઑવ ઈન્ડસ્ટ્રીઅલ રીચર્સ)એ એક સમિતિ નીમેલી, જેણે ઉપરની જરૂરિયાત સ્વીકારી નૅશનલ ફિઝિકલ લૅબૉરેટરીના એક વિભાગ તરીકે બાંધકામ-સંશોધનનું કામ હાથ ધરવાની સૂચના કરી. પરંતુ દેશની વિપુલ જરૂરીઆતોને તે પહોંચી વળે તેમ ન લાગવાથી તેને માટે એક સ્વતંત્ર સંસ્થાની જ યોજના વિચારવામાં આવી. શરૂઆતમાં રૂડકીની થૉમસન એન્જિનીઅરિંગ કૉલેજ(જે આજે તો એન્જિનીઅરિંગ યુનિવર્સિટી બની ગઇ છે)ના સહકારમાં સંશોધનનું એક એકમ ઊભું કરવામાં આવ્યું. ૧૯૪૭માં કામ શરૂ થયું અને ૧૯૫૦માં ઈન્સ્ટીટયૂટ શરૂ થયું. ૧૯૫૧માં મકાનનું કામ હાથ ધરવામાં આવ્યું અને ટૂંક વખતમાં તેનો એટલો તો વિસ્તાર થયો કે આજે આ સંસ્થા દશ એકરમાં છે તે ઓછી પડવાથી તેની ખીલવણી માટે બીજી ૫૭ એકર જમીન લેવામાં આવી છે. ૧૯૫૨માં ડૉ. કે બિલ્લિગ તેના નિયામક તરીકે આવ્યા.

બાંધકામને લગતા આપણા પ્રશ્નો પણ જોકે સામાન્યતઃ દુનિયાના અન્ય દેશો જેવા જ છે. પરંતુ તેમાં કેટલાક વિશિષ્ટ પ્રકારના પણ છે. આપણો દેશ ઉષ્ણ પ્રદેશ છે એટલે આપણા વાતાવરણમાં તેની ખાસ સગવડો પૂરી પડે તથા વધે એવા બાંધકામની જરૂર છે. ઉપરાંત આપણા દેશમાં થતા બાંધકામના પદાર્થોની વપરાશ, ઓછી આવકવાળાઓ માટે સસ્તાં મકાનો વગેરે પ્રશ્નો પણ આપણે ઉકેલવાના રહે છે. આ બધા મુદ્દાઓ ઉપર આ સંસ્થા અત્યારે ચાર મુખ્ય પ્રશ્નો હાથ ધરશે: (अ) બાંધકામની સામગ્રીને લગતું સંશોધન. (ब) બાંધકામની રીતમાં સુધારણા અર્થે સંશોધન, (क) મકાનોની મજબૂતાઈ. ટકાઉપણું વગેરે અને (ड)બાંધકામ-ઉદ્યોગ અંગે તપાસ અને માહિતી.

આ ઇન્સ્ટીટ્યૂટમાં રસાયન, સ્થાપત્ય ને એન્જિનીઅરિંગના વિભાગો છે તેમજ લાંબા ગાળાની ખાસ યોજનાઓ માટેનાં ખાતાંઓ છે. ઉપરાંત એક માહિતી વિભાગ છે, જેમાં પ્રકાશન, મ્યૂઝિયમ અને લાયબ્રેરીનો સમાવેશ થાય છે. અત્યારે સંસ્થામાં નીચેની સાધન સામગ્રી વસાવવામાં આવી છે: બાંધકામને તપાસવાનાં સાધનો; તેમાં વપરાતી ચીજોને તપાસવાનાં સાધનો; કોન્ક્રીટને તપાસવાનાં ખાસ સાધનો; જમીન તપાસવાનાં સાધનો; વર્કશૉપનાં સાધનો. આ ઉપરાંત હવાની આવજાવનો અભ્યાસ કરવા માટેની તેમજ ખાસ પેટ્રોલૉજિકલ સામગ્રી પણ વસાવવામાં આવી છે. હાલ નીચેના વિષયો ઉપર કામ ચાલે છે: બાંધકામમાં વાપરી શકાય એવા નવા પદાર્થો અને તેની બનાવટમાં નવી રીતો, સિમેન્ટને બદલે ઑઈલરની રાખનો ને માટીનો ઉપયોગ. લોઢાને બદલે વાંસનો ઉપયોગ વગેરે.

વળી 'ટવિન ટ્વિસ્ટડ સ્ટીલ' વાપરવાથી ૫૦ ટકા મજબૂતાઈ વધે છે અને ત્રણ ટનને બદલે બે ટન સ્ટીલથી ચાલે છે; પરંતુ આવું પોલાદ બનાવવા માટે જોઈતી મશીનરીનો ખર્ચ વધારે થતો હોવાથી તે આજે સામાન્ય થઈ નથી એટલે એ દિશામાં પણ ખાસ અન્વેષણ ચાલે છે.

—નરસિંહ મૂ. શાહ

'પ્રાઈવેટ્સ' છે.આપણી સાંજની નદી ઉપરની ફરવા જવાની મઝા જ્યારે જ્યારે હું ર્હાઇન જાઉં છું ત્યારે યાદ આવે છે.... —લિ. નાગરદાસ

કોઇ જિજ્ઞાસુને પત્રવ્યવહાર કરવાની ઇચ્છા થાય તો એમનું સરનામું: N.H. Panchal, B.Sc., B.Sc. (Tech) 47 Koenerstrasse Dormagen (N.D.R.H.) West Germany.

(૨)

કરમસદ. તા. ૧૦-૧૧-૫૩.

તંત્રીશ્રી, થોડા સમય ઉપર આપે 'કુમાર'માં મેં મોકલેલાં સરનામાં છાપવાની કૃપા કરી હતી. તેમાંનાં એક બહેનનો મારા પર પત્ર આવ્યો છે તે આ સાથે મોકલું છું. —નરેન્દ્ર પટેલ

પ્રિય મિત્ર નરેન્દ્ર,

તમારા પત્ર માટે ઘણો જ આભાર. જોકે તે મને ઘણા લાંબા સમયે મળ્યો. તે માટે હું મારી જાતને નસીબદાર ગણું છું. પ્રથમ તો મારે એ કહેવું છે કે મને તમારા દેશમાંથી ઢગલાબંધ પત્રો મળ્યા છે. તમે મારું નામ તથા સરનામું 'કુમાર'માં છપાવ્યા બદલ આભાર. ખરેખર, મને સ્વપ્નેય ખયાલ ન હતો કે તમારા દેશમાંથી મને આટલા બધા મિત્રો લખશે. આ બતાવી આપે છે કે તમારો દેશ બહારની દુનિયા સાથે હાથ મિલાવવામાં ઘણો જ રસ ધરાવે છે.

જોકે બધાને હું લાંબા પત્રો લખી ન શકી, છતાં મેં દરેકને જવાબ તો આપ્યો છે જ. વધારે આનંદમય વાત તો એ છે કે મને પૂર્વ આફ્રિકામાંથી પણ એક તરુણ ભાઇ તરફથી પત્ર મળ્યો છે. મને એ કહેતાં ગર્વ થાય છે કે તેમની માતૃભૂમિ તો ભારત જ છે. તમે મને 'ધ રિવર' નામક ફિલ્મ જોવાનું કહ્યું હતું તે હું આજે જોઈ આવી. મને તે ફિલ્મ ઘણી જ ગમી. ખરેખર ભારત અદ્ભુત દેશ હોવો જોઇએ.

તમારો પત્ર મને મોડો મળે તે સ્વાભાવિક છે, કારણ તમારે ઘણું કામ કરવાનું હશે. વારુ, અત્યારે તો હું વિરમું. શક્ય હોય તો 'કુમાર'ને મારી અને મારા દેશબાંધવોની શુભેચ્છાઓ પાઠવશો.

—સપ્રેમ, હીલ્ડેગાર્ડ (Hildegard)

વાચકો લખે છે....

આ વિભાગમાં પ્રગટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

'કુમાર'ના માર્ચ ૧૯૫૪ના અંકમાં હમણાં જ સ્વર્ગસ્થ થએલા મહાન ચિંતક અને રાજપુરુષ શ્રી. એમ. એન. રૉયનો પરિચય શ્રી અશોક હર્ષની સુંદર કલમથી અપાયો છે તેમાં નીચેની બે બાબતો તરફ સહેજ હકીકત-દોષ તરીકે ધ્યાન દોરું છું:

(૧) શ્રી રૉયનું અવસાન તા. ૨૭મી નહિ પણ તા. ૨૫મી જાન્યુઆરીના રોજ થયું.

(૨) રૉયે પોતાના પક્ષનું ૧૯૩૮માં નહિ પણ ૧૯૪૮માં વિસર્જન કર્યું. વિસર્જન માટે શ્રી હર્ષે જે કારણ જણાવ્યું છે તે ઉપરાંત શ્રી રૉય એવા નિર્ણય ઉપર આવ્યા હતા કે પક્ષોનું અસ્તિત્વ અને પક્ષીય રાજકરણ સત્તાની સાઠમારીમાં પરિણમે છે અને તે પ્રજાની સાર્વભૌમતાના અમલમાં બાધક બને છે, એ કારણ પણ હતુ.

શ્રી રૉયનું જીવન એવું અનુભવસમૃદ્ધ અને વ્યાપક હતું કે હિંદ અને જગતને માટે તે પ્રેરણારૂપ બની રહેશે. નિષ્ફળ નીવડેલી લિબરલ ફિલસૂફી તથા સરમુખત્યારશાહી ને વ્યક્તિના મૂઠીકરણમાં પરિણમેલી સામ્યવાદી ફિલસૂફીએ અત્યારે જગતને માટે માનવઇતિહાસમાં કદી નહિ પેદા થએલી એવી મહા વિટંબણા–crisis–પેદા કરી છે. તેમાંથી નવમાનવવાદ–New Humanism–ના પાયા ઉપર શો માર્ગ નીકળી શકે એમ છે તેનું વિશદ દર્શન શ્રી રૉયે આપ્યું છે. શ્રી હર્ષે સાચું જ જણાવ્યું છે કે માનવને તેની મહત્તાના સ્થાન ઉપર લાવવામાં શ્રી રૉયે ઘણો ફાળો આપ્યો છે. એ રીતે એક બાજુથી થેલ્સ, પ્લેટો, એપિક્યુરસ, વીકો અને માર્કસ દ્વારા ચાલી આવતી પરંપરા અને બીજી બાજુથી કપિલ, કણાદ, બુદ્ધ અને બૃહસ્પતિ–ચાર્વાક દ્વારા ચાલી આવતી હિંદી પરંપરાના પ્રવાહ શ્રી રૉયમાં મળે છે અને ફિલૉસૉફીની દૃષ્ટિએ શ્રી રૉયનું આધુનિક જગતના એક મહાન વિચારક તરીકે પ્રમુખ સ્થાન નક્કી કરે છે. આવું મહાન સ્થાન એક હિંદીને મળે એ આપણે માટે ભારે ગૌરવનો વિષય છે.

(અમદાવાદ) —મણિલાલ દેવશંકર પંડ્યા

માર્ચ માસના અંકમાં પ્રસિદ્ધ થએલ કુમારમાંથી 'જો તમે અગ્નિની ઝાળમાં સપડાઓ તો' એ ચિત્રબોધ વાંચ્યો. રજૂઆત ઘણી જ સુંદર અને સામાન્ય માણસને લાભદાયક થાય એવી છે. ઉપર્યુક્ત ચિત્રબોધમાં 'ડૉક્ટરની મદદ મળે તે દરમિયાન બજારમાં તૈયાર મળતી ટૅનિક ઍસિડની ગોળીનું દ્રાવણ બળેલા ભાગ પર લગાવો' એ હકીકત તબીબી વિજ્ઞાને કરેલી પ્રગતિ સાથે બંધબેસતી નથી. ટૅનિક ઍસિડનો પણ એક જમાનો હતો, પરંતુ એ અમુકપ્રમાણમાં વપરાય ત્યારે લીવર (liver) પર નુકસાનકારક અસર થતી હોવાથી અને આજે બીજી સારી દવાઓ મળતી હોવાથી આજે એનો વપરાશ લગભગ બંધ થયો છે. ઘરગથ્થુ ઉપાય તરીકે વૅસેલીન (vaseline) પણ અગત્યનું સ્થાન ધરાવે છે. એને ગરમ કરી સહેજ ઠંડું પડે ત્યારે લગાવવાથી તરત પૂરતો તો પરુ થવાનો ભય ઓછો રહે છે.

(અમદાવાદ) —કુમાર. કે. શાહ

માર્ચ અંકના ૧૨૯મા પાના ઉપર 'તારીખ પરથી વાર શોધવાની રીત' વાંચી આજનો વાર શોધવાની કોશિશ કરી જોઈ. પણ શ્રી શીતલબિંદુ ભટ્ટની રીત મુજબ શેષ વધતી નથી એટલે તે રીત ખોટી હોવાનો સંભવ છે.

(બોરીવલી) —શાંતિ તુરખીઆ.

'કુમાર'ના માર્ચ અંકમાંની તારીખ પરથી વાર જાણવાની રીત સંવત ૨૦૦૯ના 'જન્મભૂમિ' પંચાગમાં વાંચી છે તેમાં એકસો વરસની ગમે તે તારીખો મેળવી શકાય તેવી પણ રીત છે. અને તે સંવત ૨૦૦૯ના પંચાગના ૧૩૪મા પાના પર અને સંવત ૨૦૧૦ના પંચાગના ૧૫૮મા પાના પર છે. વધુમાં તેમાં તારીખ પરથી તિથિ જાણવાની રીત છે. અને તમે આપેલ તેની નકલ છે એમ લાગે છે. માટે ખુલાસો આપવા વિનંતી. હું છેલ્લાં દસ વરસથી કુમાર વાંચું છું. આ પત્રમાં લખેલ મારી ભૂલ છે કે શીતલબિંદુ ભટ્ટની ભૂલ છે. તે જણાવવા વિનંતી.

(બિજાપુર) —રાઘવજી માવજી

'કુમાર'ના માર્ચ અંકમાં તારીખ ઉપરથી વાર શોધવાની રીત આપેલી તે ભૂલભરેલી છે. પરંતુ નીચે આપેલી રીત ઘણી રીતે મેળવી જોઈ છે અને એ રીત સાચી છે:

(૧) ઈસ્વી સનના છેલ્લા બે અંકને '૪'થી ભાગો. (૨) છેલ્લા બે અંકમાં ભાગાકાર તથા તારીખની સંખ્યા ઉમેરો. (૩) સરવાળામાં નીચે આપેલા માસ વાર અંક ઉમેરો. (૪) છેવટે '૭'થી ભાગો. (૫) શેષ ૦ વધે તો શનિ, શેષ ૧ વધે તો રવિ, ૨ વધે તો સોમ, ૩ વધે તો મંગળ, ૪ વધે તો બુધ, ૫ વધે તો ગુરુ, ૬ વધે તો શુક્ર. એ રીતે શુક્ર સુધી ક્રમવાર.

માસવાર અંક

જાન્યુ. ૦, ફેબ્રુ. ૪ (૩), માર્ચ ૪, એપ્રિલ ૦, મે ૨, જૂન ૫, જુલાઈ ૦, ઑગસ્ટ ૩, સપ્ટે. ૬, ઑક્ટો. ૧, નવે. ૪, ડિસે. ૬.

લીપ ઇઅર હોય ત્યારે ફેબ્રુઆરીના '૪'ને બદલે '૩' અંક ઉમેરવો.

(નરસંડા) —નાથુભાઇ પટેલ

[આ વિષે બીજા અનેક વાચકો તરફથી પણ અમને પત્રો મળ્યા છે.]

ગુજરાત ધીમેધીમે શાસ્ત્રીય સંગીતની મહત્તા સમજતું જાય છે. તે સમયે આપ આપના માસિક દ્વારા ઉત્તર ભારતીય અને દક્ષિણ ભારતીય સંગીતનો, તેનાં રાગરાગિણીઓનો, વાદકોનો, વાદ્યોના, ગાયકો વગેરેનો પરિચય આપો એ ઇચ્છનીય છે. ગુજરાતના મહામહોપાધ્યાય પંડિત ઓમકારનાથજી જેવા પ્રખર સંગીતશાસ્ત્રીની મદદથી સંગીતના દરેક અંગનો તથા કલાકારોનો શક્ય એટલો પરિચય ગુજરાતના એ ઉત્સાહ પોષશે.


(સૂરત) —પુ. પ્ર. સ્માર્ત

[ટૂંક સમયમાં એક નાની માળા તો શરૂ થશે.]

'કુમાર'માં લગભગ બધા જ વિષયો પર કંઇને કંઇ લખવામાં આવે છે, પણ ચાલુ રાજકીય બાબતોનો ઉલ્લેખ આવતો નથી. આપ દેશની પરદેશની તથા આંતરરાષ્ટ્રીય બાબતો વિષે હિંદી માનસવાળા વિચારો આપો તો ગુજરાતના મધ્યમવર્ગને માર્ગદર્શન રૂપ થઈ પડે.

ચલચિત્ર-ઉદ્યોગની નવી શોધો વિષે કુમારમાં લખાણ આવે છે, પણ સારાં અને સંસ્કારી ચિત્રોના ટૂંક હેવાલ આવતા નથી. જો આવા ટૂંક હેવાલ આપ ઉમેરો તો સંસ્કારી મધ્યમવર્ગ ફક્ત ચિત્રના નામ પાછળ ઘેલા થઈને નકામા પૈસા અને સમયનો વ્યય ન કરે.

(વડોદરા) —કાન્તિલાલ શાહ



સાવરકુંડલા(સૌરાષ્ટ્ર)ના શૂરવીર બહારવટિયા જોગીદાસ ખુમાણનું આંબરડી ગામમાં આવેલું એક સદી કરતાં પણ જૂનું ઐતિહાસિક મકાન (ફોટો : વિનયકાન્ત મ. મહેતા-દિલ્હી)

ફાતિહા (અનુસંધાન પૃષ્ઠ ૧૭૬થી ચાલુ)

ચાલીચાલીને મારા પગ કળવા લાગ્યા, પણ એમની મજલ પૂરી ન થઈ. માથે જેઠ મહિનાનો ઘામ ધખતો હતો. નીચે પગ શેકાઈ જતા હતા, તરસથી ગળું સુકાતું હતું, પણ એ લોકો તો જરા પણ દરકાર વિના ચાલ્યા જ કરતા હતા. એ લોકો બધા જીવનના તોરમાં મુસ્તાક હતા અને આનંદ કરતા જતા હતા. એવામાં એક અફ્રિદીએ તો મોજમાં આવી જઈને પોતાની ભાષામાં એક ગીત ગાવા માંડ્યું. એ એટલું સુંદર હતું કે એનો ભાવ હજી મને યાદ છે:

ગીત સાંભળીને હું મુગ્ધ બની ગયો. ગીત પૂરું થતાં તો અમે પણ અટક્યા. મારી આંખોના પાટા છૂટી ગયા. સામે મોટું મેદાન અને ચારે તરફ ગુફાઓ હતી. એ આ લૂંટારાઓનો વાસ હતો.

ફરીથી મારી જડતી લેવાઈ અને મારાં બધાં કપડાં પણ લઈ લેવામાં આવ્યાં. માત્ર એક સુરવાલ રહેવા દીધી. થોડાક જુવાનોએ જોર કરીને સામેનો એક મોટો પથ્થર હઠાવી દીધો. મારો જીવ કંપી ઊઠ્યો. મને થયું આ લોકો મને જીવતો દાટી દેશે. મેં અતિશય વેદનાભરી આંખે સરદાર તરફ જોઈને કહ્યું, 'સરદાર, સરકાર તમને જરૂર રૂપિયા આપશે. મને મારશો નહિ.'

તેણે પાછું ક્રૂર હસતાં કહ્યું, 'મારે છે કોણ? કેદ કરીએ છીએ. રૂપિયા મળશે તો જ તારો છુટકારો થશે.'

તેણે મારી ડાયરીબુક અને પેન્સિલ સામે મૂકીને કહ્યું, 'લે, લખી આપ; જો એક પણ પૈસો ઓછો આવ્યો છે તો મૂઓ જ સમજજે.'

મેં કમિશ્નરના નામ પર એક પત્ર લખી આપ્યો. તેમણે મને એ અંધારા કૂવામાં ઉતારી દીધો અને દોરડું ખેંચી લીધું.'

ગુફા અંદરથી બહુ મોટી નહોતી તેમ છેક સાંકડી પણ નહોતી. ચોમેર મજબૂત પથ્થરની દીવાલ બની રહી હતી. તેમાં વચ્ચેવચ્ચે નાનામોટા છેદ હતા જેમાંથી આછો પવન ને પ્રકાશ આવતાં. ચોતરફ નજર કરીને મારી દશાનો મેં ખયાલ કર્યો.

ધીરેધીરે સંધ્યા નમી. પેલા લોકોએ હજી સુધી મારી ખબરઅંતર લીધી ન હતી. ભૂખથી મારો જીવ વ્યાકુળ થઈ જતો હતો.

આખરે એક છેદમાંથી કોઈએ ચાર રોટલી ફેંકી. ભૂખ્યો કૂતરો જેમ રોટલીનો ટુકડો જોતાં છલંગ મારે એમ હું કૂદ્યો અને રોટલી ઝડપી લઈને એ છેદમાં જોવા લાગ્યો. પણ પછી કોઈએ કંઈ જ ફેંક્યું નહિ. મેં રોટલી દબૂસવા માંડી. થોડી વારમાં એ જ કાણામાંથી એક લોઢાના પ્યાલામાં કોઈએ પાણી મૂક્યું. મેં પ્રભુનો પાડ માન્યો. પાણી પીધું એટલે મારે હૈયે કંઈક નિરાંત વળી. મેં પૂછ્યું, 'જરા વધારે પાણી મળશે?' જવાબમાં દીવાલની પેલી બાજુથી તિરસ્કારભર્યો એક હાસ્યનો પડઘો સંભળાયો. કોઈએ ધીમા કાતર સ્વરે કહ્યું, 'પાણી હવે તો કાલે મળશે. પ્યાલો પાછો મૂકી દે; નહિ તો કાલે પણ પાણી નહિ મળે.'

શું કરું? હારીને પ્યાલો પાછો ત્યાં જ મૂકી દીધો.

આમ કેટલાક દિવસો વીતી ગયા. રોજ બે વખત ચાર રોટલી અને એક પ્યાલો પાણી અચૂક મળતાં. ધીરેધીરે હું પણ આ શુષ્ક અને એકલવાયા જીવનથી ટેવાઈ ગયો. ક્યારેક તો હું મારી પોતાની ભાષામાં અને ક્યારેક પશ્તુ ભાષામાં કંઈક ગાતો. એનાથી મને એકલવાયો આનંદ મળતો અને ક્યારેક અંતરમાં શાંતિ પણ જામતી.

એક રાત્રે હું પશ્તુ ભાષામાં એક ગીત લલકારતો હતો: 'મજનૂ ત્યાંહૂ તપતા સૂર્યને પૂછે છે કે 'તારામાં એ શક્તિ નથી જે માણસોને બાળીને ખાખ કરી નાખે! એ ગરમી મને કેમ ભસ્મ નથી કરી નાખતી? મારા અંતરમાં પણ એક જ્વાળા સતત સળગી રહી છે તેથી?

'જો લયલા મને શોધતી આવે ત્યારે કોઈ જાડા વસ્ત્રથી મારું શરીર ઢાંકી દેજો; નહિ તો મને જોઈને એનું દિલ કાચની જેમ ફૂટી જશે.'

મેં ગાવું બંધ કર્યું. તરત પેલા છેદમાંથી કોઈએ કહ્યું, 'કેદી, એ ગીત ફરીથી ગાઓ.' હું ચોંકી ઊઠ્યો; કંઈક હર્ષ થયો, કંઈક આશ્ચર્ય પણ થયું. મેં પુછ્યું, 'તમે કોણ છો?'

એ જ છેદમાંથી હવા ઉત્તર લાવી, 'હું તુરિયા; સરદારની બેટી.'

મેં પૂછ્યું, 'તમને આ ગીત પસંદ છે શું?' તુરિયાનો અવાજ આવ્યો, 'હા, કેદી, ફરીથી ગાઓ, મારે તે ફરી સાંભળવું છે.'

મેં આનંદથી ગાવા માંડ્યું. ગીત પૂરું થતાં તુરિયાએ કહ્યું, 'તમે રોજ આ ગીત મને સંભળાવજો. હું તમને વધારે ખાવાનું અને પાણી આપીશ.'

તે પછી રોજ રાત્રે હું એ ગીત ગાતો ને તુરિયા દીવાલ પાસે આવીને સાંભળતી. મારા મનોરંજનનો એક રસ્તો મળી ગયો.

ધીરેધીરે એક માસ વીતવા આવ્યો, પણ કોઈએ મારી ખબરઅંતર લીધી નહિ; રૂપિયા પણ આવ્યા નહિ. જેમજેમ દિવસો વીતતા જતા હતા તેમતેમ હું જીવન તરફ નિરાશ ને બેપરવા બનતો જતો હતો. બરાબર એક મહિનો પૂરો થયે સરદારે આવી કહ્યું, 'કેદી, જો કાલે રૂપિયા નહિ આવે તો તારે મરવું પડશે. હવે હું રોટલા બગાડીશ નહિ.'

જીવનની હવે મને આશા ન રહી. એ દિવસે મારાથી કશું ય ન ખવાયું. રાત પડી. ફરી ખાવાનું આવ્યું. પણ ખાવાનું ગમ્યું જ નહિ.

નિશ્ચિત સમયે તુરિયાએ આવીને કહ્યું, 'કેદી, પેલું ગીત ગાઓ.'

એ દિવસે મને કશું ય ગમતું ન હતું. હું ચૂપ રહ્યો. તુરિયાએ પુછ્યું, 'કેદી, ઊંઘી ગયા શું!'

મેં ધીમા કચવાતે અવાજે ઉત્તર વાળ્યો. 'ના; આજે ઊંઘીને શું કરું! કાલે એવો ઊંઘી જઈશ કે ફરી કદી જાગીશ જ નહિ.'

'કેમ, સરકાર રૂપિયા નહિ મોકલે?'

મેં કહ્યું, 'જરૂર મોકલશે; પણ કાલે તો મારો જાન લેવાશે. મારા મોત પછી રૂપિયા આવે તે શા કામના?'

તુરિયાએ માયાળુ અવાજે કહ્યું, 'તમે ગીત ગાઓ હું તમને કાલે નહિ મરવા દઉં.' મેં ગાવાનું શરૂ કર્યું. જતી વખતે તુરિયાએ પૂછ્યું, 'કેદી, તમને હેડમાં રહેવાનું પસંદ છે?'

મેં ઉત્તર દીધો, 'હા; કોઈ પણ રીતે આ નરકમાંથી છોડાવો.'

'વારુ ત્યારે, હું કાલે અબ્બાને કહીશ.'

બીજે દિવસે મને એ અંધારા કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યો અને મારા બંને પગ હેડના લાકડામાં નાખીને જકડી લીધા.

સરદારે મારી પાસે આવીને કહ્યું, 'કેદી, પંદર દિવસની તને બીજી મુદત આપું છું. સોળમે દિવસે તારા ધડ પર માથું નહિ હોય. આજે બીજી ચિઠ્ઠી લખી આપ. ઈદ સુધીમાં રૂપિયા નહિ આવી પહોંચે તો તને હલાલ કરવામાં આવશે.' મેં બીજો પત્ર લખી આપ્યો.

સરદાર ગયા ને તુરિયા આવી. મારા તરફ મીટ માંડીમાંડીને એ જોઈ રહી. હું પણ એની સામે જોઈ રહ્યો. થોડી વારે તેણે પૂછ્યું, 'કેદી, તમારા ઘરમાં કોણ કોણ છે?'

મેં કાતર અવાજે કહ્યું, 'બે નાનાંનાનાં બાળકો, બીજું કોઈ નહિ.' હું જાણતો હતો કે અફ્રિદીઓને બાળકો ખૂબ વહાલાં હોય છે.

તુરિયાએ પૂછ્યું, 'એમની મા નથી?'

કેવળ દયા ઉપજાવવા મેં કહ્યું, 'ના, એમની મા તો મરી ગઈ છે. એ બીચારાં એકલાં જ છે. કોણ જાણે હવે તો જીવતાં હશે કે મરી ગયાં હશે!' કહેતાંકહેતાં મારી આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. તુરિયાની આંખો પણ ભીંજાઈ ગઈ: 'ત્યારે તમારે ત્યાં બીજું કોઈ નથી? છોકરાં એકલાં જ છે. બીચારાં બહુ કકળતાં હશે.'

મેં કહ્યું, 'જરૂર ટળવળતાં હશે! કોને ખબર, મરી પણ ગયાં હોય!'

'ના, ના; મર્યા તો નહિ હોય. તમે ક્યાં રહો છો? મને કહો, હું જઈને ખબર લાવીશ.' મેં ઘરનું ઠેકાણું બતાવ્યું. એણે કહ્યું, 'ત્યાં તો હું બજારમાંથી સોદો લેવા રોજ જાઉં છું.'

મેં શંકિત હૃદયે પૂછ્યું, 'ક્યારે જશો?' એણે થોડો વિચાર કરીને કહ્યું, 'આવતે ગુરુવારે. હવે તમે પેલું ગીત ગાઓ.'

આજે તો મેં બહુ કરુણગંભીર ગીત ગાવાનું શરૂ કર્યું. તુરિયા પર એની અસર કેવી થાય છે એ તો મેં આજે જ જોયું. એનું શરીર કંપવા લાગ્યું, આંખો ભરાઈ આવી, ગાલ ફિક્કા પડી ગયા અને ધ્રૂજતીધ્રૂજતી એ નીચે બેસી પડી. એની આવી અવસ્થા જોઈને મેં બેવડા ઉત્સાહથી ગાવા માંડ્યું. ગીત પૂરું થયું. શાંતિ પથરાઈ ગઈ. મેં કહ્યું, 'તુરિયા, જો હું માર્યો જાઉં તો મારાં બાળકોને એટલી ખબર કહેજે.'

મારા આ શબ્દોની પૂરેપૂરી અસર થઈ. તુરિયાએ ગદ્‌ગદ કંઠે કહ્યું, 'કેદી, તમે નહિ મરો. હું તમારાં બાળકોને ખાતર તમને છોડી મૂકીશ.'

મેં કહ્યું, 'તમારા છોડી દેવાથી યે હું બચવાનો નથી. આ અજાણ્યા જંગલમાં ભટકીભટકીને હું મરી જઈશ. અને પછી તમારા પર શીદને મુસીબત લાવું? મારે ખાતર હું તમને દુઃખમાં નહિ પડવા દઉં.'

તુરિયાએ કહ્યું, 'મારી ચિંતા તમે ન કરશો. મારા ઉપર કોઈ શંકા નહિ લાવે. હું સરદારની બેટી છું; જેમ કહીશ તેમ સૌ કબૂલ કરશે. પણ તમે જઈને રૂપિયા મોકલી દેશો ને?'

મેં પ્રસન્ન થઈને કહ્યું, 'હા જરૂર, તુરિયા, રૂપિયા હું અચૂક મોકલીશ.'

'તો હું યે તમને જરૂર છુટકારો અપાવીશ.' જતાંજતાં તે બોલી.

આખરે ગુરુવાર આવી પહોંચ્યો. સરદાર હજી પાછો આવ્યો ન હતો. સમી સાંજે તુરિયાએ આવીને કહ્યું, 'કેદી, મારા અબ્બા હજી પાછા નથી આવ્યા, એટલે હવે હું નહિ જઈ શકું; જો કાલે પણ નહિ આવે તો હું કાલ રાત્રે તમને છોડી મૂકીશ. તમે તમારાં બાળકો પાસે જજો. પણ જુઓ, રૂપિયા મોકલવા ન ભૂલશો. હું તમારે વિશ્વાસે રહું છું.'

મેં એ દિવસે ભારે ઉત્સાહથી ગીત ગાયું. મધરાત સુધી તુરિયાએ એ ગીત સાંભળ્યા જ કર્યું. ત્રીજો પહોર થવા આવ્યો ને તુરિયા ચાલી ગઈ. હું પણ ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો કે કાલે પણ સરદાર ન આવે. હેડમાં રહીરહીને મારા પગ નકામા થઈ ગયા હતા. આખું શરીર અકડાઈને દુખતું હતું. આના કરતાં તો પેલો અંધારો કૂવો વધારે સારો હતો, કે હાથપગ તો ચલાવી શકતો હતો.

બીજે દિવસે પણ ટોળી પાછી ન ફરી. તુરિયા ખૂબ ચિંતાતુર હતી. સાંજે આવીને તેણે મારા પગ ખોલી નાખ્યા અને કહ્યું, 'કેદી, હવે તમે છૂટા છો. ચાલો, હું થોડે સુધી તમને પહોંચાડી જાઉં.'

તુરિયાને પ્રસન્ન કરવા આખે રસ્તે મેં પેલું ગીત ગાયું. તુરિયા એ સાંભળતી જતી હતી અને રોતી જતી હતી. એમ કરતાંકરતાં છેક મધરાતે અમે પેલા તળાવ પાસે જઈ પહોંચ્યા. ત્યાંથી તુરિયાએ રસ્તો બતાવી કહ્યું, 'અહીંથી સીધા ચાલ્યા જાઓ; પેશાવર પહોંચી જશો. જોજો, ખબરદારીથી જજો, નહિ તો કોઈની ગોળીના શિકાર બની જશો. અને જુઓ, રૂપિયા મોકલવાનું ન ભૂલતા. હું તમારી જામીન રહીશ. જો રૂપિયા નહિ આવે તો મારા અને તમારા બંનેના જાન જશે.'

તુરિયા પછી ઊભી ન રહી. રાત બે પહોર વીતી ગઈ હતી. ચોમેર ભયાનક નિઃસ્તબ્ધતા છાઈ રહી હતી. હું ધીરેધીરે આગળ વધ્યો. માતાના વાત્સલ્ય જેવું નિર્દોષ સવાર પડ્યું ત્યાં તો હું પેશાવરની સરહદે આવી પહોંચ્યો. ત્યાં સિપાઈઓનો પહેરો હતો. મને જોતાં જ આખા લશ્કરમાં આશ્ચર્ય ફેલાઈ ગયું. સૌ મને મરી ગએલો જ સમજતા હતા.

કર્નલ હૅમિલ્ટન પણ ખબર સાંભળીને મને મળવા આવ્યા અને બધી હકીકત સાંભળીને કહ્યું, 'મેજર સાહેબ, હું તો તમને મરેલા જ માનતો હતો. તમારી બંને ચિઠ્ઠી મને મળી હતી, પણ મારો વિશ્વાસ જ ન બેઠો કે તે તમારી લખેલી હશે. મને તો એ કાવતરું જ લાગતું હતું. ખેર, ઈશ્વરનો આભાર કે તમે પાછા આવ્યા.'

મેં કર્નલનો ઉપકાર માન્યો ને મનમાં જ કહ્યું, 'કાળા આદમીનો લખેલો પત્ર કાવતરું લાગ્યું. કોઈ ગોરાએ લખ્યો હોત તો બેને બદલે ચાર હજાર પહોંચી જાત; કેટલાં યે ગામો બાળીને ખાખ કરી નાખત.'

હું ચૂપચાપ ઘેર આવ્યો. બાલબચ્ચાંને જોઈ હૈયું હરખાયું. એ જ દિવસે એક વફાદાર નોકર સાથે બે હજાર રૂપિયા મોકલી દીધા.'

સરદારે એક લાંબો નિઃશ્વાસ નાખી થોડી વાર થાક ખાધો અને આગળ ચલાવ્યું: 'અસદખાં, હજી મારી કહાણી પૂરી નથી થઈ. એનો કરુણાંત ભાગ તો હજી બાકી રહ્યો છે. અહીં આવીને હું ધીરે-ધીરે બધી મુસીબતો વીસરી ગયો. પણ તુરિયા તો અંતરમાંથી ખસી જ નહિ. એની જ કૃપાથી મને સ્ત્રી અને બાળકો પાછાં મળ્યાં હતાં. એટલું જ નહિ પણ જીવન પાછું મળ્યું હતું. હું એને કેમ ભૂલી શકું?'

વર્ષો વીતી ગયાં. મેં તુરિયા કે એના બાપ કોઈને જોયાં નહિ. અહીં આવીને મેં મારી પત્નીને એને પીએર મોકલી દીધી હતી. કદાચ તુરિયા આવે તો હું જૂઠો પડું. પણ ત્રણેક વર્ષો વીતવા છતાં તુરિયા ન આવી એટલે હું નિશ્ચિંત થઈ ગયો અને મારી સ્ત્રીને એના પીએરથી પાછી બોલાવી લીધી. અમે આનંદથી દિવસો ગુજારતા હતા. એવામાં એક દિવસ અકસ્માત દુર્દશા આવી.

સાંજ પડી ગઈ હતી. હું મારી સ્ત્રી સાથે છજામાં બેઠો હતો. ત્યાં કોઈએ દરવાજો ખખડાવ્યો. નોકરે દરવાજો ઉઘાડ્યો. ત્યાં તો બેધડક દાદરો ચડીને એક કાબુલી સ્ત્રી ઉપર ચાલી આવી. એણે છજા આગળ આવીને શુદ્ધ પશ્તુ ભાષામાં પૂછ્યું, 'સરદાર સાહેબ ક્યાં છે?'

ઓરડામાં જઈ મેં કહ્યું, 'તું કોણ છે? શા માટે આવી છે?'

પેલી સ્ત્રીએ પોતાની ઝોળીમાંથી કંઈક કાઢ્યું અને કહ્યું, 'હું આ વેચવા આવી છું. ખરીદશો?' આટલું બોલીને એણે પોતાની ઝોળી આખી યે નીચે ખંખેરી. મારી પત્ની પણ મારી સાથે જ એ ઓર-ડામાં આવી હતી. એ તો રંગેલી ભાતભાતની ચીજો જોવા લાગી. એને જોઈ પેલી કાબુલી સ્ત્રીએ પૂછ્યું. 'સરદાર સાહેબ, આ આપને શું થાય

મેં ઉત્તર આપ્યો, 'મારી સ્ત્રી, બીજું કોણ હોય?'

તેણે કહ્યું, 'તમારી સ્ત્રી તો મરી ગઈ હતી ને? બીજું લગ્ન કર્યું

મેં રોષે ભરાઈ ને કહ્યું, 'ચૂપ બેવકૂફ! તું મરી ગઈ હોઈશ.' મારી સ્ત્રીને પશ્તુ ભાષાની ગમ ન હતી. એ તો તન્મય થઈને પેલી વસ્તુઓ જ જોયા કરતી હતી.

પરંતુ મારી વાત સાંભળીને કોણ જાણે કેમ, પેલી કાબુલી સ્ત્રીની આંખો લાલચોળ થઈ આવી. એણે તીવ્ર સ્વરે કહ્યું, 'હા બેવકૂફ ન હોત તો તને જીવતો કેમ જવા દેત? દોજખના કીડા! મારી આગળ જૂઠું બોલ્યો? લે, તારી સ્ત્રી ત્યારે નહોતી મરી તો હવે મરી ગઈ!'

કહેતાંકહેતાં તો સિંહણની જેમ લપકીને તેણે એક ચમકતો તેજ છરો મારી સ્ત્રીની છાતીમાં ભોંકી દીધો. હું રોકવા આગળ વધું તે પહેલાં તો એણે કામ પતાવી દીધું અને દૂર પરસાળમાં જઈને બોલી. 'હવે મને ઓળખી લે. હું તુરિયા છું. આજે હું તારા ઘરમાં હમેશને માટે રહેવા આવી હતી. તારી સાથે નિકાહ કરત અને તારી બનીને રહેત. તારા માટે મેં બાપ, ઘરબાર, સાથી, સૌ છોડી દીધાં. પણ તું જૂઠો નીકળ્યો, મક્કાર, બેવફા નીકળ્યો. તું આજથી તારી ઓરતના નામને રોજે. હું તારા નામને રોઈશ.' એટલું કહી ઝડપથી તે ચાલી ગઈ.

હું મારી સ્ત્રીની પાસે ગયો. ઘા સચોટ અને આરપાર હતો. ડૉક્ટરને બોલાવ્યો પણ મામલો ખતમ થઈ ગયો હતો!"

આટલું કહેતાંકહેતાં સરદાર હિંમતસિંહની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. આંસુ લૂછીને તેમણે આગળ ચલાવ્યું, "ભાઈ અસદ, મને સ્વપ્નમાં પણ ખયાલ ન હતો કે તુરિયા આટલી પિશાચ હૃદયની હશે. જો હું એને પ્રથમથી જ ઓળખત તો આ આફત ન આવત. પણ એ આવી ત્યારે ઓરડામાં અંધારું વ્યાપવા આવ્યું હતું; મેં આશા [illegible]થી હતી; તેણે પોશાક પણ બદલી નાખ્યો હતો; એટલે હું તેને પિછાની જ ન શક્યો.

. ત્યાર પછી તુરિયા અહીં આવી નથી. કદીક જ્યારે મને જુએ છે ત્યારે છંછેડાએલી નાગણની જેમ મારી તરફ ફૂંફાડતી ચાલી જાય છે. એને જોતાં જ મને રોમાંચ થઈ આવે છે. હું કંપવા લાગું છું અને વિવશ બની જાઉં છું. હમણાં જે આવી હતી તે એ જ તુરિયા!

કેટલીક વાર મને એમ થાય છે કે હું એને પકડાવી દઉં; પણ એને જોતાં હું બધું જ ભૂલી જાઉં છું, હાથપગ બેકાબૂ બની જાય છે અને મારી વીરતા હવામાં ઊડી જાય છે."

સરદાર સાહેબની વિદાય લઈ હું ઘેર ગયો. ચોતરા પરથી પેલા બુઢ્ઢા અફ્રિદીની લાશને લઇ જવામાં આવી હતી. પણ ત્યાં જતાં જ મારાં રૂવાં ઊભાં થઇ ગયાં. હું આપોઆપ પળવાર થંભી ગયો. સહજ આગળપાછળ જોયું. છાયાની જેમ એક સ્ત્રી મારી પાછળ આવતી હતી. મને થોભેલો જોઈ ને તે કોઇ દુકાને કશુંક લેવાનું બહાનું કરી રોકાઈ ગઇ. મને અંતરમાં જ પ્રશ્ન થયો : 'એ તુરિયા તો નહિ હોય? મને અંતરમાંથી ઉત્તર મળ્યો. 'એ જ.'

તુરિયાએ મારો પીછો કેમ પકડ્યો હશે એ વિચારતોવિચારતો હું મારે ઘેર પહોંચ્યો અને જમીને આડો થયો. પણ આજની ઘટનાઓની મારા ઉપર એટલી બધી અસર પડેલી કે મને ઊંઘ આવે જ નહિ. જેમ હું ઊંઘવાનો પ્રયત્ન કરું એમ નિદ્રા મારાથી દૂર જ નાસે. આ તરફડાટમાં અચાનક ઊંઘી ગયો.

જોકે હું સૂતો હતો, પણ મારું જ્ઞાન જાગતું હતું. એવામાં મને લાગ્યું કે તુરિયા જેવી જ પણ વધારે બિહામણી કોઇ સ્ત્રી દીવાલ તોડીને અંદર આવી છે. હાથમાં એક તેજ છરો છે જે ફાનસના પ્રકાશમાં ચમકી રહ્યો છે. ધીરેધીરે, દબાએલે પગે, સાવધાનીથી એ મારી તરફ આગળ વધે છે. હું એને જોઈ ને ઊઠવાનો પ્રયત્ન કરું છું, પણ મારા હાથપગ ઉપર મારો કાબૂ નથી; જાણે અંદર ચેતન જ નથી. એટલામાં તો એ મારી પાસે આવી પહોંચી. થોડી વાર સુધી એકીટશે એ મારી સામે જોઇ રહી અને છરાવાળો હાથ ઉગામ્યો. બૂમ પાડવાનો પ્રયત્ન કર્યો, પણ મારું જડબું ખૂલે જ નહિ. કંઠમાંથી શબ્દ જ ન નીકળે. હું વ્યાકુળ થઈ ગયો ને મારી આંખો ખૂલી ગઈ. સાચે જ મારી છાતી પર એક કાબુલી સ્ત્રી સવાર હતી. એના હાથમાં ચમકતો છરો હતો અને મારવાની જ વાર હતી! મેં કહ્યું, 'કોણ, તુરિયા?'

ખરેખર એ તુરિયા હતી. એણે બળપૂર્વક મને દબાવી કહ્યું, 'હા, હું તુરિયા. આજે તેં મારા બાપનું ખૂન કર્યું છે, એના બદલામાં આજે હું તારું ખૂન કરીશ.' એટલું કહીને એણે છરો ઉગામ્યો. મારી સામે જીવનમરણનો પ્રશ્ન હતો. મેં તાકાત વાપરીને મારો જમણો હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો. એક જ ઝટકામાં સારો હાથ છૂટો થઇ ગયો. પછી શું જોઈએ? હતી એટલી તાકાત અજમાવીને મેં તુરિયાનો છરાવાળો હાથ પકડી લીધો. કોણ જાણે કેમ, પણ તુરિયાએ એ જોતાં જ જરા પણ વિરોધ ન કર્યો. મારા હાથ તરફ જોતીજોતી એ મારી છાતી પરથી નીચે ઊતરી ગઇ. એની આંખો ફાટી ગઈ હતી અને એકીટશે મારા હાથની સામે જોઇ રહી હતી.

મેં હસીને કહ્યું, 'તુરિયા, હવે તો બાજી બદલાઇ ગઈ. હવે તારે મરવાનું છે.' પણ તુરિયા તો હજી મારા હાથ તરફ આંખ માંડીને જોઈ જ રહી હતી. એણે કશો યે ઉત્તર ન વાળ્યો.

મેં કહ્યું, 'બોલતી કેમ નથી? હવે તારો જાન મારી મુઠ્ઠીમાં છે.'

તુરિયા જાણે કોઈ ઊંડા ધ્યાનમાંથી જાગી ઊઠી. એણે ગંભીર ને દૃઢ અવાજે કહ્યું, 'તું મારો ભાઈ છે. આજે તેં તારા બાપનું ખૂન કર્યું છે!'

તુરિયાની વાત સાંભળી હું ખડખડાટ હસી પડ્યો. હસતાંહસતાં મેં કહ્યું, 'અફ્રિદીઓ આટલા મક્કાર હોય છે એ તો મેં આજે જ જાણ્યું.'

તુરિયાએ મારા હસવા તરફ દુર્લક્ષ કરીને શાંત ગંભીરતાથી કહ્યું, 'તું મારો ખોવાએલો મોટો ભાઇ છે. આ તારે હાથે જે નિશાન છે તે એની સાબિતી!' બચપણથી મારા હાથ પર એક સાપનું છૂંદાયું હતું. મારી આ નિશાની ફોજના રજિસ્ટર પર પણ હતી.

મેં હસીને કહ્યું, 'તુરિયા, તું મને છક્કડ નહિ ખવડાવી શકે. ગમે તેટલા ઢોંગ કર. હું હવે તને જીવતી નહિ મૂકું.'

તુરિયાએ પોતાના હાથમાંથી છરો ફેંકી દઈ કહ્યું. 'ઢોંગ નથી કરતી; ખરેખર તું મારો ભાઈ છે. વિશ્વાસ ન આવતો હોય તો જો મારા જમણા હાથ પર પણ એવા જ સાપનું છૂંદાયું છે.' મેં તુરિયાના હાથ પર નજર નાખી. ત્યાં બરોબર મારા હાથ જેવો જ સાપ છૂંદણાથી પાડેલો હતો. હું વિચારમાં પડી ગયો. પછી કહ્યું, 'તુરિયા, હજી મને તારો વિશ્વાસ નથી આવતો. આ તો ચમત્કારિક સંજોગ જેવું લાગે છે.'

તુરિયાએ કહ્યું, 'મારા હાથ છોડી દે. હું તારા ઉપર વાર નહિ કરું. અફ્રિદી કદી જૂઠું નથી બોલતા.'

મેં એના હાથ મૂકી દીધા. એ ભોંય બેસી પડી અને મારા સામે જોવા લાગી. થોડી વાર પછી કહ્યું, 'તને તારાં માબાપની ખબર છે?'

મેં કહ્યું, 'ના, હું તો સરકારી અનાથાશ્રમમાં મોટો થયો છું.'

મારી વાત સાંભળીને તુરિયા ઊભી થઈ ગઈ. એણે કહ્યું, 'તું જ— તું જ મારો ખોવાએલો મોટો ભાઇ નાજિર! મારા જન્મ પહેલાં એક વર્ષે તું ખોવાઇ ગયો હતો. આપણાં માબાપ સૌ સરકારી લશ્કર પર છાપો મારવા આવ્યાં હતાં અને તું પણ સાથે હતો. આપણી મા લડવામાં ખૂબ હોશિયાર હતી. તું એની પીઠ પર બાંધેલો હતો અને એ લડી રહી હતી. એટલામાં અકસ્માત એના પગમાં ગોળી વાગી અને એ બેહોશ થઇ પડી ગઈ. એ ધમાચકડીમાં તને છોડીને કોઈ લઈ ગયું. માને તો આપણા અબ્બા પોતાની ખાંધ પર ઉઠાવીને લઈ આવ્યા, પણ તારો પત્તો ન જ મળ્યો. અમ્મા વારંવાર તને યાદ કરતી. એના હાથ ઉપર પણ આવું જ નિશાન હતું.'

એટલું કહીને એણે ફરી પોતાનો હાથ બતાવ્યો. હું મારા હાથ પરના સાપ સાથે એના હાથનું નિશાન સરખાવવા લાગ્યો. બંને આબેહૂબ મળતાં હતાં. વાળમાત્રનો ફરક ન હતો. હું હતાશ બનીને ખાટલા પર જઈ પડ્યો. તુરિયાએ બહેનના હેતથી મારે માથે હાથ ફેરવી કપાળ પરનો પરસેવો લૂછતાં કહ્યું. 'નાજિર, મા કહેતી હતી તે સાચું પડ્યું. એ કહેતી હતી કે તું મર્યો નથી. જીવતો છે; અને એક દિન આપણે જરૂર મળીશું.'

તુરિયાની વાત પર મને હવે સપૂર્ણ ઇતબાર બેઠો. મારા અંતરે એને બહેન તરીકે સ્વીકારી લીધી. મેં એક લાંબો નિઃશ્વાસ નાખીને પૂછ્યું. 'ત્યારે તુરિયા, મેં આજે અબ્બાજાનનું ખૂન કર્યું?' એણે કકળતા અવાજે કહ્યું. 'હા, નાજિર એ અભાગી આપણા અબ્બા જ હતા. કોને ખબર હતી કે પોતાના પ્યારા બેટાને હાથે જ એ હલાલ થશે?'

તુરિયાનો અવાજ બદલાયો. શોકને બદલે એમાં સાન્ત્વના આવી;

'પણ નાજિર, તેં તો એ કામ અજાણ્યે કર્યું છે. અબ્બાના મોતથી હું બિલકુલ એકલી બની ગઈ હતી; પણ હવે તને મેળવીને હું બાપના શોકને ભૂલી જઈશ. નાજિર, તું રંજ ન કરીશ. તને શું માલૂમ કે કોણ તારો બાપ ને કોણ તારી મા? જોને હું જ તને મારવા આવી હતી! પણ ખુદાની મહેરથી આ નિશાન નજરે પડી ગયું.'

તુરિયા પાસેથી જાણ્યું કે મારા બાપનું નામ હૈદરખાં હતું. અફ્રિદીઓની એક ટોળીના એ સરદાર હતા. પછી મેં સરદાર હિંમતસિંહ વિષે તુરિયા સાથે નિરાંતે વાત કરી જોઈ. મને માલૂમ પડ્યું કે તુરિયા પાછળથી સરદારને ચાહવા લાગી હતી, તેથી એ બાપ અને સગાંસંબંધી જોડે ઝગડીને પણ સરદાર સાથે લગ્ન કરવા આવી હતી. પણ ત્યાં એમની સ્ત્રીને જોઇને તે ક્રોધથી પાગલ બની ગઈ ને તેની હત્યા કરી નાખી. એ તો કાબુલી ઓરતના વેશમાં કંઈક મજાક કરવા આવી હતી, પણ ઘટનાચક્ર બીજી જ બાજુ ફરી ગયું!

મેં સરદાર સાહેબની દશાનું વર્ણન કર્યું. એ સાંભળીને એ ઘડીક વિચારમાં પડી ગઈ. પછી કહ્યું, 'નહિ, નાજિર, નહિ; એ આદમી જૂઠો છે, દગાબાજ છે. હું એની સાથે નિકાહ તો કદી નથી કરવાની; પણ તારે ખાતર હવે આગલું બધું ભૂલી જઈશ. કાલે એનાં બચ્ચાંને લઈને આવજે, હું એમને પ્યાર કરીશ.'

સવારમાં તુરિયાને ઘરમાં જોઈને મારા નોકરના આશ્ચર્યનો પાર ન રહ્યો. મેં કહ્યું, 'એ તો મારી સગી બહેન છે.' પણ નોકરને ઇતબાર ન બેઠો. મેં એને વિસ્તારથી બધું સમજાવ્યું અને મારા પિતાની લાશના સમાચાર લેવા મોકલ્યો. તેણે થોડી વારે આવીને કહ્યું, 'લાશ હજી થાણામાં જ પડી છે.' મેં મોટા અમલદાર પર ચિઠ્ઠી લખીને બધી વાત સમજાવી અને લાશ પાછી મળવાની અરજ કરી. તરત મંજૂરી મળી ગઈ. એક ચિઠ્ઠી લખીને મેજર હિંમતસિંહને પણ બોલાવ્યા. તેમણે આવીને કહ્યું, 'શું છે, અસદ? આટલા વહેલા શું કામ પડ્યું?'

મેં હસીને કહ્યું, 'સાહેબ, મારું નામ અસદ નહિ, પણ નાજિર છે!'

કુતૂહલ અને આશ્ચર્યથી એમણે મારી સામે જોયું: 'રાતમાં પાગલ તો નથી થઇ ગયા ને?' મેં હસવું જારી રાખ્યું: 'નહિ સરદાર સાહેબ, હજી વધારે સાંભળો. તુરિયા મારી સગી બહેન છે. અને કાલે જેનું મેં ખૂન કર્યું એ મારા બાપ હતા.'

મારી વાત સાંભળીને જાણે આકાશમાંથી ગબડી પડ્યા હોય એમ સરદાર સાહેબની આંખો કપાળે ચડી ગઈ.

મેં સરદાર સાહેબનો હાથ પકડીને કહ્યું, 'આવો, તુરિયાને મોઢે જ એ બધી વાત સંભળાવું. તુરિયા તમારી રાહ જોઈને જ બેઠી છે.'


શંકાશીલ દશામાં સરદાર મારી પાછળપાછળ આવ્યા. તુરિયા એમને આવતા જોઈને ઊભી થઈ ગઈ ને હસતીહસતી બોલી, 'કેદી, પેલું ગીત ફરી ગાઓ!' આ સાંભળીને હું અને સરદાર પણ હસી પડ્યા.

સરદાર સાહેબને બેસાડીને મેં બધી વાત માંડીને કહી. સાંભળીને સરદારે મને કહ્યું, 'નાજિર, હું તમારી પાસે તુરિયાનો હાથ માંગું છું: મને આપશો?' મેં હસીને કહ્યું, 'પણ તમે હિંદુ અને અમે તો મુસલમાન!' સરદાર સાહેબે પણ હસીને જવાબ વાળ્યો, 'પલટનવાળાઓની કોઈ જાતભાત હોતી જ નથી.'

પણ તુરિયા ગંભીર થઈ હતી. તેણે તરત કહ્યું, 'સરદાર સાહેબ, હું તમારી સાથે નિકાહ તો નહિ કરું, પણ તમારાં બચ્ચાં મને સોંપશો તો હું તેમની મા બનીશ.' હસતાંહસતાં સરદાર ચાલ્યા ગયા.

એ જ દિવસે સમીસાંજે સરદાર સાહેબ, તુરિયા અને બીજા પલટનીઓની સાથે જઈને મેં મારા બાપની લાશને દફનાવી. સૂરજ અનંતતામાં ડૂબતો હતો; ધીરેધીરે અંધારું ઊતરતું હતું; તુરિયા અને હું અમારા અબ્બાજાનની કબર ઉપર ફાતિહા પઢતાં હતાં.

સાપ-ઝેરી કે બિનઝેરી?



હમણાં જ 'નવજીવન'ને બહાર પાડેલા 'સાપ' વિષેના પ્રમાણભૂત પુસ્તકમાંથી આ કોઠો અહીં આપ્યો છે. સાપ જ્યારે હાથમાં આવ્યો હોય ત્યારે જ આ ભિંગડાંની પરીક્ષા થઈ શકે છે. પરંતુ દરેક સર્પદંશ વખતે સાપ હાથ ચડતો નથી. એટલે દંશના ઝેરી-બિનઝેરીપણાની પરીક્ષાના કેટલાક તાત્કાલિક ઉપાયો આ અંકના ચિત્રભાવ સાથે સૂચવ્યા છે.



માધુકરી

કદી કંટકો છે, કદી ફૂલવાડી, પરેશાન ઇન્સાન જોયા કરે છે;
સદા આંખ પોતાની રાખી ઉઘાડી, પરેશાન ઇન્સાન જોયા કરે છે.
સ્વમાની કવિ કોઈ જગના ચરણમાં! ઉમંગી ઝરણ કોઇ વેરાન રણમાં!
વસંતોનો માલિક છે કોઈ અનાડી! પરેશાન ઇન્સાન જોયા કરે છે.
તમન્ના, ઉમંગો ને અરમાન ચૂપ છે: હૃદયતલનાં બેચેન તોફાન ચુપ છે,
જીવનને કિનારા રહ્યા બૂમ પાડી; પરેશાન ઇન્સાન જોયા કરે છે.
(ઊર્મિ) —શેખાદમ આબુવાલા

ભૂચર મોરી

પુરાણપ્રસિદ્ધ સમરાંગણુ તરીકે યાદગાર બનેલું પ્રભાસ, જ્યાં શ્રી કૃષ્ણનો દેહવિલય થયો અને યાદવ રાજ્ય નામશેષ બન્યું તે સિવાય સૌરાષ્ટ્રમાં મૌર્ય અને ગુપ્ત તથા ક્ષત્રપ અને વલ્લભીકાળમાં ક્યાં ક્યાં યુદ્ધો થયાં તે જાણવા માટે કોઈ પણ વિગત કે માહિતી મળતી નથી. અનેક રાજ્યો અને અનેક વિખવાદો. એટલે સૌરાષ્ટ્રમાં લડાઇઓ અને ધીંગાણાં તો થયાં જ કરતાં, પરન્તુ છેલ્લાં ૧૦૦૦ વર્ષમાં સૌરાષ્ટ્રે જે બે યુદ્ધો જોયાં તેની અસર તો સૌરાષ્ટ્રના ઇતિહાસ ઉપર કાયમ માટે રહી ગઈ છે. આમાં પ્રથમ છે ઈ. સ. ૧૦૨૫માં મહમદ ગઝની સામે થએલું સોમનાથનું યુદ્ધ. સોમનાથનું યુદ્ધ એ સૌરાષ્ટ્રની તવારીખમાં એક ભીષણ ધાર્મિક યુદ્ધ ગણાય છે. સોમનાથના રક્ષણુ માટે જૂનાગઢના ચૂડાસમા રાજાએ મદદ ન કરી અને છેક અણહિલપુરથી ભીમદેવને લડવા આવવું પડ્યું તે રજપૂતોના ત્યારના આંતરકલહની કલંકકથા કહી જાય છે. સોમનાથના એ રક્ષણમાં સૌરાષ્ટ્રની આમ પ્રજાએ પણ ઠીકઠીક ભાગ લીધો હતો, એ વાત સોમનાથના પતન પછી દરિયાકાંઠેથી શબો ઉપરથી મળેલી દોઢ મણ જેટલી જનોઈઓની દંતકથા ઉપરથી માલૂમ પડે છે. સોમનાથનો પરાજય માત્ર સૌરાષ્ટ્ર પૂરતો જ ન હતો, એ તો સમગ્ર હિંદુ ધર્મ અને તેની સંસ્કૃતિ ઉપર પડેલો જબ્બર ફટકો હતો, જેના પ્રત્યાઘાતો સૈકડો વર્ષો સુધી હિંદમાં બૂંસાયા નહિ. આ પછી લગભગ ૫૭૫ વર્ષો બાદ બનેલો એના જેવો જ બીજો પ્રસંગ ભૂચર મોરીના યુદ્ધનો છે. પરંતુ આ યુદ્ધ ધર્મ ખાતર લડાયેલું નહિ પણ રાજકીય યુદ્ધ હતું, અને તેની અસર સૌરાષ્ટ્ર પૂરતી મર્યાદિત રહેલી છે. આ એક જ એવું યુદ્ધ હતું જેમાં સૌરાષ્ટ્રવાસીઓ કોમના ભેદ ભૂલી સાથે મળીને સામાન્ય શત્રુ સામે લડવા તૈયાર થયા.

'ભૂચર મોરી'એ શબ્દ સૌરાષ્ટ્રના આજના કોઈ વિદ્યાર્થી કે યુવાન પાસે મૂકીએ તો એ કોઈ નદી કે ગામનું નામ હશે તેવું અજ્ઞાન તે દાખવે! કદાચ અમેરિકા કે આફ્રિકામાં આવેલું કોઈ અજ્ઞાત સ્થળ હશે તેવો વિકલ્પ પણ કરે!

'ભૂચર મોરી'એ તો મૂળ નામ છે એક 'ભૂચર' નામના માણસનું; અને 'મોરી' તેની શાખ હતી. ઓખામંડળના એ રજપૂત માલધારી હતા અને લાંબો વખત તે સ્થળે રહ્યા એટલે પરિણામે 'ભૂચર મોરીના ટીંબા' તરીકે તે સ્થળ જાણીતું થયું. વખત જતાં તો જડ અને ચેતન વચ્ચેનો ભેદભાવ દૂર થયો અને એ સ્થળ જ ભૂચર મોરી તરીકે જાણીતું થયું. રાજકોટથી ઉત્તરમાં ૩૨ માઈલ દૂર આવેલા ધ્રોળ ગામથી જોડિયાની સડકે જતાં બે માઈલ દૂર જેટલે પશ્ચિમમાં એક વેરાન સ્થળે બે ત્રણ દેરીઓવાળું એક જર્જરિત મકાન દેખાય છે. પાંચપાંચ માઈલના પડથારમાં પથરાએલું એ નિર્જન મેદાન જાણે કુદરતે જ કોઈ ભવ્ય કબ્રસ્તાન બનાવ્યું હોય તેવું જઇને ઊભા રહેતાં જ લાગે છે. અગ્નિ ખૂણે ધ્રોળનાં મકાનો સિવાય તથા ઉત્તર અને પશ્ચિમમાં ક્ષિતિજ સિવાય કશું દેખાતું નથી. આજે લગભગ સાડા ત્રણ સો વર્ષે પણ આ સ્થળે ઊભા રહો એટલે અહીં ખેલાએલા માનવસંહારની ભીષણ લીલાના પડછંદા ભેંકાર બનેલી દિશાઓમાં હજુ સુધી પછડાતા હોય તેવો ભાસ થાય છે. યુદ્ધમાં ઝંપલાવેલા મીંઢોળબંધા અજા જામના કોશના હુતાશનની અગ્નિશિખાઓ હજુ યે જાણે પ્રજ્વલિત હોય તેમ લાગે છે. સૌરાષ્ટ્રના પ્રાચીન ખમીરની પ્રતિકૃતિ સમા વૃદ્ધ જેસા વજીર, ભાણુજી દલ અને ડાહ્યા

[માસમાસનાં પંખી]
૧૦૦
પચનક:
કાજી લટોરો



પચનક જેવો સુંદર લટોરો લટોરાના કુળમાં એકે નથી. બીજા લટોરા કરતાં એ ત્રણેક ઇંચ નાનો—એટલેકે સાતેક ઇંચનો હોય છે. કપાળથી આંખો પર થઇ ડોકની બાજુઓ સુધી જતો કાળો પટ્ટો એ એની ઓળખ. ઉપર આસમાની મોતીઓ રંગ, પીઠ રતૂમડી ભૂરી, ઢીંઢુ સફેદ, પાંખો કિનારી તરફ કાળી, પણ વચ્ચે ધોળો પટ્ટો. પૂછડી ચડઊતર, જરા લાંબી, ઝાંખી કાળી ને કોરે સફેદ. દાઢીથી પૂછડી સુધી પેટાળ સફેદ. છાતી-પડખાં પર પીળું ધોવાણ. ચાંચ અનેપગ કાળાં. આંખ ઘેરી તપખીરી. આમ એની પચરંગી ઘાટીલી કાયા, નેલટુડા મીઠીબોલી બહુશોભામણાં છે.

ઉઘાડી હરિયાળીનું એ વાસી પોતાના વસવાટવાળા ભાગમાં તો બીજાને આવવા જ દેતું નથી. મોટા ઝાડની ડાળે, છોડ પર કે તાર પર બેસી એ જમીન પર નજર રાખી શિકાર શોધતું રહે છે. અને તીડ, જીવડું, કે ગરોળી જેવું કંઇક નજરે પડતાં જ તેના પર તૂટી પડી ત્યાંને ત્યાં જમીન પર જ આરોગી લે છે. કર્કશ અને મીઠો બંને જાતના અવાજ કાઢવા સાથે એ ગાયે ખરું. સંવનનકાળે પૂછડી ઊંચી કરી, ડોક લંબાવી ઠેકડો મારતો ધીરેધીરે નર માદાની નજીક સરતો જઈ તેને રીઝવવા આડું જોઇને હળવું હળવું ગાય છે.

ફાગણથી ભાદરવામાં જમીનથી છ થી દસ ફૂટ ઊંચે સુંવાળા ઘાસ, પીછાં ને કૂણી ડાંખળી ને કરોળિયાનાં જાળાંથી ગૂંથેલો, અંદરથી ખૂબ મુલાયમ એવો પ્યાલા ઘાટનો માળો કરી, તેમાં ચારથી છ સહેજ ચળકતાં ને ક્યારેક આછી લાલ ઝાંયવાળાં, છાંટાણાંદાર ઈંડાં મૂકે છે.


આ અંકે આ 'પક્ષીશતક' પૂરું થાય છે. અહીં હવે નવી માળા શરૂ થશે; જોતા રહેજો.

લાડકનો પુરુષાર્થ હજુ યે ધૂળની ડમરીઓની જેમ વંટોળ મારતો દેખાય છે. ગિરનારના કોઈ અણનમ શિખર જેવા નાગડાનો હુતાત્મા હજુ યે માનવ-પ્રગલ્ભતા ઉપર અટ્ટહાસ્ય કરતો સંભળાય છે. સૌરાષ્ટ્રની સલામતી અને મહેમાનગતી ખાતર મરણિયા બનેલા સૌરાષ્ટ્રના હજારો યોદ્ધાઓની પ્રેતવાસનાઓ નિર્જન દિશાઓને હજુ સુધી ભરખી ખાતી હોય તેવું લાગે છે. સૌરાષ્ટ્રના શૂરા સુડતાલીસ હજાર સૈનિકોની તલવારના વીજળી જેવા ઝબકારા, યુદ્ધે ચડેલા નાગડા બાવાની જમાતના ચીપિયાઓના ખણખણાટ, બૂંગિયા ઢોલની ધ્રાંસ તથા મરણિયા હોંકારાવચ્ચે જાણે યુદ્ધ ફરી શરૂ થતું હોય તેમ આજે પણ લાગે છે.

આ એ ધરતી છે, જ્યાં સૌરાષ્ટ્રવાસીઓએ મુઘલ સલ્તનત સામે છેલ્લો સામનો કર્યો. આ એ ધરતી છે કે જ્યાં સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય-સંરક્ષણ માટે છેલ્લું યુદ્ધ ખેલાયું. સૌરાષ્ટ્રના આ માનવ-અગ્નિ-કુંડમાં જોકે આજે ધીખતા તિખારા રહ્યા નથી, પણ હજુ યે લાગ્યા કરે છે કે આંહીં કોઈએ ટાઢી ઠારી નથી. કાળા ઉનાળાનાં ઝાંઝવાં વચ્ચે કે ઠંડીનાં મોજાં વચ્ચે, કે ચોમાસાનાં ચોધાર પાણી વચ્ચે આ સ્થળની સ્મશાનવત્ શાંતિ જોઈએ છીએ ત્યારે લાગે કે પ્રકૃતિએ જાણે નિર્જનતાનું કલેવર અહીંથીજ ઘડયું હોય! સૌરાષ્ટ્રવાસીઓના લોહીમાં ખરડાએલ ત્યાંની રજ અને પથ્થરે પથ્થર અવિરત સૂસવતા વાયરા વચ્ચે વણેલ કચ્ચરઘાણની કારમી કથા કહ્યાં કરતાં હોય તેવું પ્રથમ દષ્ટિએ લાગ્યા વગર રહે જ નહિ. આજે આ સ્થળ ઉપર ત્રણ દેરીઓ છે, જેની આજુબાજુ એક જર્જરિત ચંડીબંધ મકાન છે. એનાં નળિયાંના તો નીચે પડીને ઢગલા થયા છે. એક દેરીમાં આશાપુરાનું મંદિર છે. પાસેના મકાનમાં એક દેરી છે જેમાં આ યુદ્ધનાં ચિતરણો થયાં છે. પાસે ઓટલા ઉપર બે ખાંભીઓ છે, જેમાં એક અજોજીની છે અને બીજી તેની પાછળ સતી થએલી રાણીની છે. દેરી પાસે નાગડા વજીરની ખાંભી છે. દેરી બહારના પાળિયા નાગા બાવાઓ જે સતાજીના લશ્કરમાં ભળ્યા હતા અને ખૂબ બહાદુરીથી લડયા તેના છે. આ દેરીઓથી દક્ષિણ તરફ થોડે દૂર ઝાડની છાયામાં સાત કબરો છે, જે માર્યા ગએલા મુઘલ સરદારોની છે. આમ આ એક જ સ્થળ છે, જ્યાં જીતનાર અને હારનાર બધા સાથે જ સૂતા છે.

ભૂચર મોરીનું યુદ્ધ થવાનાં ઐતિહાસિક કારણો જાણતાં પહેલાં એ વખતના ઐતિહાસિક પ્રસંગો જાણવાની જરૂર છે. ભૂચર મોરીનું યુદ્ધ ઇ. ૧૫૯૧ના શ્રાવણ માસમાં ભરચોમાસે થયું હતું. એ વખતે દિલ્હીના બાદશાહ અકબરના વિજયોની બોલબાલા હિંદભરમાં બોલાતી હતી. સૌરાષ્ટ્ર, કે જેને મુસલમાનો સોરઠ કહેતા એ હજુ મોગલ આધિપત્ય હેઠળ આવ્યું ન હતું. સૌરાષ્ટ્રમાં એ વખતની જાણીતી વ્યક્તિઓમાં જામનગરના જામ સતાજીનું નામ મોખરે હતું. એ જામ રાવળની ત્રીજી પેઢીએ થએલા જામસાહેબ હતા. જામનગરનો જામશાહી સિક્કો 'કોરી' પાડવાનો હક્ક મુઝફ્ફર ત્રીજા પાસેથી એ જામ સતાજીએ મેળવેલો. જૂનાગઢના ચૂડાસમાઓ તો રા' માંડલિક પછી ઇ. સ. ૧૪૭૦માં લગભગ અસ્ત થઈ ગયેલા. જામ બામણિયાને હાથે ચૌદમી શતાબ્દીમાં ધૂમલીનો નાશ થયા પછી પોરબંદરના જેઠવાનું વર્ચસ્વ પણ ઘટી ગયું હતું. જામ રાવળે ઇ. ૧૫૩૯માં જામનગરની સ્થાપના કર્યા બાદ જામનગરના જાડેજાઓની સત્તા ઉત્તરોત્તર વધવા માંડી. જામ સતાજીએ અને તેના બહાદુર વજીર જેસા લાડકે જામનગરની સત્તાની જમાવટ કરવામાં સારો હિસ્સો આપેલો. એ પછી બીજે નંબરે આવતી હતી જૂનાગઢના ઘોરીઓની સત્તા. અમદાવાદમાં એ વખતે ઇત્તેમાદખાનનું નામ સુલ્તાન બનાવનારા તરીકે નામીચું થયું હતું. અમદાવાદના સરદારોએ મુઝફ્ફર ત્રીજાને ગુજરાતની ગાદીએ બેસાડી ગુજરાતના ભાગલા પાડી ગુજરાત વહેંચી લીધું. આ ભાગલામાં સોરઠનું રાજ્ય તાતારખાન ઘોરીને મળ્યું. તાતારખાન પછી તેનો પુત્ર અમીનખાન ઘોરી જૂનાગઢની ગાદીએ આવ્યો. ગુજરાતમાં પ્રવર્તી રહેલી આ અંધાધૂંધીનો અંત આણવા અકબરે ગુજરાત પર ચડાઇ કરી અને મુઝફ્ફર ત્રીજાને હરાવી ગુજરાતના સૂબા તરીકે ઈ. ૧૫૭૭માં શાહબુદ્દીન અહમદખાનને નીમ્યો. એ શાહબુદ્દીને આવીને, જૂનાગઢનો અમીનખાન કે જે અકબર બાદશાહની સત્તાને કબૂલ કરતો નહોતો, તેને નમાવવા પોતાના ભત્રીજા મીરઝાખાનને મોટું મુઘલ લશ્કર લઈ જૂનાગઢ પર મોકલ્યો. અમીનખાને સતાજીની મદદ માગી અને જેસા વજીર તથા કુંવર અજોજીની નેતાગીરી નીચે જામ સતાજીના લશ્કરે મુઘલ લશ્કરને જૂનાગઢમાં શિકસ્ત આપી. જામ સતાજીએ કરેલી આ મદદ માટે અમીનખાને જોધપુર, ચૂર અને ભોદના ત્રણ ટપ્પા સતાજીને આપ્યા હતા. આમ જામ સતાજીની સૌરાષ્ટ્રમાં આ વખતે હાક વાગતી હતી.

આ વખતે ગુજરાતનો છેલ્લો સુલતાન મુઝફ્ફર ત્રીજો જે ૧૫૮૩માં અકબરનો કેદી થયો હતો, તે આગ્રાના કિલ્લામાંથી ભાગી છૂટયો અને રાજપીપળા તથા ઇડર વગેરે સ્થળોએ જઇ તોફાન મચાવવા લાગ્યો. એ મુઝફ્ફર ત્રીજાને સૌરાષ્ટ્રમાં એક ભાઈબંધ હતો, તે ખેરડીનો લોમો ખુમાણ. ખેરડી એ રાજકોટથી આઠ માઇલ દૂર આવેલા કુવાડવા પાસે એક નાનું ગામડું છે. પણ એ વખતે લોમા ખુમાણની સૌરાષ્ટ્રમાં બોલબાલા હતી, કારણ કે એકી અવાજે પંદર-વીસ હજાર જેટલા કાઠીઓનું લશ્કર તે ભેગું કરી શકતો, તેમજ જૂનાગઢના અમીનખાન ઘોરી, તેના પુત્ર દોલતખાન તથા જામ સતાજીનો પણ તે મિત્ર



સૌરાષ્ટ્રમાં ધ્રોળથી લોડિયાની સડકે જતાં નિર્જન એકાંતમાં આવેલું ભૂચર મોરીનું રણમેદાન, જ્યાં સૌરાષ્ટ્રવાસીઓ કોમકોમના ભેદભાવ ભૂલી સાથે મળીને એક સામાન્ય શત્રુ સામે લડયા હતા.

હતો.આમ,લોમો ખુમાણ મુઝફ્ફરને સૌરાષ્ટ્રમાં પ્રથમ આશ્રય આપતો ને બાદશાહનાં માણસો આવે એટલે તે મુઝફ્ફરને કાં તો જૂનાગઢના ચોરી મારફત ગિરનારનાં જંગલમાં યા તો સતાજી મારફત બરડામાં મોકલી દેતો. ઇ. ૧૫૯૦માં મુઝફ્ફર ફરી પાછો સૌરાષ્ટ્રમાં લોમાને ત્યાં આવ્યો. અકબરે આ વખતે ગુજરાતના તે વખતના સૂબા મિરઝા કોકલતાષને કહેવડાવ્યું કે મુઝફ્ફરને કોઈ પણ હિસાબે જીવતો પકડી લાવો. મિરઝાએ લોમાને કહેવડાવ્યું કે મુઝફ્ફરને સોંપી દો. પણ લોમાએ મુઝફ્ફરને જામ સતાજીના આશ્રય નીચે મોકલી દીધો હતો. એટલે કોકલતાષે મુઝફ્ફરને સોંપી દેવાનું સતાજીને કહેણ મોકલ્યું, સતાજીએ ના પાડી અને કહેવડાવ્યું કે શરણે આવેલને કોઇ દિવસ સોંપી શકાય નહિ. બસ આ કારણે ભૂચર મોરીનું યુદ્ધ થયું.

મિરઝાં કોકલતાષ વિરમગામ થઈ મોરબી આવ્યો અને ત્યાંથી ધ્રોળ તરફ જઈ જામનગર ઉપર ચડાઈ લઈ જવા નીકળ્યો. સામેથી સતાજીનું લશ્કર મુઘલ સૈન્યનો સામનો કરવા આમરણ થઈ ચકાવાનો વ્યૂહ રચવા માંડ્યું. સતાજીની કુમકે લોમો ખુમાણ દસ હજાર કાઠીઓ લઇને આવ્યો હતો. દોલતખાન ઘોરીએ પંદર હજારનું સૈન્ય મોકલ્યું હતું અને કચ્છના રાવ ભારાએ પાંચ હજાર સૈનિકો મોકલ્યા હતા. ઉપરાંત સતાજી પાસે સત્તર હજારનું લશ્કર હતું. આમ કુલ સુડતાલીસ હજાર સૈનિકો મુઘલ સૈન્યનો સામનો કરવા જતા હતા, ત્યારે દ્વારકાથી નાગડા બાવાઓની જમાત પાછી ફરતી હતી તેણે પણ આ યુદ્ધમાં ભાગ લેવા માગણી કરતાં તેઓ પણ યુદ્ધમાં ભળ્યા. યુદ્ધનો વખત બરાબર શ્રાવણ માસનો એટલે ભરચોમાસાનો હતો. બાદશાહનું લશ્કર મોરબીથી નીકળી હડિયાણા પાસે થઈ ધ્રોળ નજીક આવ્યું ત્યારે ભૂચર મોરીના મેદાનમાં બન્ને કટકો ભેગાં થઈ ગયાં.

આ વખતે મુઘલોનું સૈન્ય પણ જંગી હતું. અને બધાને પહોંચી શકે તેવાં સંગીન સાધનોવાળું હતું. પરંતુ ભરચોમાસાના કાદવકીચડથી તથા કોઇ સ્થાનિક માણસોએ અનાજ ન આપતાં અનાજ-તંગીથી આખું યે લશ્કર તંગ બની ગયું હતું. આમ કદાચ આ બીજી વાર પણ મુઘલ સૈન્યને સૌરાષ્ટ્રમાં શિકસ્ત મળત. પણ લોમો ખુમાણ અને દોલતખાન છેવટે ખૂટી ગયા અને લડાઈ વખતે આગલી હરોળમાં રહેલાં તેનાં લશ્કરો ભાગવા માંડ્યાં અને સતાજીના લશ્કરને પગ ફેરવવો ભારે પડ્યો. સાંજના સતાજી હાથી ઉપરથી ઊતરી ઘોડેસ્વાર થયા. પણ બાજી હાથથી સરકી જતી લાગી ત્યારે સાંજે સતાજી તથા મુઝફ્ફર જામનગર પાછા ફર્યા અને જેસા વજીરે યુદ્ધ ચાલુ રાખ્યું. સતાજીના પાટવી કુંવર અજોજી તાજેતરમાં ફરી વાર પરણ્યા હતા એટલે તે યુદ્ધમાં ગયા ન હતા, પણ પિતાજી યુદ્ધ છોડી પાછા આવતાં એ મીંઢોળબંધો ક્ષત્રિય સાંખી ન શક્યો નહિ એટલે મારતે ઘોડે તે ધ્રોળ પહોંચ્યો અને યુદ્ધમાં ઝંપલાવ્યું. ઘડીભર તો અજોજીના શૌર્યથી સતાજીના લશ્કરમાં નવા પ્રાણ પુરાયા અને મુઘલ સૈન્યનો સોથ વળવા માંડ્યો. ચુનંદા મુઘલ સૈનિકો માથાં મૂકીને લડવા લાગ્યા અને વધુ સંખ્યા તથા વધુ દારૂગોળાને પરિણામે તથા લોમો તેમજ દોલતખાનની ખૂંટામણથી સતાજીનું લશ્કર હારમાં આવી ગયું. અજોજી છેવટ સુધી લડ્યા અને ખાનખાનાના હાથીની અંબાડી ઉપર તૂટી પડ્યા ત્યારે તેની કતલ થઈ.

અજોજી ઉપરાંત જેસો વજીર, ભાણ દલ, નાગડો વજીર, ડાહ્યો લાડક, મહેરામણજી વગેરે મરાયા અને સતાજીનું લશ્કર છિન્નભિન્ન થઇ ગયું. આ યુદ્ધમાં બન્ને પક્ષે મરેલાની સંખ્યા લગભગ ચાલીસ હજારની થયાનું અને શબોના પર્વતો ખડકાયા હોવાનું કહેવાય છે. મિરઝાં અઝીઝ કોકલતાષે પછી જામનગર પણ લૂટ્યું અને તેનું નામ ઇસ્લામાબાદ રાખ્યું. આમ આ યુદ્ધ પછી સૌરાષ્ટ્ર સંપૂર્ણ રીતે મુઘલ આધિપત્ય નીચે આવી પડયું.

મુઝફ્ફરને સોંપવામાં સતાજીને વાંધો કાંઈ નહોતો, પણ પ્રાચીન સૌરાષ્ટ્રનો એ ક્ષત્રીવટ હતો કે શરણાગત તરીકે આવેલો ગમે તે હોય. —હિન્દુ હોય કે મુસ્લિમ, પણ તેને રક્ષણ આપવું જ જોઇએ. એક







ઉપર: મીંઢોળબંધા જુવાનજોધ અજા જામ તથા તેની સતી થએલી રાણીના પાળિયાનું મંદિર, જેની નીચેના ભાગમાં નાગડા વજીરના પાળિયા સાથે અન્ય પાળિયા દેખાય છે; વચ્ચે: પાળિયાનું મથક; નીચે: એક સામાન્ય શત્રુ-અકબરના મુઘલ સૈન્ય સામે લડેલા સૌરાષ્ટ્રના હિંદુ-મુસ્લિમોનું ઐક્ય દર્શાવતા ભૂચર મોરીના સ્થાનમાંના પાળિયા અને કબરો. (ફોટો: સૌરાષ્ટ્ર સરકારના માહિતી અને પ્રકાશન ખાતાના સૌજન્યથી)

મુસ્લિમ આશ્રિતને આશ્રય આપવા ખાતર આખું યે સૌરાષ્ટ્ર રણે ચડ્યું. આશ્ચર્ય તો એ કે જૂનાગઢનો દોલતખાન મુસ્લિમ હોવા છતાં દગો કરી નાસી ગયો અને જામનગરના હિંદુ જામ સતાજીએ મહેમાનને માટે પોતાનું રાજ્ય તથા જુવાનજોધ નવપરિણીત પાટવી કુંવરનું બલિદાન આપ્યું. સૌરાષ્ટ્રનું સાચું ખમીર બતાવનાર મીંઢોળબંધા અજોજી, અડીખમ વજીર જેસો લાડક, તેનો પોલાદી પુત્ર નાગડો અને નાગડા બાવાની જમાતે બતાવેલ શૌર્યની કથા આજે ધ્રોળના સીમાડે એક નિર્જન ખૂણે ઊભેલા અબોલ પાળિયાઓ કહી રહ્યા છે. ત્યાં નથી ચણાવ્યા કોઇએ કીર્તિસ્થંભો, ત્યાં નથી કર્યાં કોઇએ શૌર્યસ્મારકો. આજે તો આ શૌર્ય-કથા, ભેંકાર ભૂચર મોરીમાં, કારમા કાળના અનંત વહેણ અને માનવ-વિસ્મૃતિ વચ્ચે, પાળિયા નીચે લખેલા માત્ર નીચેના ત્રણ દુહામાં પૂરી થાય છે:

> સંવત સોળ અડતાલિસે સાત્રણ માસ ઉદાર,
> જામ અજો સુરપુર ગયા વદ સાતમ બુધવાર.
> જેસો, ડાયો, નાગડો, મેરામણ, દલ ભાણ,
> અજમલ ભેળા આવટે પાંચે જોધ પ્રમાણ.
> આજમ કોકો મારિયા સૂબા મન સાઇ,
> દળ કેતાં ગારદ કરે રણ ધણ રચાઈ.

(સૌરાષ્ટ્ર) —હરકાન્ત શુક્લ

પોલીસ ખાતું

એક દિવસ એક પોલીસ ઇન્સ્પેક્ટરે પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પાસે આવીને કહ્યું: 'હું એક પોલીસ ઇન્સ્પેક્ટર છું. એક કેસમાં હું સાવ નિર્દોષપણે સંડોવાયો છું અને તેમાંથી છૂટવા માટે મારે એક બૅરિસ્ટર રોકવાની ખાસ જરૂર ઊભી થઈ છે, પરંતુ એ ફીના સાત સો રૂપિયા માગે છે. જો આપ તેટલા રૂપિયા મને આપો તો આપનો મોટો ઉપકાર. આપના બધા જ રૂપિયા હું સાત દિવસમાં પાછા આપી દઈશ.'

પંડિત ઈશ્વરચંદ્ર માત્ર 'વિદ્યાસાગર' નહોતા, પરંતુ સાથેસાથે 'દયાસાગર' પણ હતા. તેમને પેલા માણસ પર દયા આવી અને પોતાની પાસે સાત સો રૂપિયા જેટલી મોટી રકમ નહોતી તો પણ આમતેમથી એકઠી કરી એટલી રકમ પેલા પોલીસ ઇન્સ્પેક્ટરને આપી.

ઇન્સ્પેક્ટર પંડિતજીનો ખૂબ ખૂબ ઉપકાર માનતો એ રકમ લઈ, ત્યાંથી ચાલતો થયો.

બરાબર સાતમા દિવસે તે પંડિતજી પાસે આવીને ઊભા રહ્યા અને પોતાના વચન પ્રમાણે-સાત સો યે સાત સો રૂપિયાની રકમ પંડિતજીના હાથમાં મૂકી સલામ કરીને ઊભો રહ્યો.

આ વખતે પંડિતજીના ચહેરા ઉપર વિસ્મય અને ખેદની રેખાઓ એકસાથે પ્રગટ થઈ. પોતાની પ્રેમાળ પરંતુ કરડી નજર ઇન્સ્પેક્ટર પર નાખતાં પંડિતજી બોલ્યા: 'ભાઈ, તમે ખરા છો! છેવટ મને છેતર્યા વગર ન રહ્યા! મારી આગળ પણ ખોટું બોલ્યા વગર ન ચાલ્યું?'

પંડિતજીના આવા શબ્દોથી ઇન્સ્પેક્ટરને આશ્ચર્ય થયું. ઓશિયાળો બનતાં તેણે પંડિતજીને કહ્યું: 'પંડિતજી, આપ આ શું બોલો છો? મેં આપને છેતર્યા?'

પંડિતજી બોલ્યા: 'હું સાચું જ કહું છું. તમે પોલીસ-ખાતામાં છો એવું ખોટું મને શા માટે કહ્યું?'

'પંડિતજી, હું સાચું જ કહું છું. હું પોલીસ-ખાતામાં જ નોકરી કરું છું.' ઇન્સ્પેક્ટરે પોતાની સત્યતા પર ભાર મૂકતાં જણાવ્યું.

પંડિતજી બોલ્યા: 'ના ભાઇ, ના! તદ્દન ખોટી વાત! તમે પોલીસ-ખાતામાં છો એ વાત હું હરગીજ ન માનું. પોલીસ-ખાતાને હું સારી પેઠે ઓળખું છું. કોઈની આપેલી રકમ મુદ્દતસર પાછી આપી જાય તેવો શાહુકાર સજ્જન પોલીસ-ખાતામાં નોકરી કરે છે તેવી વાત એક નાનું છોકરું પણ ન માને. અને તમે કહો છો કે હું પોલીસ-ઇન્સ્પેક્ટર છું. સાવ ખોટી વાત!'

પીજનાં ચપ્પાં

ખેડા જિલ્લામાં નડિયાદથી પશ્ચિમે પાંચ માઈલ પર આવેલું પીજ ગામ ખાસ કરીને તેનાં ચપ્પાંના ઉદ્યોગ માટે જાણીતું છે. આ ચપ્પ ચરોતરમાંના દરેક ઘરમાં જાણીતાં છે. અમદાવાદ, મુંબાઈ અને આફ્રિકામાં વસતા લોકો પણ આ મજબૂત અને ટકાઉ ચપ્પાં લઈ જાય છે.

પીજમાં ચપ્પાં બનાવવાનો ઉદ્યોગ લગભગ છેલ્લાં ચાલીસ વર્ષથી ચાલે છે. હાલ ગામમાં ચપ્પાં બનાવતા લુહારનાં અગિયાર ઘર છે, જેમાં કુલ વીસ કારીગર છે. મોટામાં મોટો કારીગર સાઠ વર્ષથી પણ વધુ ઉમરનો છે. બાળકોને તો નાનપણથી જ આ કળા શીખવાય છે. રોજનાં લગભગ પંદર ડઝન, એટલેકે રોજ નેવું થી સો રૂપિયાની કિંમતનાં ચપ્પાં બને છે. આ ચપ્પાં કારખાનાંઓમાંથી નકામા પડતા અતરડામાંથી બનાવાય છે, જે મોટે ભાગે મુંબાઈથી રૂપ રૂપિયે મણના ભાવે મંગાવાય છે. ચપ્પાંના હાથા સીસમ, પ્લાસ્ટિક, પિત્તળ અને સાબરશીંગાના બનાવાય છે. કારીગરો બધા અહીંના સ્થાનિક જ છે. કોઇ બહારગામ ગયા નથી; બહારના થોડા આવી શીખી ગયા છે ખરા. ચપ્પાં ઉપરાંત કાતર, સૂડી, છરી તથા ખેતીનાં ઓજારો પણ પીજમાં બનાવાય છે.

આ ગૃહઉદ્યોગ હાલ ધમણ, એરણ, હથોડા, સરાણ ને ડ્રિલ જેવા તળપદાં સાધનોથી ચાલે છે. વીજળી મળે તો મોટાં પ્રેસ તથા એવા બીજાં સાધનોથી આ ઉદ્યોગને વિકસાવીને વિદેશથી યે સારાં ચપ્પાં અહીં જરૂર બનાવી શકાય. પણ એ માટે સરકારની મદદની જરૂર તો પડે જ. ચરોતરનો વતની જ્યાં જ્યાં હશે ત્યાં ત્યાં ચરોતરની આ અનોખી બનાવટ લઇ ગયો જ હશે. —અરુણકુમાર પુ. પટેલ

જોડિયાં બાળકો

પ્રસુતિની અજાયબીમાંની એક જોડિયાં બાળકોનો અવતાર છે. આમ થવાનું કારણ કદીક બે બીજકણોનું ફલીકરણ હોય છે. એ એક બીજગ્રંથિના બે બીજ કણ હોય કે બે બીજગ્રંથિમાંથી એક એક બીજકણ આવેલું હોઈ શકે છે. છેલ્લા પ્રકારનાં બે બીજકણો ફલિત થવાથી ઉત્પન્ન થતાં બાળકોની જાતિ જુદી જુદી રહે છે, પણ જ્યારે એક જ બીજકણ બે શુક્ર જંતુઓથી ફલિત થાય ત્યારે અવતરતાં બાળકો એક જાતિનાં હોય છે. આ બાળકોની ઓર એક જ રહે છે, જ્યારે અગાઉ જણાવેલાં બાળકોની ઓર જુદી હોય છે. એકીસાથે ત્રણ બાળકોની ઉત્પત્તિમાં બે બીજકણમાંથી જોડિયાં અને ત્રીજા બીજકણમાંથી ત્રીજું બાળક ઉત્પન્ન થાય છે; જ્યારે ચાર બાળકોની ઉત્પત્તિમાં બે બીજકણોમાંથી દરેકમાંથી બબ્બે જોડિયાં બાળકો જન્મે છે. પાંચ બાળકોની ઉત્પત્તિમાં બે બીજકણોમાંથી બબ્બે જોડિયા અને ત્રીજા બીજકણમાંથી પાંચમું બાળક પેદા થાય છે. વધારેમાં વધારે એકીસાથે છ બાળકો અવતર્યાનો રેકૉર્ડ છે. સાધારણ રીતે જોડિયાં બાળકનો જન્મ સામાન્ય બનાવ છે દરેક દેશમાં એનું પ્રમાણ જુદું રહે છે. બ્રિટિશ ટાપુઓમાં એનું પ્રમાણ દર ૭૯ જન્મે એકનું છે. ત્રણ બાળકોનો જન્મ ક્વચિત્ બનાવ છે. ત્યાં દર છ હજાર જન્મે એનું પ્રમાણ એકનું છે. એકીસાથે ચાર બાળકોનો જન્મ તો જવલ્લે જ થાય છે. ૩,૭૧,૧૨૬ જન્મમાં એક આવો જન્મ હોય છે. પાંચીકડાનો જન્મ તો અતિશય જવલ્લે જ થાય છે. પણ અત્યાર સુધીમાં ૬૦ પાંચીકડાં બાળકો અને છ-છ જોડીયાં બાળકોના જન્મ નોંધાયા છે.

કેટલીક સ્ત્રીઓમાં જોડિયાં બાળકો અવતરવાનું જાણે કે નિર્માણ થયા જેવું રહે છે. સ્ત્રીઓને વારસાગત પ્રાપ્ત થતી આ સ્થિતિ મોટા ભાગે માતા તરફથી અને થોડા અંશે પિતા તરફથી મળે છે.

કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ,
તારો ત્યાં લગી જાણજે જ્યાં લગી શ્વાસોચ્છ્વાસ.
—દાદાભાઈ ધોળશાજી

પરદેશની સિલ્વર જ્યુબિલી ટીમની સામે પં. નેહરુની ભારતીય ટીમે છેલ્લે દિવસે પરાજયના મામલાને અણધાર્યો પલટાવીને વિજય મેળવ્યો, એથી ભારતીય ખેલાડીઓને અભિનંદવા ઊમટેલા પ્રેક્ષકોના ધસારામાં કોઈના કાંડાના પટ્ટામાંથી તૂટી પડેલી સોનાની એક કીમતી ઘડિયાળ એક તેરચૌદ વર્ષના કિશોરને હાથ આવી. જેની હશે તે શોધવા આવશે એવો નિશ્ચય કરી ઘડિયાળ લઇને તે ત્યાં જ ઊભો રહ્યો. ભારતીય ખેલાડી મુસ્તાકઅલીને મુકામે પહોંચ્યા બાદ પોતાની ઘડિયાળ ગુમાયાનું માલૂમ પડ્યું, ને આટલી મેદનીના ધસારામાં તે મળવાની લેશ પણ આશા વિના એ શોધવા આવ્યો, તો નિર્જન થઇ ગએલા એ મેદાનમાં ઘડિયાળ લઇને પેલો કિશોર અર્ધા કલાકથી યે વધુ સમય રાહ જોઇને ઊભો જ રહેલો ! રામરાજ્ય માટે કહેવત છે કે રસ્તે પડેલી ચીજ ત્રણ દિવસે પણ પાછી ત્યાંથી જ મળે.

અનેકાર્થી શબ્દ: **ક્રમ**=એક પછી એક આવે એવી વસ્તુસંકલના; હારમાળા કે શ્રેણી; ડગલું; ધારો કે રિવાજ; હુમલો અથવા આક્રમણ.

ગણિતગમ્મત

૧૨૩ એ સંખ્યા ૧, ૨, ૩ એ ત્રણ ક્રમિક અંકથી બનેલી છે, ને એ અંકો ગણિત શ્રેઢીમાં છે. હવે, એ સંખ્યાનો વર્ગ કરો એટલે ૧૨૩×૧૨૩=૧૫૧૨૯ આવશે. અને ૧૫, ૧૨ તથા ૯માં ૯, ૧૨ ને ૧૫ એ પણ (ત્રણ ત્રણ ઓછા થઇને આવતા હોઇ) ગણિત શ્રેઢીમાં છે. વળી ૯+૧૨+૧૫=૩૬ થાય છે, તે પ્રથમની સંખ્યાના અંકો ૧,૨,૩ના સરવાળાનો વર્ગ છે [એટલે કે $(૧+૨+૩)^2=૩૬$] ૩૬નું વર્ગમૂળ ૬ છે તે ૧+૨+૩ની બરાબર છે અને ૩૬ એ સંખ્યા ૧+૨+૩+૪+૫+૬+૭+૮ એમ ૧ થી ૮ સુધીની સંખ્યાના સરવાળા બરાબર છે. વળી ૯, ૧૨ ને ૧૫નો સંબંધ ભૂમિતિમાં કાટખૂણ ત્રિકોણની બાજુઓને પણ લાગુ પડે છે. 'કાટખૂણ ત્રિકોણમાં કાટખૂણો કરનારી બે બાજુઓના વર્ગોનો સરવાળો તેના કર્ણના વર્ગ બરાબર હોય છે.' ૯ અને ૧૨ એ સંખ્યા કાટખૂણો કરનારી બે બાજુઓ થાય અને ૧૫ તે કાટખૂણાની સામેની બાજુ એટલે કર્ણ થાય. જેમકે, $૯^2=૮૧$, $૧૨^2=૧૪૪$, $૧૫^2=૨૨૫$. ૮૧+૧૪૪=૨૨૫. $\therefore [૯^2+૧૨^2=૧૫^2]$ છે.

(તિલકવાડા) —મ. ના. ખત્રી

કહેવતોના અર્થ: 'માથાં મૂંડયે મડાં હળવાં ન થાય.'—આવી પડેલી કોઈ મુશ્કેલી ટાળવાનો મૂર્ખાઈભરેલો ઇલાજ બતાવનારની બાઘાઇ નિર્દેશતી આ કહેવત પાછળનો કિસ્સો એવો છે કે એક ઘણું ભારે મુડદું જોઈને ચિંતાતુર બનેલા ડાઘુઓ પર એક ચતુર પુરુષે કટાક્ષ કરતાં મુડદાની સાફ હજામત કરાવી નાખવાનું સૂચવ્યું અને તેમની સાન ઠેકાણે આણી.

બોદાર પથરી (lead litherge peroxide) ટંકણખાર, કપૂર, ગંધક અને સિંદૂર બધાંને સમભાગે લઇ કોપરેલમાં મિશ્રણ કરી બનાવેલો મલમ, ખસ થએલી હોય તે ભાગ પર કાથાની દોરડીથી સહેજ ઘસી કાઢી લગાડવાથી સાત જ દિવસમાં ખસ મટી જાય છે. રાળ (સર્જરસ), ટંકણખાર ને ગંધકના ચૂર્ણને લીંબુના રસ અગર દહીંમાં ઘૂંટી લગાડવાથી દાદર મટી જશે. (છગનભાઈ ભક્ત)

સ્થળ વિષે લોકોક્તિ:

અંજાર ગામ ને અજયપાળ ધણી,
વસતિ થોડી ને અદેખાઈ ઘણી.

કહે છે કે અંજાર ગામ અજયપાળ નામે રાજા કે તેના કુંવરે વસાવેલું, યા તેના નામ પરથી એનું નામ પડેલું. (મૂળરાજ અંજારિયા)

શું ખાશો ? કારતકે સીતાફળ, માગશરે શેરડી, પોષમાં જામફળ, માહમાં બોર, ફાગણે ધાણીચણા, ચૈત્રમાં રાયણ, વૈશાખે કેરી, જેઠમાં જાંબુ, અષાડે ખીર, શ્રાવણે પોંખ, ભાદરવે શાક ને આસોમાં મીઠાઈ. (૨૫)

આલુ ઉજાગરા, સતત પરિશ્રમ કે લાંબી મુસાફરીના થાકથી શરીરમાં બેચેની ને કળતર થતાં હોય તો બેએક ડોલ ગરમ પાણીમાં મૂઠી ચા નાખીને ઉકાળીને એ પાણી વડે નહાવાથી કળતર દૂર થઇ, થાક ઊતરી જઈ, શરીર તાજું તથા હળવું થશે.



'બા; આ જોડેવાળો બહુ ગરીબ લાગે છે.'
'કેમ, બાઇ ?'
'એમનો બાબો એક આની જ ગળી ગયો, એમાં તો એ કાઢવા મોટી ધમાલ કરી મૂકી!'

બૂટપૉલિશ કરતાં પડેલા ગમેતેવા સજ્જડ ડાઘ, હાથે પ્રથમ થોડો સાબુ લગાડી જૂના દૂધ-ઘરા વડે ઘસવાથી હાથ તેમજ નખમાંથી સહેલાઈથી નીકળશે. (રમણ દેસાઈ)



કલાકણિકા: જીવનની નાચીઝ અને નાની વસ્તુઓને પણ શણગારનાર માનવી સ્ત્રીના અલંકારના દાબડાને શણગાર્યા વિના તો શાનો રહે ? દિલચસ્પ રંગ અને નાજુક ફૂલોની ભાતનાં સુશોભનોવાળો સિંધનો લાખના રંગકામથી મંડિત લાકડાનો એવો એક દાબડો.